વર્ષ તેરમું અંક છઠ્ઠો

કુમાર

જેઠ ઓગણીસ સો બાણુ

તંત્રી · રવિશંકર રાવળ ❀ સંપાદક · બચુભાઈ રાવત

સળંગ અંક
૧૫૦



વ્રતપૂજા · ચિત્રકાર કનુ દેસાઈ

નિર્દેશ


ઓગણીસમી સદીના અંત ભાગમાં ઇંગ્લંડમાં એક શ્રદ્ધાળુ નાસ્તિક થઇ ગયો. શ્રદ્ધા એને પાદરીઓના બોધેલા ઈશ્વરમાં નહોતી, પણ સત્યનો આવિર્ભાવ કરનારી પોતાની નાસ્તિકતામાં જ હતી. લોકોએ એને હડધૂત કર્યો, એના પર જુલમ અને માર વરસ્યાં, ખુદ વડા પ્રધાન ગ્લૅડસ્ટન જેવા પણ એની પ્રવૃત્તિ દફનાવવા મથ્યા, પણ વિચાર સ્વાતંત્ર્યનો એ ઝંડાધારી અણનમ જ રહ્યો—અને અંતે એ જ ઇંગ્લંડે બુદ્ધિવાદના સંત તરીકે એને અંજલિ આપી. એ નૈષ્ઠિક કર્તવ્યપુરુષનું આ અંકમાંનું જીવન જુવાનોને ગમે એવું છે. ¶ એ જ પ્રકારના જુલમ અને માર 'કાળિયા' તરીકે દક્ષિણ આફ્રિકાના ગોરાઓ તરફથી ખમી, એવા જ અણનમ રહી, જે પોતાની વિભૂતિની જ્યોત પ્રકટાવી જગતવિભૂતિ બન્યા એ ગાંધીજીએ અંતર્મુખ બની સાધેલી પ્રગતિની, કદાચ કોઇએ નહિ કલ્પી હોય એવી ટૂંકી ને સર્વ સારગ્રાહી ક્રમવિકાસરેખા આ અંકમાં જોશો;—એમના કુમાર અને તરુણ જીવનના બે દુર્મિલ ફોટોગ્રાફો સાથે. ¶ શહેરની બે સાંકડી ગલીઓના નાકા પર અણદીઠ આવતા કોઇ આદમી જોડે આપણે એકાએક અથડાઇ જઇએ છીએ એમ જંગલમાં એક ટેકરા પર વાઘ જોડે ભેટંભેટા થઈ જવાય તો? શું થાય એની રોમાંચકતા તમને આ અંકમાંની શિકારકથા 'સામનો' કહેશે. ¶ પૃથ્વીનાં પાંચે ય તત્ત્વો વિશાળતાને વરતાં લાગે એવાં 'સાબરમતીનાં શોભન સંગમો'નો આ વખતનો પરિચય કંઇક વધુ નિકટવર્તી જણાશે ¶ એક નજીવો પ્રસંગ બની ગયો. ખોટકાઇ ગએલા વિમાનને ચાલુ કરતાં, તે હાંકનાર વિના જ ઊડી નીકળ્યું! અને પછી? એ બે-કાબુ વિમાનનું શું થાય એની કાંઇ કલ્પના આવે છે? એને હાથ કરવા મોત જોડે કરવી પડેલી શરતની ટૂંકી વાર્તા ત્રણ જ પાનાંની છે, પણ .... ¶ આ અંકમાં ત્રણેક નાના લેખો છે, પણ એ એવા નાનાવિધ અને રસસભર છે કે એક મૂકીને બીજો લેવા તમે ઉત્સુક થશો.

કુમાર

જેઠ ૧૯૯૨

અંક ૧૫૦

મુદ્રક · ખચુભાઇ રાવત; તંત્રી અને પ્રકાશક · રવિશંકર રાવળ: કુમાર પ્રિન્ટરી કુમાર કાર્યાલય ૧૪૫૪ રાયપુર અમદાવાદ; વાર્ષિક લવાજમ રૂ. ૬, પરદેશના ૧૨ શિ.; છ માસિક લવાજમ રૂ. ૩; છુટક નકલના ૧૦ આના; મુંબઇના એજન્ટો · આર.આર. શેઠની કંપની, અને સી. જમનાદાસની કંપની, પ્રિન્સેસ સ્ટ્રીટ; જાહેર ખબરના સોલ એજન્ટ રાવળ બ્રધર્સ પ્રિન્સેસ સ્ટ્રીટ.



‘શાહજહાંનું અશ્રુબિન્દુ’ આ માસની હરીફાઈમાં ત્રીજું ઈનામ મેળવનાર માધવદાસ પલેજાનું ફોટો–ચિત્ર



સરાણીઓ ચિત્રકાર · છગનલાલ જાદવ (ગૂજરાત કલાસંઘ ચિત્રશાળા)

વર્ષ ૧૩·અંક ૬ જેઠ સંવત ૧૯૯૨ · આવતી કાલનાં નાગરિકો ઘડતું માસિક

વખ

(પૃથ્વી)

મને ન વખ ઘોળવાં ફરી ફરી ગમે આ, પ્રભો!
જરીક વિષ જે ચડી ઊતરી જાય એથી વધે
મહા દરદ, ને પછી ન પ્રતિકાર એનો રહે.
મને જલદ સામટી ગરલ, પ્યાલી આપો જ કે
લગીર વણ આંચ એ ગટગટાવી ઉન્નત શિરે
ફરીશ અથવા પડીશ ધરણીતલે હું ઢળી.
ઉરે વ્રણ કરી ઝીણા સકળ રૂઝવો, ને નવા
સદાય કરતા રહો. અસહ એ દયા ના ખપે:
મને અગર ખેલવા મુજ રીતે દિયો, વા ભલે
સમગ્ર મુજ જીવને વિષમતા વલોવી રહો.
દવાનલવિષે જલાવી જળ શીત હોઠે ધરો,
કરી બદન શાંત એ ફરીથી નવ્યદાહે ભરો.
કૃપાળુ! ત્યજી ખેલ એ તરલ આશનૈરાશ્યના
મને સભર એકસાથ સઘળી નિરાશા દિયો.

રામપ્રસાદ શુક્લ



જીવનમાં આશા અને નિરાશાના જે ચંચળ તડકાછાયા આવ્યા કરે છે, એકવાર દિલને કોઈ આઘાત થાય છે, બીજી વાર વળી કોઈ રોચક પ્રસંગ બની એ રૂઝાઈ જાય છે, એમ જે સતત ઝીણુંઝીણું દુઃખ આવ્યા જ કરવાની ઘટમાળ ચાલ્યા કરે છે, એની સામે પુકાર કરતા આ આત્મલક્ષી સૉનેટમાંનું લાગણીનું તત્ત્વ સાર્વલૌકિક પણ છે. નિરાશાના ઝનૂનમાં કવિ કૃપાળુ (!) પ્રભુને કહે છે કે આમ ઝીણા ઝીણા ઘા કરવા, તેને રૂઝવવા ને ફરી નવા ઘા કરવા એવી અસહ્ય તમારી દયા નથી જોઈતી. થોડું ઝેર આપો છો, એ ઊતરી જાય એટલે ફરીથી આપો છો એથી તો અંતરનું દરદ ઊલટું વધે છે. એના કરતાં તો એકસામટી કાતિલ ઝેરની છલોછલ પ્યાલી આપો. હું એ લેશમાત્ર થડકાટ વિના ગટગટાવી જઈશ. પછી ઊંચે માથે દુનિયામાં ફરીશ યા જમીનદોસ્ત થઈશ એની પરવા નથી. પણ આશાનિરાશાનાં આ ખેલનો નથી જોઈતાં.


મારી નજરે

સીંગાપુર (૧૬-૫-૩૬)

● રોજ બ રોજ પ્રવાસ કરતી અમારી સ્ટીમર આજ સવારે આઠ વાગ્યે અહીંના બારામાં લંગર નાખી પડી છે, અને અમે જુદી જુદી મંડળી કરી સીંગાપુરમાં વસતા સ્નેહીઓનાં ઘરના એક ટંકના મહેમાન બન્યા છીએ. સમુદ્ર અને માનવીનાં સ્વરૂપ અહીં નવાં જોવામાં આવે છે. સીંગાપુર નવા જમાનાનું સંપૂર્ણ મૉડેલ લાગે છે. અહીંની સડકો અને મકાનો મુંબાઇની સફાઇ અને ભભકને ભુલાવે છે. સીંગાપુરની નજીક આવતાં પહેલી મજા તો લીલોતરીભર્યા કિનારા અને ટેકરાઓની છે, જે મુંબાઇમાં ક્યાં યે નથી. દરિયાનું પાણી અથડાતું હોય એવી બે ભેખડો કાંઠેથી જ લીલીછમ રહે છે. બંદર પરથી રસ્તા પર આવ્યા કે ચારેકોર લીલીછમ ગોંદરીઓ અને ઝાડોથી બધું રળિયામણું લાગે છે સીંગાપુરનું બારૂં એટલું વિશાળ છે કે અનેક દેશોની સ્ટીમરો લાંગરી પડેલી હોય તો યે બધું કુશાદે લાગે છે. અમે થોડો વખત બજારમાં ફર્યા તો ફૅશનેબલ તેમ જ રંગબેરંગી માલનો શુમાર ન હતો. અહીં ડૉલરનું ચલણ છે. એક ડૉલર આપણા એક રૂપિયા ને નવ આનાના ભાવનો થાય છે. ડૉલરના ભાગ સો સૅંટ અથવા દોકડાથી ગણાય છે. દરેક બંદરે ઊતરતાં ત્યાંનું ચલણ વટાવી લીધું ન હોય તો ખરીદીમાં મુશ્કેલી જ નડે. અહીં જકાત ન હોવાથી માલ ઘણો સસ્તો મળે છે. મિત્રોએ પાર્કરની પેન મુંબાઇ કરતાં સાડા આઠ રૂપિયા ઓછા ભાવે અહીં ખરીદી! રિક્ષાઓ અને મોટરબસોનો વ્યવહાર ખૂબ છે. અહીંની ટ્રામને જમીનમાં નાખેલા પાટા નથી, પણ રબરનાં પૈડાં છે; છતાં વીજળી માટે તો ઉપરના તારને દાંડો લગાડેલો રાખવો જ પડે; તોયે શહેરમાં ધારેલા માર્ગ પર જ દોડતી નજરે પડે છે. પણ સીંગાપુર વળતાં લાંબો વખત રોકાવું છે, એટલે અહીંની વિસ્તૃત માહિતી પછી લખીશ.

હૉંગકૉંગ

● ૧૯મી મેએ અમારી સ્ટીમર સાંજના ચાર વાગ્યે હૉંગકૉંગ પહોંચશે એવા ખબર મળ્યા ત્યારે સૌને ઘણો આનંદ થયો; કારણકે હૉંગકૉંગનું બંદર રાતના એક અપૂર્વ શોભા ધારણ કરે છે તે અને દુનિયાના બંદરી દેખાવમાં તેની ખાસ ગણના છે એ જોવાની તક અમને મળશે. બે વાગ્યાથી ચીનનો કિનારો એક બાજુ દેખાવા લાગ્યો અને એકાદ કલાક પછી તો ચીનાઇ જંક વહાણો દેખાવા લાગ્યાં. આ વહાણોનો આકાર બગલાએ પહોળી કરેલી પાંખો જેવો જ દૂરથી લાગે છે. હિંદુસ્તાનનાં વહાણના સઢ એક જ મોટા પટમાં હોય છે જ્યારે આ સઢની વચ્ચે વાંસડાની પાંસળીઓ નાખેલી હોવાથી બરોબર પાંખ બની રહે છે. તેને ચઢાવવા તથા ઉતારવાને માત્ર ઉપરની દોરી નીચેના ખેંચાણમાંથી ઢીલી કરે છે,—નાટકના પરદાની પેઠે જ; પણ ઊંચો ન જતાં નીચે ઘડીબંધ ભેગો થઇ પડે છે હૉંગકૉંગનો પહાડ દૂરથી જ નજર ખેંચી લે છે હૉંગકૉંગ બેટ અનેક ટાપુઓની વચ્ચે આવેલો હોવાથી તેનું બારૂં ઘણી રીતે લશ્કરી બંદોબસ્તને લાયકનું છે. પાઇલૉટ આવી જતાં ધીમેધીમે અમારી સ્ટીમર અંદર દાખલ થઈ અને પહાડની દિવાલ પર મધપૂડો બાજ્યો હોય એમ દૂરથી હૉંગકૉંગનાં ઘરો ચોંટેલાં લાગ્યાં મોટું જબરૂ વેપારી મથક ને બંદર, પછી જગ્યાના સંકોચનું પૂછવું શું? મુંબાઈના માળા જેવાં ઊંચાં મકાનોની કતારની કતાર ઉપર નીચે લાગેલી હતી. તેમાં થઇને બૅંકનું મકાન આગળ તરી આવતું હતું. પહાડ પરના એક એક ઘર પરથી આ બારાનો દેખાવ બહુ જ રળિયામણો લાગતો હશે.



ચિનાઈ વહાણ 'જંક'

બરોબર સાડા પાંચ વાગ્યે અમારી સ્ટીમરે બંદરના ડક્કા સાથે સીડી લગાવી તે પહેલાં તો પાઇલૉટ જોડે પૅસેંજરોની ટપાલ આવી ગઈ હતી. અને તે પર છેલ્લી છાપ સ્ટીમર વિક્ટોરિયાની તારીખ અને ટાઇમની હતી. તા. ૧૬મીએ ભાઇ હરિકૃષ્ણે લાડીથી એર મેઇલમાં લખેલો કાગળ મને તા. ૧૯ મીએ અહીં પહોંચ્યો. કાગળમાં તો પ્રવાસ માટે સુખસંદેશ હતો, પણ તેથી આનંદ બહુ થયો તેમજ સાથીદારોમાં પણ દેશનો કાગળ અહીં પહોંચ્યો તે ખબરની ચર્ચા થઈ પડી.

અમારૂં એક મોટું ધાડું બંદર જોવા ઊતરી પડ્યું. અહીં વળી સીંગાપુર કરતાં યે જુદું ચલણ હતું. બધે ડૉલર તો ખરા, પણ રૂપિયા સાથે ભાવ જુદોજુદો. કેવળચંદ ભાઇએ કાફલાની રાહદારી લીધી. બેત્રણ કુટુંબોનાં બૈરાં પણ સાથે હતાં એટલે ગતિ ધીરી રહેતી, પણ જાણકારભાઇઓ સાથે હોવાથી તુર્ત માર્ગ થતો. સ્ટીમરના ડક્કા પાસેથી હૉંગકૉંગ શહેરમાં જનારી ફેરી બોટો ચાલુ જ હતી. જણ દીઠ ૩૦ સૅંટની ટિકિટ હતી.

વાર વગર તે ઉપડતી અને આવતી. હૉંગકૉંગના સરિયામ રસ્તા પર જ આ ફેરીબોટો પૅસેંજરોને ઉતારે છે. ત્યાંથી ટ્રામ, ટૅક્સી કે રિક્ષા વગેરે સાધનોનો પાર નથી. સાંજ પડી હતી એટલે અમે શિખર ઉપર લઇ જનાર Peak Trainની મજા લેવા પહેલાં ઊપડ્યા. થોડું અંતર રિક્ષામાં બેસીને ગયા અને ટ્રેઇનના સ્ટેશન આગળ ઊતરી પડ્યા. સીધા ચઢાવ પર આ ટ્રેઇન લિફ્ટની માફક પણ ઢાળમાં વારાફરતી ઉપર નીચે આવજા કરે છે. ટ્રેઇન આવે કે પૅસેંજરોએ બેસી જવું જોઇએ. ચાલુ થયા પછી અથવા તેના રોકાણનો વખત થઇ જાય એટલે કોઇના માટે તે ઊભી ન જ રહે. અમારામાંના એક બે ભાઇઓ જરા આઘાપાછા ગયા તેમને બીજી વાર સુધી પાછળ રહેવું પડ્યું હતું. ટ્રેઇન એટલે મુંબાઇની ટ્રામનો એક

ડબ્બો. નીચેથી તે લિફ્ટની જેમ દોરડાંથી ખેંચાતી ઉપર જાય. વચમાં એકાદ બે સ્ટેશનો થાય અને દસેક મિનિટમાં ઉપર ઉતારે. પણ ખરી મજા એટલી ટૂંકી મુસાફરી દરમિયાન નીચેના બંદરનો દેખાવ જોવાની હતી. નાની-મોટી સ્ટીમરો, મછવાઓ અને કિનારે બાંધેલાં મકાનો તેમજ ચારે તરફ વિશાળ ઘેરાવામાં ઊભેલા પહાડો કોઇ નવી જ સૃષ્ટિ રજુ કરતાં હતાં. મુંબાઈ કરતાં અમને સીંગાપુરનું બંદર મોટું લાગ્યું અને હવે સીંગાપુરને ભુલાવતું હૉંગકૉંગ સામે પથરાયું હતું. સ્ટીમરમાંથી તો મધપૂડા જેવું લાગતું, પણ રસ્તા પર ચાલતાં અને ફરતાં જણાયું કે તેનો સુધરેલો વિસ્તાર સ્વચ્છતા અને દમામમાં મુંબાઇથી ઘણો જ આગળ છે. સાંજને વખતે અહીંની જનતા રસ્તા પર આવજા કરતી હતી તે પણ એક નવું કુતૂહલ પેદા કરતી હતી. સુકોમળ લાગતા સુધરેલા ચીના ગૃહસ્થો અને યુવાનો તેમજ યુવતીઓનાં ચપળતા અને લાલિત્ય તથા પોશાકની સ્વચ્છતા મન પર સુરસતાની છાપ પાડતાં હતાં. રિક્ષાવાળાઓ જો કે મેલાં ફાટેલાં કપડાંવાળા હતા પણ મધ્યમવર્ગ બધો ખુશખુશાલ અને તંદુરસ્ત લાગતો હતો. અમે પીક ટ્રેઇનમાં ચડયા ખરા, પણ ઉપર ગયા ત્યારે વાદળાં અને ધુમ્મસ છવાઇ જવાથી આગળ ન વધતાં જલદી પાછા ઊતરી આવ્યા. એટલું કુદરતી આવરણ ન હોત તો અમારી સાંજ એક અવર્ણનીય ઇતિહાસ બની રહેત.

નીચે ઊતરીને તરત ફેરીમાં બેસી અરધી મંડળી સ્ટીમર ભેગી થઇ ગઇ. અહીંથી ફરી હૉંગકૉંગનું પ્રખ્યાત રાત્રિચિત્ર જોયું. પહાડ પરનાં બધાં ઘરોની રોશની તેમજ બંદર પરની સ્ટીમરોના અને વચ્ચે ફરી રહેલી ફેરીઓના દીવા તથા તેનાં નાચતાં પ્રતિબિંબોથી તો એ પરીનગર લાગતું હતું. હિંદુસ્તાનમાં નૈનીતાલમાં કંઇક આને મળતું દૃશ્ય છે, પણ અહીં સાગરની વિશાળતા અને ચોમેર દીવાનો ભરચક દેખાવ, હલમચલ હિમાલયની મૂક શાંતિને મુકાબલે આ જમાનાના પ્રવૃત્તિમય બંદરને જુદી જ આંકણી પર લાવી દે છે.


કેટલાક સાથીઓએ મોટરો લઇ શહેરમાં થોડુંઘણું ભ્રમણ કરી લીધું કેટલાકે પગપાળા ચાલી આપણા ભૂલેશ્વર કે ડોંકામરડી જેવા અહીંના લત્તા પણ જોઇ લીધા. પરંતુ આપણો એક પણ બોલ કે સંજ્ઞા સમજે નહિ એવા ભાગમાં સારા ભોમીઆ વગર નીકળવું પરદેશી માટે અહીં સલામતી ભર્યું નથી. અનેક ઠગો, બદમાશો, ખોટા સિક્કા પહેરાવનારા અને ઉઠાવગીરોનો અહીં જમાવ છે એમ બધાનું કહેવું છે. મુંબાઈમાં પણ અજાણ્યાને એવો ભય નથી શું? ગીચ વસ્તી અને બંદરી બારાં બધાં એક સરખાં. પણ હૉંગકૉંગ તો બ્રિટિશનું પૂર્વસાગરમાં નાક છે અને હજારો બંદરોના વાવટા તેના બારામાં ફરકે છે. ટાપુની ચોમેર ફરતાં તેમજ ખૂણાખાંચામાં



સીંગાપુરમાં સમુદ્ર અને માનવીનાં સ્વરૂપ નવાં જ જોવામાં આવે છે

બધે ડક્કા, કારખાનાં વગેરે છે એ બધું બીજે દિવસે દસ વાગ્યે સ્ટીમર ઊપડી ત્યારે બે બાજુએ જોતાંજોતાં જવાયું. સ્ટીમરમાં સૌ બે દિવસથી શાંગહાઇમાં તરત બીજી સ્ટીમર મળશે કે નહિ એની ચિંતામાં પડયા હતા. બધાની સહીથી કૅપ્ટન પાસે એક તાર મુકાવ્યો છે તેના જવાબની રાહ જોવાય છે.

● તા. ૨૦મીની રાત્રે ફર્સ્ટ કલાસમાં સુપર ફિલ્મવાળા શ્રી કસ્તુરભાઇ શાહે 'બંબઈકી બિલ્લી' નામની ફિલ્મ બતાવી. આ બતાવવા માટે સ્ટીમર કંપનીએ પણ પોતાની ઑફિસની રજા મંગાવી હતી અને ફર્સ્ટ કલાસના ડાઇનિંગ રૂમમાં સ્ટીમરના બધા કલાસના પૅસેંજરોને આમંત્રણ આપ્યું હતું ફર્સ્ટ કલાસનો ડાઇનિંગ રૂમ કોઇ પણ સીનેમા ગૃહ જેટલો વિશાળ અને ઊંચો છે. તેની દિવાલ પર સુશોભનો, પડદા, પ્રકાશની યોજના અને બારણાં વગેરે બધું દુનિયાના શ્રીમાનોનાં મન ઠારે એવાં છે. 'મુંબાઇની બિલાડી' અમારામાંના કોઇએ જોઇ ન હતી. પહેલાં કવેટા- ધરતીકંપની ફિલ્મ બતાવી અને પછી બે રાત બે હફતાથી મુંબાઇની બિલાડીની ફિલ્મ પૂરી કરી. જ્યારે અમે જાણ્યું કે આ ફિલ્મ જાપાન અને અમેરિકા જવાની છે ત્યારે વળી આકર્ષણ વધ્યું પણ ફિલ્મ શરૂ થઈ ત્યાંથી પૂરી થતાં સુધી ભારતની કળા કે સંસ્કૃતિ અથવા ગૃહસ્થાઇ બતાવનારૂં એક પણ તત્ત્વ તેમાં ન દેખાયું. જોકે શરૂઆત ગીતાના એક શ્લોકથી થતી હતી અને સત્યનો રક્ષણહાર પ્રભુ છે એવું ફિલ્મનું બિરૂદ હતું, છતાં એ વિષે સ્પષ્ટ સૂચન અને વેગ આપતી કોઇ જ કથાસંકલના એમાં દેખાઇ નહિ. અંદરનો ડિટેક્ટિવ અને મુંબાઈની બિલાડીની ઉઠાવગીરી વખતોવખત તેની નબળાઇ અને બાલિશતા પ્રગટ કરે છે. સીમેન્ટ કૉન્ક્રીટનાં મકાનો બંધાય છે તે આ જમાનામાં મુંબાઇ હાઇકોર્ટના ભક્તિપરાયણ ન્યાયાધીશનું સ્વરૂપ સાંપ્રદાયિક નહિ પણ સૈદ્ધાંતિક પ્રભાવ પાડનારૂં હોવું જોઇએ. કથાની સાંકળો પણ બહુ નરમ અને પૂરતા સાંધા વગરની જ લાગી. છતાં ઈટાલિયન કૅપ્ટને તે પર ખૂબ ખુશી દર્શાવી અને દર મુસાફરીએ આવી ફિલ્મ સુપર ફિલ્મ તરફથી મળે તો વરસે ફર્સ્ટ કલાસનો જાપાનનો પાસ આપવાની ઇચ્છા દર્શાવી છે એવી વાત બહાર આવી હતી. હિંદી ફિલ્મ કંપનીનું સન્માન થાય તેથી દરેક હિંદી જનને ખુશી થાય, પણ પરદેશીઓ આગળ હિંદનું મામૂલી મૂલ્યાંકન થાય તે તો કોઇ પણ સુરૂચિપરાયણ સજ્જનને



પૂર્વ સાગરમાં હૉંગકૉંગ એ બ્રિટિશનું નાક છે. હજારો બંદરોના વાવટા તેના બારામાં ફરકે છે. તેનાં ઘરો તથા સ્ટીમરોની રોશનીને લીધે રાત્રે આ બંદર અપૂર્વ શોભા ધારણ કરે છે અને દુનિયાભરના બંદરી દેખાવોમાં ઉત્તમ તરીકે તેની ગણત્રી થાય છે.

પસંદ પડે નહિ. અમારા સાથીદારો એકમતે આવી ફિલ્મ જાપાન કે અમેરિકામાં રજુ કરવાની સામે વિરોધ બતાવતા હતા. મિસ મેયો જેવી લેખિકાને તો તેથી વધુ વજન મળે.

(૨૨-૫-૩૬)


● આજે શાંઘાઇનો તાર આવી ગયો. અમને કોઇ સ્ટીમર તુર્ત મળવાની નથી એમ નક્કી થયું અને અમારે બે દિવસ શાંઘાઈમાં રાહ જોવાનીજ ઠરી. કિનારે ઊતરવા જોઈતા સામાનની તારવણી થઈ ગઈ. સ્ટીમર પર થએલા ખર્ચ અને માણસોની બક્ષિસ વગેરે અમારી મંડળી તરફથી એકસાથે જ અપાઇ ગઈ.

આજ રાત્રે સ્ટીમર તરફથી એક હાસ્યપ્રધાન સરસ અમેરિકન ફિલ્મ જોઇ. સવારમાં સાત વાગ્યે સ્ટીમર શાંઘાઇ પહોંચવાની વકી હતી, પણ દસ વાગ્યે વીસ ફૂટ ઊંડા પાણીવાળી જગ્યામાં ભરાઈ પડી અને ભરતી આવતાં ત્રણ કલાકે ઊપડી શકી. એ વખતે રાત્રે જરા ચિંતા ફેલાઇ ગઇ હતી. ઉપરના તુતક ઉપર ભરી બંદુકનો પહેરો અને મશીનગન ગોઠવાઇ ગયાં હતાં, કારણકે ચીનના કાંઠાના ચાંચિયાઓનો આ બાજુ હજુ ભય છે.

શાંઘાઇ (૨૩-૫-૩૬)

● અમે સારી ઊંઘ લઇ સવારમાં ઊઠ્યા ત્યારે સ્ટીમરની ચારેકોર ગાઢું ધુમ્મસ હતું. કશું દેખાતું ન હતું પણ વેગમાં પ્રવાસ ચાલુ હતો. નહાઇધોઇને અમે પેટ ભરી નાસ્તો ઝાપટી લીધો કે વખતે કિનારે ભૂખ્યા ઊતરીએ ત્યારે પેટ પોકાર ન કરે. દસેક વાગ્યે યાંગ્ટ્સે નદીના બારાનાં ડોળાં પાણીમાં સ્ટીમર દાખલ થઇ એથી લાગે છે કે બારેક વાગ્યે કિનારે ઊતરી શકાશું

સવારમાં ઊઠ્યા તેવા જ પરવારવામાં અને સામાન બાંધવામાં રોકાઇ પડ્યા હતા. બહાર તો ધુમ્મસ હતું એટલે કેબિનમાં બેઠાંબેઠાં જ વાતો ચલાવ્યે કરી હતી. પણ ૧૧ વાગ્યાને શુમારે દરિયાનું પાણી મેલું પીળું લાગવા માંડ્યું ત્યારે તપાસ કરી તો ખબર પડી કે સ્ટીમર યાંગ્ટ્સે નદીના મુખમાં દાખલ થઇ ચૂકી હતી. હજુ કિનારો તો ક્યાંયે દેખાતો નહોતો, તો પછી આ નદીનો પટ કેટલો હશે ? લગભગ એક કલાકે કિનારો બેઉ બાજુ દેખાવા લાગ્યો અને થોડી વારે તો ખરેખરી નદીના પટમાં જતા હતા તેની ખાત્રી થઇ. કાંઠે હરિયાળાં ખેતરો દેખાવા લાગ્યાં અને ઘરો, છાપરાં, કારખાનાં આવવા લાગ્યાં એટલે વુશાંગ નામનું બારા આગળનું તે બંદર છે એમ સમજાયું. ત્યાંથી નદી મોટો વાંક લઇને શાંઘાઇ પહોંચાડે છે, એટલે હજુ દોઢ કલાક સ્ટીમર અંદર ચાલી જાય ત્યારે શાંઘાઇ આવે. પણ એટલા વખતમાં તો બંને કાંઠા પરનાં જંગી કારખાનાં અને આવતી જતી સ્ટીમરો



પહાડની દીવાલ પર મધપૂડો બાઝ્યો હોય એમ સ્ટીમરમાંથી ઘરો ઉપરાઉપર ચોંટેલાં લાગતાં હતાં. પણ અંદર જઇને રસ્તે ચાલતાં જોયું તો તેનો સુધરેલો વિસ્તાર સ્વચ્છતા અને દમામમાં મુંબાઇથી ઘણો જ આગળ લાગ્યો.

તથા ભાર ભરેલાં જંગી બારકસોથી દેખાવ ખૂબ ભરચક બની ગયો. આગલી રાત્રે શાંઘાઇની પોલીસ માટે પાસપોર્ટ અને કસ્ટમનાં ફોર્મ અમને મળ્યાં હતાં તે ભરી નાખ્યાં હતાં. સામાન બાંધી લીધો હતો અને સ્ટીમર સાવ ઊભી રહી તે પહેલાં તો બપોરનું ખાણું પણ અમે પતાવી રહ્યા હતા. સ્ટીમર ધાર્યા પ્રમાણે વહેલી આવી હોત તો આ ખાણા પર અમારો કશો હક નહોતો, પણ ખાણાના સમય પછી સ્ટીમર ઊભી રહેવાની છે એ વાત કૅપ્ટને જાણી કે તરત ખાણું તૈયાર રાખવા ઑર્ડર આપી દીધો હતો. આટલું ખાણું બહારની હૉટેલમાં લેવા ગયા હોઇએ તો જણ દીઠ ઓછામાં ઓછો બે ડૉલર ખર્ચ થાય જ, એટલે એ હિસાબે અમારો બધા ઉતારુનો ખર્ચ ગણીએ તો સ્ટીમર કંપનીએ ઘણું ખર્ચ ઓઢી લીધું કહેવાય. પણ ઉતારુ જ્યાં સુધી સ્ટીમર પર હોય ત્યાં સુધી પોતાનો કરાર પૂરો પાળવામાં તેમણે જરા પણ સંકોચ બતાવ્યો નહિ અને રોજની જેમ જ અમે ભર્યે પેટે ઊતર્યા.

સ્ટીમર અટક્યા પછી એક કલાક તો સ્થાનિક પોલીસ પાસે પાસપોર્ટ ઉપર છાપ લેવામાં ગયો. પછી અમારી ખરી મુશ્કેલી શરૂ થઇ. સામાન બધો કસ્ટમના છાપરામાં પહોંચી ગયો હતો. દરેકના સામાન પર નામ પ્રમાણે એબીસીડીનો અક્ષર ચોડ્યો હતો, છતાં બધા પૅસેંજરો પોતપોતાના માલની ગોતંગોતમાં જબરી ધમાલ મચાવી રહ્યા હતા. અને આ ચીના મજૂરો તો શયતાન જેવું બળ ધરાવે છે. ચાર માણસે મુંબાઇમાં જે દાગીનો ઉઠાવ્યો હોય તે તેઓ એકલા પીઠ પર ઉઠાવીને દાદર ચડી જતા જોયા. પરંતુ આ બાજુ એવા કદાવર મજૂરો પણ શીખની મુકાદમી ખમી રહે છે. બંદર ઉપર તેમજ કસ્ટમમાં શીખ મુકાદમ હાથમાં કોરડો લઇ ફરતો જ હોય છે. લગભગ સાંજના ચાર વાગ્યે અમે કસ્ટમમાંથી છૂટ્યા અને લાગલા જ મોટરોમાં એ ન્યુ એશિયા હૉટેલમાં પહોંચ્યા. અમારી આખી પાર્ટીને લેવાને મિ. પારેખ આવ્યા હતા. મિ. કેવળચંદ અને મહીપત બ્યારેે દરેક વખતની માફક સરદારી લઇ ખૂબ વખત અને જહેમત ખર્ચી અમને સહુને હૉટેલમાં લાવી આરામએશ અને ચાપાણીની સુંદર તક આપી.

ન્યુ એશિયા હૉટેલ એક નમૂનેદાર જગ્યા છે અને શહેરના મુખ્ય ભાગની વચ્ચોવચ્ચ છતાં તેનો વહીવટ અને વ્યવસ્થા અપ-ટુ-ડેટ છે. અપ-ટુ-ડેટનો અર્થ મુંબાઇના ધોરણે નહિ, પણ અમેરિકા અથવા યુરોપના ધોરણે કરવો. અમારી મોટરો પહોંચી કે નાનકડા બૉયે—સફેદ કપડાંવાળા ચબરાક છોકરાઓએ અમારો સામાન ઉપર પહોંચાડ્યો અને ઉપરના કમરામાં દરેકની

ગોઠવણ કરી નાખી. આ દરેક ખંડ સ્ટીમરના ફર્સ્ટ ક્લાસની કૅબિન જેવો છે. દરેક ખંડમાં સૂવાનો ખાટલો, ડ્રેસિંગ રૂમ, લખવાનું ટેબલ, ખુરશી, બીજું ટેબલ અને સ્વતંત્ર બાથરૂમ જેમાં ઠંડા-ઊના પાણીની, સંડાસની અને નહાવાના ટબની ઉત્તમ પ્રકારની સોઇ સાથે રૂમાલો, ટુવાલો સાબુ વગેરે હૉટેલ તરફથી જ હતાં. બિછાનાં પરનાં પાથરણાં અને ઓઢણ પણ ખૂબ સ્વચ્છતાવાળાં ટેબલ પર લખવાનાં સાહિત્યોમાં એક ખોળી ઢાંકેલી પીંછી ને કાળી શાહીની વાટકી પણ છે. કેમકે ચીનમાં તો અસલથી જ પીંછીએ લખવાનો વ્યવહાર છે. હવે તો અમને અમારી ઊણપો ઉઘાડી પડતી લાગે છે. હૉટેલના દરેક ખંડનું ૨૪ કલાકનું ભાડું અહીંના પાંચ ડૉલર એટલે આપણા લગભગ ચાર રૂપિયા થાય. અમે દરેક ખંડમાં એક ખાટલો વધારે નખાવી બબ્બે જણા રહ્યા તેનો માત્ર દોઢ ડૉલર વધ્યો; એટલે કે છ ડૉલરમાં બે જણનો વાસ થયો. ચા કે ખોરાકીનાં બીલ જુદાં થાય છે. પણ સ્ટીમરમાંથી પંદર દિવસનો પ્રવાસ કરી આવેલા હિંદી માટે આ સગવડ બહુ ઠીક ભાવે મળી ગણાય.

હૉટેલમાં આવતાં ચીની ગૃહસ્થો અને નારીઓની ટાપટીપ તથા સફાઇ જોઈ તેમની કલારસિકતા અને સભ્યતાના પાઠ લેવાનું મન થઇ આવે છે. નકામો ઘોંઘાટ કે અવાજ બીલકુલ નહિ. ચીન તોફાની, જુગારી, લબાડ, ચોરટિયું એમ કહેવાય છે તે જોવા સમજવાની તક અમને મળે કે નહિ તેની શંકા છે. છતાં વિશાળ માનવતાથી ખદ્‌બદતો આ મુલક અનેક નમૂનાઓથી ભરપૂર હશે એમ માનવાને ઘણાં કારણો છે.

શાંઘાઈ દુનિયાનાં બંદરોમાં એક નામીચું બંદર અને બાર લાખની મોટી વસ્તીવાળુ શહેર છે. વળી અહીંનાં હવા-પાણી બહુ તંદુરસ્ત અને તાજગી આપનારાં હોવાથી પ્રજા-વર્ગ ઘણો કસાએલો અને મજબૂત તેમજ સુંદર પણ લાગે છે. અમારી હૉટેલમાંથી જ રસ્તા પર જતાં વિવિધ પાત્રો જોવાનો બહુ આનંદ આવે છે. આ હૉટેલનો દરવાન પણ શીખ છે. તે અમને જુએ છે ત્યારે આનંદથી હસે છે.

હિંદુસ્તાનની રક્ષા કરવા યુરોપિયનોની જરૂર પડે છે ત્યારે અહીં રક્ષણ કરવા માટે શીખ સિપાઇઓ વધુ લાયક ગણાયા છે! દરેક ચાર રસ્તા ઉપર એક શીખ સિપાઈ હોય જ. સાથે ચીના પોલિસો પણ છે. શીખ કે ચીના દરેક પોલિસ પાસે અહીં કમર પર રાઇફલ દેખાય છે. રાતના એક સુધી અહીં જંપ્યું લાગતું ન હતું. બારીમાંથી નજર કરતાં રિક્ષાઓની હારોની હારો ચાલી જતી હતી, તેમાં જાતજાતનાં પંખેરૂઓ નજરે પડતાં હતાં.

રાતનો વ્યવહાર શહેર આખામાં આ રીતે લંબાતો હશે એટલે સવારના આઠ નવ પહેલાં લહેરીઓ તો ભાગ્યે જ ઊઠે; પણ શાકવાળા, ફેરીવાળા વગેરે શહેરની સામગ્રી તૈયાર કરી આપનારાને કંઇ વહેલા કામે લાગ્યા વિના પરવડે? તાજાં શાકભાજીની કાવડો ને રેંકડીઓ ચાલુ થઇ ગયાં દેખાતાં હતાં.

(ચાલુ)

—ર.મ.રા.

ઈંગ્લંડમાં વિચારસ્વાતંત્ર્યનો

પ્રચલિત માન્યતાઓ વિરુદ્ધ એક હરફ સરખો પણ ઉચ્ચારવો એ જ્યારે નાસ્તિકતાની પરાકાષ્ઠા ગણાતી, ત્યારે લંડનમાંથી એણે ચલાવેલી લડતે ધર્મસંસ્થાઓના પાયા હચમચાવવા શરૂ કર્યા. બુદ્ધિથી પર મનાતાં શાસ્ત્રોમાંની વેવલી વાતો જો બુદ્ધિગમ્ય ન બને, તો તેનો આશરો લેવો મનુષ્યને માટે નકામો છે એમ તેણે જાહેર કર્યું અને તે નાસ્તિક ગણાયો. ધર્મઘેલા સમાજે તેને પરેશાનીની છેલ્લી હદે પહોંચાડ્યો.

પણ એ પોતાના ધ્યેયથી ન ડગ્યો ને પોતાની લડત ચાલુ રાખી. અને એની એ લડત, એ વિટંબનાઓ અને એના જીવનનું નિરીક્ષણ આજ પણ આપણને કહેવા લલચાવે છે, કે કીડી પેઠે ઉભરાતા અંધશ્રદ્ધાળુઓ કરતાં આપણા સમાજમાં થોડાક બ્રાડલૉ, નરસિંહભાઇ કે ટોમસ પેન પાકે તો?!

સોલિસિટરના એક કારકુન અને એક નર્સના લગ્નના સુયોગે ચાર્લ્સ બ્રાડલૉનો જન્મ ૧૮૩૩ના સપ્ટેમ્બરની ૨૬મીએ લંડનમાં થએલો. ઍબે સ્ટ્રીટ અને બેથનલ ગ્રીન નિશાળોમાં તેણે થોડીઘણી કેળવણી મેળવી અને પછી તો કીર્તિથી નવાજાએલા અનેક મહાપુરુષો જેમ તેણે જીવનમાંથી જ શિક્ષણ મેળવ્યું.

વાચનનો તેને જબરો શોખ હતો ને દસ વર્ષની વયે તો તેણે અનેક નાટકો વાંચવા માંડ્યાં હતાં. ગરીબ કુટુંબની વધતી જતી મુફલિસીને અંગે બાર વર્ષની વયે તેને ધંધામાં જોડાઇ જવું પડ્યું. પાછળથી સંત પીટરના દેવળમાં રવિવારની શાળામાં શિક્ષક તરીકે તે દાખલ થયો. દરમિયાનના અભ્યાસે શાસ્ત્રોની કપોલકલ્પિત વાતો પ્રત્યે તેનામા અશ્રદ્ધા તો જગાવી જ દીધી હતી. વિદ્યાર્થીઓમાં પણ એવું વિચારસ્વાતંત્ર્ય જગાવવા તે પ્રયાસ કરવા લાગ્યો. પાદરીઓને આ વાતની ખબર પડી ગઇ. તેમણે આ નાના શિક્ષક ચાર્લ્સ બ્રાડલૉને ત્રણ મહિના માટે સસ્પેન્ડ કર્યો અને તેની પ્રવૃત્તિઓને વખોડતો એક કાગળ તેના બાપને લખી નાખ્યો.

વૃદ્ધો જેવી ઠરેલી શ્રદ્ધામાં ન ગુંચવાએલું યુવાન માનસ હમેશાં બુદ્ધિપ્રધાન વધુ હોય છે. બ્રાડલૉએ શાસ્ત્રોની આદરેલી બુદ્ધિગત સમાલોચના યુવાન

ઝંડો રોપનાર નૈષ્ઠિક કર્તવ્યપુરુષ



બુદ્ધિવાદનો સંત ચાર્લ્સ બ્રાડલૉ

વિદ્યાર્થીઓને તેની પાસે ટોળેબંધ તાણી લાવતી હતી. એથી સસ્પેન્ડ થયા છતાં તે છડેચોક મેદાનમાં સભાઓ ભરવા લાગ્યો.

પાદરીઓએ એના બાપને લખેલા કાગળના જવાબમાં બ્રાડલૉ ઉપર પણ ઘણો ઠપકો લખાઇ આવ્યો. પણ એણે તે ન ગણકાર્યું. પાદરીઓને એણે કહ્યું, 'બાઇબલની પ્રેરણા ઉપર મને જે શંકા ઊઠી છે તેનું તમે પહેલાં સમાધાન કરો તો હું નોકરી કરીશ.' મુખ્ય પાદરી પાર્કરે આ નિશ્ચય બદલાવવા યા તો નોકરી છોડી દેવા જણાવ્યું અને નીડર બ્રાડલૉએ બીજો રસ્તો પસંદ કર્યો.

નોકરી એકલી જ નહિ! સાથેસાથ ઘર પણ તેણે છોડ્યું. કારણકે તેનો બાપ આ બનાવથી તેને ઘરમાં ઊભો પણ રાખે તેમ ન હતું. આ ગૃહત્યાગ વખતે તેની ઉમર માત્ર સોળ જ વરસની હતી. ગુજરાન ચલાવવાનો બીજો કોઇ ઉપાય ન સૂઝતાં છેવટે તે લશ્કરમાં જોડાયો. ત્યાં યે તેના વિચારો તો જેવા ને તેવા જ કાયમ રહ્યા. તેનું વકતૃત્વ અને તેની વિવાદપદ્ધતિ એવી તો અસરકારક હતી કે તેની શેહ નીચે આવી જતાં કોઇને પણ વાર ન લાગતી. લશ્કરી તાલીમથી તેનામાં બાંધાની ખડતલતા પણ સહેજે આવી ગઇ હતી.

એ વખતે ઇંગ્લંડમાં બુદ્ધિવાદને રોકી રાખતી બધી શૃંખલાઓ તોડીફોડી વિચારસ્વાતંત્ર્યને વહેણ આપવા રિચાર્ડ કાર્લાઇલ નામે એક શખ્સ લડત ચલાવી રહ્યો હતો. તે ભયંકર નાસ્તિક ગણાતો અને તેના અનુયાયીઓ પણ બધા કાર્લાઇલ્સ કહેવાતા. એ કાર્લાઇલ સાથે મિસીસ શાર્પલ્સ નામે એક બાનુ જોડાએલી હતી. તેણે ઠામઠેકાણા વગરના આ ઉદ્દામ બ્રાડલૉને આશ્રય આપ્યો.

મિસીસ શાર્પલ્સનું કુટુંબ બહુ ગરીબ હતું, પણ માનવતાના ઉચ્ચ ગુણોથી તે સંપૂર્ણ નવાજાએલું હતું; એટલે બ્રાડલૉને એ કુટુંબમાં રહી ચિંતન અને વિચારપ્રચારની પૂરતી સગવડ મળી. એ કુટુંબ પાસેથી જ તે ફ્રેંચ શીખ્યો ને પછીથી ગ્રીક, અરબી અને હિબ્રૂ પણ શીખવા લાગ્યો. બધી રાજકીય સભાઓમાં તે હાજરી આપવા લાગ્યો. પોતાની જે થોડીઘણી બચત થતી તેમાંથી તે પોતાના વિચારોનાં હૅન્ડબિલો છપાવી વેચતો. આથી એ દિવસોદિવસ ગરીબ થતો જતો હતો, પણ સાથેસાથ મગરૂબ પણ થતો જતો હતો.

લશ્કરી જીવનથી છેવટે તે કંટાળવા આવ્યો. એવામાં તેને ખબર મળી કે તેનું કુટુંબ તદ્દન ગરીબ અવસ્થામાં આવી પડ્યું છે. તે ઘેર જવા તૈયાર થયો ત્યાં કોઇક નજીકના સગાનો વારસો કુટુંબને મળ્યો હોવાનું તેને માલૂમ પડ્યું એટલે ઘેર જવાનું માંડી વાળ્યું. વારસામાં તેનો યે હક્ક હતો અને પોતાનું કાર્ય ચાલુ રાખવા નાણાંની પણ તેને જરૂર હતી, છતાં તેણે એ વિચાર જ જતો કર્યો અને કોઇ વકીલને ત્યાં

(અનુસંધાન માટે જુઓ આગળ પૃ. ૨૯૨મે)

સામનો

શિકાર પર આવતા ભયંકર વાઘનો.. તદ્દન અણધાર્યો . અને બંદુકની નળી અડી શકે એટલો ભેટંભેટનો . . . .


નમતા બપોર હતા. ચાર વાગ્યા હતા. નિશાળેથી ઘેર આવીને હું ચહા પીતો હતો. નાની પુત્રી પાસે બેસીને પોતાની ભોળી અને શુદ્ધ દૃષ્ટિથી ઢીંગલીને રમાડતી હતી અને પોતાની કાલી ભાષામાં મને કહેતી હતી, 'બાપુજી, આને પણ ચા આપો, એને ટાઢ વાય છે.' હું જવાબ આપવા જતો હતો ત્યાં બહારથી કોઇએ બૂમ પાડી, 'માસ્તર સાહેબ ! માસ્તર સાહેબ ! જરા બહાર આવો. એક માણસ આવ્યો છે અને વાઘની ખબર લાવ્યો છે.' વાઘનું નામ સાંભળીને હું દોડ્યો. ચહાનો પ્યાલો જ્યાંનો ત્યાં પડી રહ્યો.

જોયું તો બહાર પશ્મીનાની ગરમ શાલ ઓઢીને મારા શિકારી મિત્ર પંડિત લક્ષ્મીદત્ત ઊભા છે અને એમની પાસે એક હાડપિંજર જેવો બુઢ્ઢો ઊભો છે. એની મુખાકૃતિ એની આંતરવેદનાની દ્યોતક હતી. કષ્ટ, વિપત્તિ અને સમયની લીલાસૂકીએ એની ગતિ તોફાનમાં સપડાએલા વહાણ જેવી કરી મૂકી હતી.

ચિંતાએ કુતૂહલનું સ્થાન લીધું અને વાતચિતમાં માલૂમ પડ્યું કે વાઘે તિબરીથી થોડે દૂર એકા-સાથ બે ગાયોનો વધ કર્યો છે.

એક તો આખા દિવસનો થાક, બીજે કુ-સમય અને ઉપરથી ગજબની ઠંડી. બહાર નીકળવાની જરા યે ઇચ્છા થતી નહોતી, પણ પેલા બુઢ્ઢાની આંખમાં એક પ્રકારનું એવું ખેંચાણ હતું કે જે હૃદયતંત્રીના તારોને પોતાની તરફ ખેંચી રહ્યું હતું. એ ખેંચાણ પ્રેમના આકર્ષણ જેવું નહોતું, પણ કંપાયમાન, ભાવિ આશંકાથી ભયભીત કોઇ બલિ-પશુની આંખોમાંથી નીકળતી મૂક યાચનાનું ખેંચાણ હતું. એની આંખો કહેતી હતી કે જો તમે નિર્દય ન હો તો અમારી રક્ષા કરો.

વનની સહચરી બંદૂક ઉઠાવી. કારતુસ ખીસામાં નાખ્યા અને લક્ષ્મીદત્તજી તથા વૃદ્ધ ખેડુતને સાથે લઇને જંગલ ભણી ચાલ્યો. ચાલતાં ચાલતાં મનમાં ને મનમાં વિચારતો



ચિત્રકાર
રવિશંકર પંડિત

હતો કે સંસારમાં જીવનસંગ્રામની સમસ્યા કેટલી વિકટ છે. મનુષ્યથી માંડીને કાડામંકોડા પણ ઉદરપૂર્તિને માટે એકબીજાના ખૂનના તરસ્યા હોય છે. જો કોઇ માણસ કોઇ પશુને મારે છે તો પાપી કહેવાય છે, પણ બાજ ચકલીને મારે છે અને વાઘ ગાયને મારે છે ત્યારે આપણે માત્ર 'જીવો જીવસ્ય ભોજનમ્' કહીને ચૂપ રહી જઇએ છીએ. કલ્પનાશક્તિ હિંસાનાં મૂળતત્ત્વના વિશ્લેષણના ગુબ્બારા ઉડાવતી હતી ત્યાં બુદ્ધાએ ખભે હાથ મૂકીને કહ્યું, 'માલિક, ઉપર જુઓ, બરાબર પેલા ટેકરા ઉપર મારી ગાય મરેલી પડી છે અને ત્યાંથી ચાર ફર્લાંગ દૂર પહાડ તરફ મારી બીજી ગાય પડી છે.'

બુદ્ધાની વાત સાંભળીને તત્ત્વજ્ઞાનના વિચારોએ રસ્તો માપ્યો અને વાઘ મારવાની મુરાદ આગળ આવી. લક્ષ્મીદત્તજીએ અને મેં પાંચેક મિનિટ સંતલસ કરી. આ સંતલસ એ એક નાની શી સંગ્રામસભા હતી. આમાં અમે શત્રુની બધી જાતની ચાલબાજીઓ વિચારી લીધી.

વાઘે બે ગાય મારી હતી. સંતલસ કરીને પણ અમે એવા નિર્ણય પર નહોતા આવ્યા કે એક જ વાઘે બે ગાય મારી છે. સંભવ છે મારી યે હોય. પહેલી ગાયને માર્યા પછી એને કોઇ કારણે નાસી જવું પડ્યું હશે અને રસ્તામાં નાસતાં બીજી ગાય મળતાં પેટનો અગ્નિ શાંત કરવા તેને પણ રેંસી નાખી હોય! અને એ પણ સંભવ હતો કે બીજી ગાયને બીજા વાઘે પણ મારી નાખી હોય! મારી સમજણ આવી હતી અને લક્ષ્મીદત્તજીએ મને જનરલ માનીને મારી વાતને ટેકો આપ્યો.

બે વાઘની આશંકાથી અમે અમારા દળને બે ભાગમાં વહેંચી નાખ્યું. લક્ષ્મીદત્તજી બીજી ગાયના મુડદા તરફ ચાલ્યા, જે ટેકરાની મરેલી ગાયથી ચાર ફર્લાંગ દૂર પડ્યું હતું. હું ટેકરા તરફ ચાલ્યો અને એવો નિર્ણય કર્યો કે સમય વધારે થઇ જવાથી આજે લાશ પર બેસવું ઠીક નથી; કારણકે બેસવાની જગા ચાર વાગ્યા પહેલાં તૈયાર થઇ જવી જોઇએ કે વાઘને કોઇ પણ પ્રકારની શંકા ન રહે. વાઘ જંગલનું કૂટ-નીતિજ્ઞ પ્રાણી છે. નાના શા હાલતા પાંદડાથી, આસન બદલવાથી, અને કોઇ અઠંગ શિકારીઓ તો કહે છે છે કે પલક મારવાના અવાજથી પણ વાઘ પોતાના શત્રુને પામી જાય છે અને લાશ પર આવતો નથી. એટલે વાઘના શિકારને માટે ઝાંખરાં અને લાકડાંથી જે સ્થાન તૈયાર કરવામાં આવે છે તે બપોરના ચાર વાગ્યા પહેલાં તૈયાર થઇ જવું જોઇએ. અને આ જગ્યા તૈયાર કરતી વખતે થોડાંક માણસો આગળપાછળ બેસીને થોડેથોડો અવાજ તથા વાતો કરે છે કે જેથી વાઘ એવું માને કે મજૂરો ઘાસ વાઢે છે. જ્યારે શિકારી છુપાઇને બેસી જાય છે ત્યારે પેલા લોકો વાતો કરતા કરતા ચાલ્યા જાય છે. વાઘ માને છે કે ઘાસ વાઢનારા ચાલ્યા ગયા હવે એનું ભોજન નિર્ભય પડ્યું છે. આટલું થતાં પણ વાઘ એકદમ શિકાર પર નથી આવતો. છુપાઇછુપાઇને, લપાઇલપાઇને અને રોકાતોરોકાતો ચારે બાજુ અતિશય સાવધાનીથી જોતો ગજ ગજ કરતો તે આગળ વધે છે.

લક્ષ્મીદત્તજી બુદ્ધાની સાથે ગાયની લાશ તરફ ચાલ્યા. અમે ગામમાં મળવાના હતા.

મારે એક માઇલ દૂર પહાડના વિશાળ શિખર પર પહોંચવાનું હતું અને સમય ઘણો ઓછો હતો. જંગલમાં વાઘ પોતાના શિકાર પર ચારપાંચ વાગ્યે જ આવી જાય છે. એટલે હું ખૂબ સાવધાન થઇને ચાલતો હતો. પહાડના ઉત્તુંગ શિખર પર ડૂબતા સૂરજ-નાં કિરણો ગજબનાં ઝળકતાં હતાં. જીવનજ્યોત આવી જ રીતે અંતિમ પ્રકાશ ફેલાવીને અનંતમાં લીન થઇ જાય છે. દાર્શનિક વિચારોને ફરીથી રોકયા અને જીવન તથા મૃત્યુ—વાઘના શિકાર—નો પ્રશ્ન સામે આવ્યો. રાત્રિના આગમનનાં ચિહ્નો ચારે બાજુ દેખાતાં હતાં. થાકયા હાર્યા ખેડૂતો ઘર ભણી જતા હતા. હું એક એક પગલું સાચવીને ચડતો હતો. કયાંક ચુપચુપ વાઘ દેખાઇ જાય અને મને ન જુએ તો ફરીથી એક વાર જીવનની બાજી લગાવીને ગોળી મારું. વાઘ અને શિકારી જ્યારે ઘાતી બનીને ચાલે છે ત્યારે એમની આકૃતિ જોવા જેવી હોય છે. માણસ તો માણસની શ્રેણીથી—સદ્-ભાવનાઓ અને ભાવુકતાના વિચારજગતથી નીચે પડીને પશુ બની જાય છે. ખેંચાએલા સ્નાયુ, બંધાએલા મુક્કા, ચારે તરફ જોતી ખૂતી આંખો, ઊભા સાવધાન કાનઃ સંસારની સર્વ વાતો—બાલબચ્ચાં, દેશ અને રાજનીતિ—ભૂલીને શિકારી જાણે એક વિચિત્ર પ્રાણી બની જાય છે. આકરા ચઢાણ ઉપર હું આવી દશામાં ચઢતો હતો. કયારેક રોકાઇને આમતેમ જોઇ લેતો કે વખત

છે ને વાઘનાં દર્શન થઇ જાય તો મનોરથ સિદ્ધ થઇ જાય! અરધું ચઢાણ ચડીને હું એક ટેકરીને કિનારે રોકાયો અને ઘેરાએલી દૃષ્ટિથી નાળાની ઉપરની ટેકરી તરફ જોયું. એક ઝાડીની આસપાસ પંખીઓ વિ-લક્ષણ પ્રકારના અવાજો કરીને ચીસો પાડતાં હતાં. એ બાજુ જોતાં જ હૃદયના ધબકારા એકદમ બંધ થઇ ગયા. સામે લગભગ ત્રણ સો ગજ દૂર ઝાડીને આધારે ઊભેલો વાઘ ચારે તરફ દૃષ્ટિપાત કરીને દિગ્દર્શન કરતો હતો, અને પંખીઓ પોતાનામાં હતી એટલી શક્તિ વાપરીને પોતાના વિરોધનું પ્રદર્શન કરી રહ્યાં હતાં. મારી પાસે રાઇફલ નહોતી, બંદૂક હતી. રાઈફલ ન લાવવાની મૂર્ખતા પર પોતાની જાતને હજાર વાર મનમાં ને મનમાં ધિક્કારી, કારણકે બાર નંબરની બંદૂકની ગોળી આટલે દૂર જતી નથી.

વાઘ થોડીવાર પછી પોતાના શિકાર ભણી શાહી ભવ્યતાથી ચાલ્યો. મેં મારો માર્ગ છોડીને, થોડું વધારે ચક્કર લઇને પહાડના શિખર પર જવાનો વિચાર કર્યો, કે જેથી વાઘની એક તરફથી એના ઉપર ફાયર થઇ શકે. વાઘ મારાથી ત્રણસો ગજ ઉપર હતો. એ પહાડ ઉપરથી જ પોતાના શિકાર તરફ જતો હતો. મેં આગળ વધીને એના માર્ગમાં જવાનો નિરધાર કર્યો.

બંનેને એક જ સ્થળે પહોંચવું હતું. જેવી રીતે બે ગલીઓમાં થઇને બે માણસો જુદી જુદી દિશા-ઓમાંથી ગલીઓના મળના મુખ પર આવીને મળે છે અને જ્યાં સુધી સામે આવી જતા નથી ત્યાં સુધી એક બીજાને જોઇ શકતા નથી, તેવી જ રીતે બરાબર મેં ચાલવા માંડ્યું. અને વિચાર પણ કર્યો કે જો સાઠ સિત્તેર ગજ દૂર ક્યાંક વાઘ દેખાયો તો નિશાન લેવાનો પ્રયત્ન કરીશ. એ વેળા તો આ માત્ર અંદાજ હતો. સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે એ અંદાજ બરોબર પાર ઊતરશે. જોડા ઉતારીને હું ઉપર લપક્યો. જોડા એટલા માટે ઉતાર્યા હતા કે પગરવ ન થાય. પહાડના શિખરનો વળાંક પચાસ સાઠ ગજ દૂર રહ્યો એટલે મેં ધીરે ધીરે એક એક પગલું ગણતાં ગણતાં બંદૂકને બગલમાં દબાવી ને હાથ બંદૂકના ઘોડા પર મૂકી ચાલવા માંડ્યું. મારો ખ્યાલ હતો કે આટલી વારમાં તો વાઘ એ વળાંકને વટાવી ગયો હશે, અને હું એ વળાંક પાસે પહોંચીને એના માર્ગને વટાવી, સંતાઇને બેસી જઇશ. પણ જ્યાં હું વળાંક પાસે શિકારી આસનથી પહોંચ્યો ત્યાં બીજી બાજુથી વાઘ પણ આવી પહોંચ્યો. પહેલાં મેં વાઘને જોયો. જંગલમાં સ્વતંત્ર રૂપે અભિ-માનપૂર્વક મસ્ત ચાલથી ચાલતા વાઘને મેં આટલો નજીક કદી જોયો નહોતો. ઝૂકેલી અધખુલી આંખો, શ્વેત દાંતમાંથી થોડી બહાર નીકળેલી લાલ જીભ અને ગજબના પુઠ્ઠાવાળી સાક્ષાત્ યમરાજની મૂર્તિ મારી સામે આવી. હૃદયના ધબકારા થોડીક ક્ષણ માટે કોણ જાણે કેટલાય વધી ગયા!

વાઘથી હું આમ કદી નથી ડરતો. પરંતુ આ અચાનક સ્વાગતને માટે હું તૈયાર નહોતો. પાછા હઠવાનો સમય નહોતો. આવે અવસરે માણસ બુદ્ધિથી કામ નથી લેતો. બુદ્ધિથી વિચાર કરવાનો સમય તો ઘરમાં અને સભા-સમિતિઓમાં હોય છે. આવા મોકાઓ પર તો મનુષ્યને મદદ કરનાર સહજપ્રેરણા (instinct) જ હોય છે, અને એની સાથે કોઇ અગમ્ય પ્રેરક શક્તિ. વાઘની દૃષ્ટિ મારા પર પડી તેવો જ એ ગરજીને પાછલા પગ પર ઊભો થઇ ગયો. આગલા પંજાના નખ બહાર કાઢી, ચકલીના શિકાર વખતે બિલાડી જેમ પૂંછડી હલાવતી બેસે છે તેવી જ રીતે પૂંછડી હલાવતો મારી સામે મોઢું ફાડીને તૈયાર થઇ રહ્યો. વાઘ એટલો બધો મારી નજીક હતો કે હું એને બંદૂકની નળીથી અડકી શકું એમ હતું. પહેલાં તો હું કંપી ઊઠ્યો. મને લાગતું હતું કે મારૂં હૃદય નીચે પગ ભણી ગતિ કરી રહ્યું છે. આનું કારણ આકસ્મિક સામનો હતું. પછી તો નિરાશાજન્ય સાહસ અથવા ઉદ્વેગે મને મૃત્યુનો સામનો કરવા માટે એવો બનાવી દીધો, જેમ પોતાના બચાવનો કોઇ ઉપાય ન જોઇને હરણ દોડવું છોડીને મરવા તૈયાર થઇ જાય છે. મેં માની લીધું કે હું ગોળી મારૂં કે ન મારૂં, વાઘ તો મને ફાડી જ નાખશે અને મારા મૃત્યુના ખબર મારાં સ્ત્રીબાળકો અને મિત્રોને મારાં બચેલાં હાડકાં અને મૂક બંદૂક આપશે. અને આ જીવનનો અંત—જેનો આદર્શ ગરીબ કિસાનોની સેવા કરવાનો રાખ્યો હતો—હજારો વર્ષોથી આવા હત્યાકાંડો જોઇને હૃદયહીન થઇ ગએલાં પહાડ અને પત્થરોમાં એકલાં જ થઈ જશે.

વાઘ પણ સમજી ગયો કે આ બે પગનો પ્રાણી

કાળી લોખંડી વસ્તુ લઇને એનો જાન લેવા જ આવ્યો છે; એના ખૂનનો તરસ્યો છે; એના મુખમાંનો કોળિયો છિનવીને એનો પ્રાણ હરી, એનું અપમાન કરી, એને હણવા જ આવ્યો છે. એ નહિ બની શકે. આ અપમાન અને દુષ્ટતાનો એક જ ઉત્તર હતો અને તે પોતાના શત્રુની સત્તા મિટાવી દેવાનો.

આ બાજુ મેં ખ્યાલ કર્યો કે હું ગોળી મારીશ તો પણ પડતાં પડતાં યે વાઘ એક હુમલો તો જરૂર કરશે અને મારૂં ખૂન નહિ પી શકે તો પણ મને નીચે ખીણમાં તો જરૂર ગબડાવી દેશે. કોતરમાં એક માઇલ ઊંડે ગયા પછી મારા અંતનો પત્તો યે નહિ લાગે. એટલે ઘોડો ચઢાવીને હું ઊભો રહ્યો કે હું પહેલાં આક્રમણ નહિ કરૂં. જો વાઘ મારા ઉપર લપકશે તો હું ગોળી છોડીશ અને આત્મરક્ષાને ખાતર જેટલું થશે તેટલું કરીશ. કારાગારમાં જ્યારે દારાનું માથું વાઢવા ઔરંગઝેબના મોકલેલા માણસો આવ્યા ત્યારે દારાની પાસે શાક સમારવાનું ચાકુ હતું. દારા એનાથી લડ્યો. તલવારની સામે એનું કશું ચાલ્યું તો નહિ, પણ વીરની જેમ એ લડ્યો ખરો. દરેક વ્યક્તિનું એ જ કર્તવ્ય હોવું જોઇએ. પણ આ બધી ફિલસૂફીને માટે સમય પણ નહોતો અને બુદ્ધિ પણ નહોતી. આ ઘટનાને લખતાં અને વાંચતાં વાર લાગે છે, પણ આ બધી વાતો એક મિનિટમાં જ બની ગઇ. થોડો ઓછો સમય લાગ્યો હશે પણ વધારે તો નહિ જ.

એક મિનિટ સુધી અમે બંને પેંતરાબંધ ઊભા રહ્યા. વાઘ ધીરે ધીરે ગરજી રહ્યો હતો. એના ઘુરીટામાંથી ભયંકરતાના શર છૂટતા હતા. એની આંખોમાંથી અગ્નિ વરસતો હતો. મેં ગોળી પણ ન મારી અને એણે આક્રમણ પણ ન કર્યું. આ એક મિનિટ યુગ સમાન હતી. અંતે વાઘ એકદમ પાછો ફરીને નાઠો. જેવો એ પાછો ફર્યો તેવું જ મને લાગ્યું કે બસ મારા ઉપર આવ્યો. બંદૂકનો ઘોડો દબાવી દીધો. જંગલ ગાજી ઊઠ્યું. ગોળી વાઘના પેટમાં વાગી. મેં વાઘને પડતાં જોયો. બંદૂક છોડીને હું નીચે દોડ્યો, પણ પડ્યો. જે વાતનો ડર હતો તે જ થયું. નીચે ઘાસ તરફ હું તો ફૂટબૉલની જેમ ગબડવા લાગ્યો. ચાલીસ પચાસ ગજ ગબડ્યો હોઇશ ત્યાં હૃદય થંભાવી દેનારી વાઘની ગર્જના સંભળાઇ!

મોતનાં અનેક બ્હાનાં હોય છે; અને જીવનરક્ષાના અનેક કીમિયા. જો જીવન હોય છે તો માણસ પર્વતના શિખર પરથી પડીને પણ બચી જાય છે અને મરવાનો હોય છે ત્યારે દાદર પરથી પડીને મરી જાય છે. મારે બચવાનું હતું. ભગવાનને એ જ મંજૂર હતું કે હું બચું. સરકતાં સરકતાં માર્ગમાં એક ઝાડ દેખાયું. થોડાક હોશહવાસ તો હતા જ. ઝાડ તરફ ઢસડાવા હાથપગ પછાડ્યા અને આખરે એ જ ઝાડ સાથે આવીને અથડાયો. પાછળથી વાઘના ઢસડાવાનો અવાજ સંભળાયો. ઝાડની સાથે જોરથી અથડાઇને મારૂં શરીર રોકાઇ ગયું. હું તરત જ ઊભો થયો અને ઝાડ પર ચઢ્યો. એટલામાં વિદ્યુતગતિથી વાઘ પણ આવી પહોંચ્યો અને ઊચકીને જોરથી પંજો લગાવ્યો! એના પંજામાં મારી નીકર આવી ગઇ. નીકર ફાટી ગઇ અને હું ઉપર ચઢી ગયો. વાઘની કમર તૂટી ગઇ હતી એટલે એ ઝાડ પર ન ચઢી શક્યો. ઝાડ ઉપર બેસીને મેં દમ લીધો. પછી દર્દ થયું એટલે ચોટ અને ખૂન તરફ દૃષ્ટિ ગઈ. ઝાડની નીચે વાઘ છેલ્લા શ્વાસ લેતો હતો. મારા મનમાં વિચારોનો સાગર ઉમટ્યો. પણ એ અહીં લખવાની આવશ્યકતા નથી. રાતના નવ વાગ્યા સુધી હું એ ઝાડ પર ટિંગાઇ રહ્યો. લક્ષ્મીદત્તજીએ આઠ વાગ્યા સુધી રાહ જોઈ અને તે પણ એટલા માટે કે શિકારી અને ભિખારીનું કંઇ ઠેકાણું નહિ. ક્યાં જાય અને ક્યારે આવે! છ વાગ્યે નહિ તો સાત વાગ્યે તો મારે પહોંચવું જ જોઇતું હતું. એટલે આખરે એ લોકો ચિંતિત થઇને માણસો અને ફાનસો સાથે મારી શોધમાં નીકળ્યા. અને છેક નવ વાગ્યે મને ઝાડ પર ટિંગાએલો અને વાઘને ઝાડ નીચે મરેલો જોયો. ખૂબ મુશ્કેલીએ મને ઉતાર્યો. બંદૂકની તપાસ સવારે કરવાનું નક્કી કર્યું. પેલા બુઢ્ઢાએ વાઘને કોણ જાણે કેટલીય લાતો મારી અને એના બાપદાદાઓને ગાળોનો શાપ વરસાવ્યો.

ઘેર આવીને શેક કરી, પાટાપિંડી કર્યા. ગોળ મેળવીને દૂધ પીધું. ગૃહિણીએ તે દિવસે એવી સેવા કરી કે જાણે મને વાઘે ઘાયલ જ કર્યો હતો. બીજે દિવસે લક્ષ્મીદત્તે અને મેં એક બીજા વાઘને પણ માર્યો. લક્ષ્મીદત્તે વિકટ સાહસ દેખાડ્યું હતું--ઘાયલ થઇને પણ વાઘને માર્યો હતો. એની વાત હવે પછી.

શ્રીરામ શર્માના હિંદી પરથી અનુવાદક **કિસનસિંહ ચાવડા**

બુદ્ધિવાદનો સંત ચાર્લ્સ બ્રાડલૉ

(અનુસંધાન પાછળ પાન ૨૮૭થી)

અઠવાડિયાના દસ શિલિંગના પગારમાં નોકરીમાં રહ્યો.

હવે તે ખુલ્લી રીતે નાસ્તિક (Iconoclast)ના નામે વિચારસ્વાતંત્ર્યનો પ્રચાર કરવા લાગ્યો. આ વખતનો તેનો શ્રમ ગજબ જેવો હતો. ત્રણત્રણ માણસો જેટલું કામ તે એકલે હાથે કરતો. વાંચતાંવાંચતાં યા લખતાંલખતાં જ તે પોતાનું ખાણું ખાતો. બધું જાણવાની તેને તો ભૂખ જન્મી હતી; દરેક ચીજનો તેણે અભ્યાસ કરવા માંડ્યો અને એ અભ્યાસના પરિપાકે તેની યાદદાસ્તે તેને કદી દગો દીધેલો માલૂમ પડ્યો નથી. તેના કરતાં વધુ પરિશ્રમી અને વધુ ચિંતક એ વખતે ભાગ્યે જ કોઈ હશે.

બાઇબલમાંના ફકરા એકબીજાની કેટલા વિરુદ્ધ જાય છે તે બતાવવા વિગાન મુકામે તેણે એક ભાષણ યોજેલું. પ્રભુનું પ્રભુપણું કેમ જાણે તેના ભાષણથી રસાતાળ ચાલ્યું જવાનું હોય તેમ બાઇબલના ચુસ્ત અનુયાયીઓ પ્રભુને બચાવવા (!) બહાર પડ્યા. જે મકાનમાં ભાષણ યોજાએલું એ મકાનની બારીઓ તેમણે તોડી નાખી ને દંગો મચાવ્યો. પ્રભુના દત્તક પુત્ર તરીકે પોતાને ગણતા એક પાદરીએ બ્રાડલૉ પર ચૂનાનું પાણી ઢોળ્યું ને પ્રભુની વહાર કરી! ભિંજાએલાં કપડે હોટેલમાં પ્રવેશવા જતાં હોટેલવાળાએ પણ બ્રાડલૉને પ્રવેશવાની ના સુણાવી દીધી.

આમ અનેક સ્થળોએ તેની સભાઓ વિખેરી નાખવામાં આવતી; ને પત્થરનો માર પડતો તે જુદો! પણ તે કદી ડગતો નહિ. એક વખતે પડેલા મારવાળા સ્થળે જ તે બીજી વાર પહોંચતો. તેને આ બધામાં એક જાતની રમૂજ પડતી. ફરી ને ફરીવાર સામે આવી લાગતાં, લોકો પણ તેનાથી કંટાળતા ને ઘણી વખત તો તે એકે શબ્દ બોલે તે પહેલાં જ પત્થરોનો વરસાદ વરસાવવા લાગી પડતા.

બ્રાડલૉને નહોતી અરાજકતા ઊભી કરવી કે નહોતા નવા ફિરકાઓ જન્માવવા. માનવ પ્રગતિને રોકી રાખતી ધર્મની જડ ઘાલી બેઠેલી પ્રણાલિકાઓનો જ તેને ભંગ કરવો હતો. તેણે પોતે ૧૮૬૩માં કહેલું, 'હું બાઇબલ પર હુમલો કરું છું, હું શાસ્ત્રજ્ઞાન પર હુમલો કરું છું, હું દેવળ પર હુમલો કરું છું, કારણકે મારે સંપૂર્ણ માનવતા જન્માવવી છે. એ બધાં તો મારાં સાધનો છે. સાધ્ય તો જુદું જ છે. કામ ભલે મુશ્કેલ છે, પણ તેનો અંત તો ખુશનુમા જ છે.'

બ્રાડલૉને રાજપ્રકરણમાં પણ ખૂબ રસ હતો. સ્વતંત્રતાને તે હરકોઈ દેશની મોંઘી મૂડી ગણતો, અને એટલે જ હિંદની રાષ્ટ્રીય લડત પ્રત્યે તે સહાનુભૂતિ ધરાવતો. ઇટલીના સ્વાતંત્ર્યપ્રયાસોમાં તે ખૂબ રસ લેતો. ગૅરિબાલ્ડીની તરફેણમાં તેણે અનેક ભાષણો કરેલાં ને મૅઝીની માટે તો મરી ફીટવાને યે તે કબૂલ થતો. દેવામાં ડૂબેલો હોવા છતાં લડત માટે તેણે ગૅરિબાલ્ડીને સો ગિની ભેટ મોકલેલી ને ઇટલી જઈ ક્રાન્તિકારી કાગળિયાં પોપના હાથમાં જતાં બચાવી લાવેલો.

ઇ. ૧૮૬૮માં નોર્ધમ્પ્ટન પરગણા તરફથી તે પાર્લામેન્ટમાં ચુંટાવાનો હતો, પણ વડા પ્રધાન ગ્લૅડસ્ટને તેના હરીફને વધુ ટેકો આપ્યો એટલે લોકોએ પણ આ નાસ્તિકને બદલે તેના હરીફને વધુ મત આપવાનું મુનાસિબ ધારી લીધું ને એ પાર્લામેન્ટમાં ન પ્રવેશી શક્યો.


બ્રાડલૉ ઉપર જેમ અંગત હુમલા થતા તેમ પત્રોમાં યે પુષ્કળ થતા. જુદાજુદા આરોપો તેના પર વારંવાર મૂકવામાં આવતા. આરોપો કરનાર કોઈકોઈ સામે તેને બદનક્ષીના કેસ માંડવા પડતા. પોતે વકીલ ન હતો, છતાં પોતાની વકીલાત તે જાતે જ કરતો. ઘણી વખત તેને ફતેહ મળતી અને બદનક્ષીના બદલામાં પૈસા મળતા, પણ એ બધા યે પૈસા તે શાળાઓમાં આપી દેતો. ગરીબોની તે મફત વકીલાત કરતો, તેમને મફત સલાહ આપતો અને તેવાઓને આર્થિક મદદ આપવી તો તેણે આખી જિંદગીભર ચાલુ રાખી હતી એમ કહી શકાય. અને એટલે જ ગરીબ વર્ગ તેને હમેશાં વંદનીય ગણતો આવતો.

પ્રજાસત્તાવાદમાં તે માનતો ને ઇંગ્લંડમાં તેનો પ્રચાર કરતો. ચાલુ રાજ્યપદ્ધતિને તે ખૂબ વખોડી કાઢતો. સ્પેનની મુસાફરી દરમ્યાન સીનૉર કૅસ્ટેલારે તેના માનમાં પાર્ટી આપેલી તેમાં પણ તેણે જાહેર કરેલું કે, 'એક દિવસ ઇંગ્લંડમાં પણ ચોક્કસ પ્રજાસત્તાક આવી લાગશે.'

તેણે અમેરિકાની બે મુસાફરી કરી. છેલ્લી ૧૮૭૫ની મુસાફરીમાં તેને ટાઇફૉઇડ લાગુ પડ્યો ને ત્યારથી તેની તબીઅત હમેશાં નબળી રહેવા લાગી. અમેરિકાની આ છેલ્લી મુસાફરી પછી તેણે પાછા પાર્લામેન્ટમાં દાખલ થવાના પ્રયાસો કરવા માંડ્યા.



સોળ વર્ષની વયે લશ્કરમાં



બ્રાડલૉ-યુવાન વયે

૧૮૭૬માં ટર્કીફાઇલ મુકામે તેણે સભા ભરી ત્યારે તો હથિયારબંધ લોકો તેને મારવા ફરી વળેલા. બ્રાડલૉના જણાવવા પ્રમાણે પાર્લામેન્ટના ટોરી સભ્યોનું જ એ કારસ્તાન હતું ને જે ટોરી સભ્યોએ એ ઊભું કરેલું તેમનાં નામ પણ બ્રાડલૉને મળેલાં; પણ તેને તો માન્યતાઓ સાથે વેર હતું; નહિ કે માણસો પ્રત્યે. એટલે તેણે કશાં વિરુદ્ધ પગલાં ન લીધાં. તેની સાથે તેના મિત્રોને પણ એ વખતે ઘણી ઇજા થએલી.

બ્રાડલૉ સાથે વધુમાં વધુ પરિચયનો લાભ કોઇને મળ્યો હોય તો ઍની બેસંટને. અને તેના વ્યક્તિત્વથી સંપૂર્ણ રીતે માહિતગાર પણ એ એક જ વ્યક્તિને ગણી શકાય. ૧૮૭૭માં એ બંનેએ સાથે મળી Free thought publishing company (સ્વતંત્ર વિચાર પ્રકાશક મંડળી) ઊભી કરી અને સ્વતંત્ર વિચારો જગવતું સાહિત્ય વેચવા માંડ્યું. ગરીબ વર્ગ પર તેની કેટલી અસર હતી તે એટલા પરથી જ જણાઇ આવશે કે એ લોકો દારૂ ને તમાકુના પૈસા બચાવીને પણ બ્રાડલૉનું છાપું ખરીદતા.

છેવટે ૧૮૮૧માં બ્રાડલૉ પાર્લામેન્ટમાં ચુંટાવામાં સફળ થયો. આમ બમણું કામ બજાવવાનું આવતાં તેને પરિશ્રમ પણ વધારવો પડ્યો. ઘણી વખત રાતના ત્રણ કે ચાર વાગ્યા સુધી લખતા બેસી રહેવાનું તો તેને સાધારણ થઇ પડ્યું. આખી રાતના ઉજાગરા તો તેને વારંવાર થતા. છતાં પાર્લામેન્ટમાં તે નિયમિત હાજરી આપતો.

તેના પાર્લામેન્ટના પ્રવેશકાળ દરમ્યાન ફરી એક તોફાની કરુણ બનાવ બની ગયો. લૉર્ડ બીકન્સફીલ્ડ સામે ગ્લૅડસ્ટને વિજય મેળવ્યો હતો ને નવા લોકો પાર્લામેન્ટમાં દાખલ થયા હતા. પ્રભુના નામે સોગંદ ખાવાના આવતાં નવા ચુંટાએલા બ્રાડલૉએ સોગંદ ખાવાનો ના પાડી. બસ, પછી તો જોઇએ જ શું? લોકલાગણી તેની વિરુદ્ધ ઉશ્કેરાએલી તો રહેતી જ, એટલે બધા તેના પર તૂટી પડ્યા. અરે, પોલિસો સુદ્ધાં! ધક્કા, મુક્કા ને તમાચાઓનો તેના પર જાણે વરસાદ વરસ્યો. તેનો કોટ ને ખમીસ ફાટી ચીરેચીરા થઇ ગયાં ને અંગોમાંથી લોહી ઝરી નીકળ્યું. પોલિસે બાવડું ઝાલી તેને હાઉસની બહાર ફેંક્યો અને પાર્લામેન્ટના સભ્યોએ, છેવટ બિચારા પ્રભુને પોતે બચાવી શક્યા હતા તે માટે આત્મસંતોષનો ઊંડો દમ ખેંચ્યો! મનુષ્યનું મનુષ્યત્વ કેટલી હદ સુધી પરવારી જાય છે તેનો આ કમકમાટીભર્યો બનાવ જીવતો જાગતો દાખલો છે. પાર્લામેન્ટના પિતા સમા ટી. પી. ઓ'કોનોરે પણ જણાવ્યું છે કે

'પાર્લામેન્ટના ઇતિહાસમાં મારી નજરે મેં આવું કરુણ દશ્ય બીજું જોયું નથી!'

પણ પાર્લામેન્ટમાં રહીને ઇ.સ. ૧૮૮૧થી '૮૭ સુધીમાં બ્રાડલૉએ એટલા તો કાયદા પસાર કરાવ્યા કે એ આખો ગાળો Bradlaugh's Session તરીકે ઓળખાવા લાગ્યો. અને એ બધા જ કાયદા તેને ગાળો ભાંડનાર, તેના પર પત્થરો ફેંકનાર અને તેની જાન પર આવી લાગનાર લોકોના જ હિત માટેના હતા! ઇંગ્લંડના નામે જેમના પર અસહ્ય જુલ્મો વરસી રહેતા એવા આફ્રિકાના ઝૂલૂ લોકો માટે પણ પાર્લામેન્ટમાં તેણે ખૂબ લડત ચલાવેલી. અને હિંદને પણ તે ભૂલ્યો ન હતો. ઇ. ૧૮૮૯ની હિંદી રાષ્ટ્રીય મહાસભામાં હાજરી આપી, ટૂંકું પણ અસરકારક ભાષણ કરી તે વિલાયત ગયો ત્યારથી તે જીવ્યો ત્યાં સુધી હિંદના મિત્ર તરીકે તે પાર્લામેન્ટમાં લડતો રહ્યો.

૧૮૯૦ના જાન્યુઆરી પછી બ્રાડલૉની તબીઅત ખૂબ લથડવા માંડી. એક બાજુ સતત પરિશ્રમ અને રાતના ઉજાગરા ચાલુ હતા, બીજી બાજુ અવસ્થા ઊતરતી હતી. તે પોતે કહેતો કે 'મારી જિંદગી તો બંને છેડે સળગતી મીણબત્તી જેવી છે. હજી મારે કેટલું બધું કરવાનું બાકી છે? અને હું તો આ બુઢ્ઢો થતો ચાલ્યો!' 'National Reformer' (રાષ્ટ્ર–સુધારક) પત્ર દ્વારા ત્યાર સુધીમાં તે ઘણું કરી ચૂક્યો હતો. Equal opportunity to all 'સૌને સરખી તક' એ રાજકારણનો તેનો મુદ્રાલેખ હતો.

છેવટે એ બંને છેડે બળતી મીણબત્તી ખલાસ થઇ ને ૧૮૯૦ના જાન્યુઆરીની ૩૦મી તારીખે ૫૭ વર્ષની વયે તે મૃત્યુ પામ્યો. કોઇ પણ શહેનશાહને અદેખાઇ ઉપજે એવી તેની શ્મશાનયાત્રા બની. જિંદગીભર તેનાથી અતડા રહેનારાઓ તેના કફન પર પ્રશંસાના પુષ્પો વેરવા મંડ્યા. ગરીબોના થોકેથોક તેની શ્મશાનયાત્રામાં ઉલટેલા. હિંદનો એ મિત્ર હોઇ, હિંદીઓએ પણ તેમાં ઓછો ભાગ ન લીધેલો. છેવટ ગ્લૅડસ્ટન જેવાએ પણ 'distinguished man and useful member of the House' એ શબ્દોમાં કબ્ર પર તેને અંજલિ આપી. જૉન સ્ટૂઅર્ટ મિલે તેને 'બુદ્ધિવાદના સંત' તરીકે જાહેર કર્યો.

ચાર્લ્સ બ્રાડલૉ મનુષ્યને બદલે જાણે કે અથાક ઉદ્યમશીલતા, અપ્રમાદી જીવન અને અનુપમ ચીવટનું જ પૂતળું હતો. અમેરિકામાં એમર્સન જેવા ફિલસૂફે તેને આવકારેલો, સ્પેનના કૅસ્ટેલારે તેને સન્માનેલો, ઇટલી ને જર્મનીમાં પણ તેને માટે માનની નજર હતી, ફક્ત ઇંગ્લંડમાં જ તેને માટે હડધૂત થવાનું હતું; કારણ તેને અંગ્રેજ પ્રજાનું ધર્મ બાબેનું અજ્ઞાન વધુ ખૂંચતું!

વિચારસ્વાતંત્ર્યના આજે સર્વત્ર ફરી વળતા મોજામાં યુવાન વર્ગ વધુ ને વધુ ધસતો જાય છે, અને તેના ઉત્પાદક તરીકે ચાર્લ્સ બ્રાડલૉને તે સપ્રેમ અંજલિ અર્પે છે. ગુજરાતમાં એ મોજાનાં વહેણ વાળવાનો શ્રીયુત નરસિંહભાઇ પટેલનો પ્રયાસ લાંબા કાળનો છે, પણ કશાયે નાવીન્યથી ભડકી ઊઠતા ગુજરાતના રીઢા માનસ પર તેની અસર જ્યારે નીપજે ત્યારે ખરી. હાલ તો બુદ્ધિવાદના એ પેગંબરને સ્વ. ઍની બેસંટે આપેલી અંજલિની જ પુનરુક્તિ કરી વિરમીએ:

Without faith in God, but full of love to man, he led a pure and noble life, and he won the deathless memory in a world made nobler by his living, richer by his sacrifices, poorer by his death. (ઇશ્વરમાં શ્રદ્ધાવિહોણો, પણ માનવપ્રેમથી સભર ભરેલો એ સંત વિશુદ્ધ ને ઉદાત્ત જીવન જીવી ગયો અને પોતાના જીવનથી વધુ ઉદાત્ત, પોતાના આત્મભોગથી વધુ સમૃદ્ધ અને પોતાના મૃત્યુથી વધુ ગરીબ બનેલા જગતમાં અમર નામ જીતી ગયો.)


અશોક હર્ષ

કવિઓને નિમંત્રણ

આગામી ગુજરાતી સાહિત્ય સંમેલન પ્રસંગે ગવડાવવા માટે ઉપયોગમાં લઇ શકાય તેવાં મંગલ અને પ્રેરણાત્મક સુગેય ગીતો તા. ૧૫મી સપ્ટેમ્બર સુધીમાં લખી મોકલવા માટે ગુજરાતના કવિઓને સંમેલનની સ્વાગત સમિતિનું નિમંત્રણ છે. એ રીતે મળેલાં ગીતોમાંથી પાંચ ગીતો પસંદ કરવામાં આવશે અને પસંદ થએલાં ગીતો રચનારાઓની વચ્ચે રૂ. ૫૦નો પુરસ્કાર વહેંચવામાં આવશે

પત્રવ્યવહારનું સરનામું · મંત્રીઓ **બારમું ગુજરાતી સાહિત્ય સંમેલન** ગુ. વ. સોસાએટી, ભદ્ર અમદાવાદ

મોતની શરત . . . . .



બરાબર બે કલાક થયાં લેઇક પોતાના વિમાન સાથે લમણાઝીક કરી રહ્યો હતો. હવે તેણે પ્રયાસ પડતો મૂકયો. થાકેલા ચહેરા પરનો પરસેવો લૂછતો લૂછતો એ મોનોપ્લેન પાસેથી પાછો હટ્યો, ને વાંકી કાંધે એકીટશે તેને જોઇ રહ્યો.

'શું છે લેઇક?' પાછળથી લેફ્ટેનન્ટ હૉર્થોર્નનો માયાળુ ટહુકો સંભળાયો.

'આ જુઓને, હાથ સૂઝી આવ્યા ત્યાં સુધી આ પ્રોપેલર પાછળ મહેનત બરબાદ કરી, પણ એ સેતાનની જિદ્દ જતી નથી. આમ તે મારે ક્યાં સુધી ચલાવવું? મને કોઈ બીજું વિમાન નહિ મળી શકે?'

લેફ્ટેનન્ટ હસી પડ્યો: 'લેઇક, વિમાન તો મેં તને ખાસ પસંદ કરીને જ આપ્યું છે. બાકી થોડી મહેનત તો લેવી જોઇએ ને?' એટલું કહેતો એ રૂપેરી પંખી જેવા પોતાના નવા બાઇપ્લેન તરફ ચાલતો થયો.

હોઠ ચાવતો લેઇક વિમાસણમાં ઊભો રહ્યો. પોતાના વિમાન માટે કરેલી બેહદ ફરિયાદ માટે તેને ધોખો થયો. બીજું કોઇ કેમ નહોતું ફરિયાદ કરતું? શું બીજાઓને કશી મુશ્કેલી નડતી જ નહિ હોય? ત્રણ દિવસ થયાં પોતે સ્કવૉડ્રનમાં ઊડી શકયો ન હતો. 'થોડી મહેનત તો લેવી જોઇએ ને?' લેફ્ટેનન્ટ હૉર્થોર્નના એ શબ્દો તેને પડકાર સમા ન હતા?

'ખેર, આજે તો હું એને ચોક્કસ ઊડી જ દેખાડીશ.' મનોમન તેણે નિશ્ચય બાંધ્યો. ફરી એકવાર તેણે પ્રોપેલર પકડ્યું ને એટલા તો જોરથી દબાવ્યું કે શરીરની નસેનસ બહાર તરી આવી. પ્રોપેલર પર અરધા ટિંગાઈ રહી તેણે હતું એટલું બળ ઠાલવ્યું ને તરત ઘણઘણાટી થઇ. વિમાન પણ આખું ધ્રૂજી ઊઠ્યું. આબાદ! પણ-પણ...

એ સાથે જ લેઇકના જમીન પર અરધા મંડાએલા પગ સરકયા ને એ જમીન પર ઉછળી પડ્યો; અને બીજી તરફ એના કમબખ્ત વિમાને તો જિદ્દી નિશાળિયા જેમ સીધી જ મેદાન પર દોટ મૂકી દીધી!

એ તરત ઊભો થઇ ગયો ને લાગલો જ વિમાન પાછળ દોડ્યો. પણ જાણે હવે ફરી પાનું જ ન પાડવું હોય તેમ તેનાથી કેટલા યે વાર દૂર નીકળી ગએલું તેનું વિમાન તો હવે ફૂદકા લેતું દોડવા લાગ્યું હતું. 'ખલાસ! હવે દોડ નકામી છે!' ફફડતા રહી તેણે દોડવું મૂકી દીધું.

ને એનું વિમાન તો હવે અદ્ધર ચડવા લાગ્યું! ભય, ક્રોધ ને અવશતાથી લેઇક રડવા જેવો બની ગયો. વિમાન તો વધુ ને વધુ ઊંચે ચડતું, વધુ ને વધુ આગળ ધસ્યું જતું હતું......

'ઓહો! લેઇક, તારૂં વિમાન તો ઊડ્યું!'

ગભરાએલે ચહેરે લેઇકે પાછળ જોયું તો હૉર્થોર્ન!

'લેફ્ટેનન્ટ! . . .' વધુ ગભરાવા લાગેલો લેઇક તેને જોતાં જ પોકારી ઊઠ્યો. પણ વધુ બોલી ન શકયો.

લેફ્ટેનન્ટે માત્ર સ્મિત જ કર્યું. આવા સમયે પણ તેને આવી ખામોશીથી મલકતો જોઈ લેઇકને હવે ભય પેઠો. 'લેફ્ટેનન્ટ! હું-હું તેને કાબૂમાં લેવા ગયો, પણ-પણ . . .'

'લેઈક, તને હું ક્યાં ઠપકો આપું છું?' એવા જ મલકતા ચહેરે હૉર્થોર્ને જવાબ આપ્યો: 'એ તો અકસ્માત છે. મેં એ બરાબર જોયું.'

પણ લેઇકને આ શબ્દો સાંત્વન ન આપી શકયા. તેને લાગ્યું કે પોતે ગુનેગાર છે. ગુનેગાર નજરથી જ એ પશ્ચિમમાં અદૃશ્ય થતા પોતાના વિમાનને જોઇ રહ્યો.

'કદાચ એ શિકાગો સુધી એમ ને એમ પહોંચશે.' પાછળથી કોઇનો અવાજ આવ્યો

એ શબ્દો ઉચ્ચારાયા ને આ બંનેના પેટમાં જાણે ઊકળતું તેલ રેડાયું! લેફ્ટેનન્ટ ને લેઇક સફાળા ચોંકી ઊઠ્યા! શિકાગો? શિકાગો? તીડોનાં ટોળાં જેમ વસ્તીથી ઊભરાઇ રહેલું એ શહેર! ને એના પર જઇને લેઇકનું વિમાન પડે?! તો તો મામલો ખલાસ ને?

માત્ર એ કલ્પનામાં પણ ઓછી ભયંકરતા ન હતી. પોતાનું વિમાન શિકાગોમાં જ્યાં પડશે ત્યાં જાનમાલનો કેવો ખુરદો બોલાવી દેશે એ ખ્યાલથી લેઇકનું રૂંવે રૂંવું કંપી ઊઠ્યું. ઊંડું શોચતા ઊભેલા લેફ્ટેનન્ટનો હાથ તેણે ઝડપી લીધો ને બોલ્યો: 'લેફ્ટેનન્ટ, આપણે કંઈ જ ન કરી શકીએ? વસ્તીમાં કોઇપણ ઠેકાણે એ જઇ પડે તો...'

'પણ તું એ માટે તૈયાર છે? હૉર્થોર્ને આશ્ચર્ય

ને આતુરતાથી સવાલ કર્યો.

'હા, હા, બધી રીતે!' હજુ યે થોડી ધ્રૂજ અનુભવતો લેઇકે પોતાનું અકારબ્યું સુધારવાની આશામાં જવાબ આપ્યો.

'એમ ? તો તો ચાલ ઊપડીએ!' કહેતાંક ને લેફ્ટેનન્ટ પોતાના બાઇપ્લેન તરફ દોડ્યો. લેઇક પણ આંધળિયાં કરીને તેની પાછળ દોડ્યો. તે આગલી બેઠકમાં ગોઠવાયો; ને હૉર્થોર્ન પાછલી બેઠકમાં કૅાન્ટ્રોલ સ્ટિક હાથમાં લેતો ગોઠવાયો. થોડીક સીધી દોડ ને બેત્રણ કૂદકા લઇ તેમનું વિમાન સડસડાટ અદ્ધર ચઢી નીકળ્યું.

આથમતા સૂર્યને જાણે ભેટવા ઊપડ્યું હોય એટલી ગતિએ લેફ્ટેનન્ટ હૉર્થોર્નનું બાઇપ્લેન વધી રહ્યું હતું. સૂરજનો લાલ ગોળો તેમની આંખોમાં વારંવાર પાણી આણી મૂકતો. લેઇકની આંખો લગભગ મિંચાએલી હતી. અનેક સંકલ્પવિકલ્પોથી તેનું મગજ ધમધમી રહ્યું હતું. લેફ્ટેનન્ટે તો એ અકસ્માત સંબંધી શબ્દ પણ ઉચ્ચાર્યો નહોતો. પણ આખર જતાં પોતાની ગફલતનો શો અંજામ મળશે તેનો લેઇકને પૂરો અંદેશો હતો.

ત્યાં તો લેફ્ટેનન્ટનો હાથ તેના ખભા પર પડ્યો. તેની તન્દ્રા ઊડી ગઇ. આંખો સમૂળગી ખુલી થઇ. લેફ્ટેનન્ટની ચિંધાએલી આંગળી તેને કશુંક દેખાડી રહેલી જણાઇ. તેણે એ જોયું: બરાબર ખાત્રી કરી લીધી. થોડે જ દૂર, જાણે કોઇ પાયલટથી જ ચલાવાતું હોય તેવી સ્થિરતાથી તેનું વિમાન ઊડ્યે જતું જણાઇ આવ્યું. દૂરદૂર શિકાગોની ગગનચુંબી ઇમારતોનાં શિખરો પણ હવે પાધરાં થયાં હતાં. થોડે જ દૂર આસમાનને ગર્ભમાં સમાવી રહેલાં મિશિગનનાં પાણી દેખાતાં હતાં. ચોક્કસ, એ શહેર શિકાગો જ હતું!

હવે ? એક પછી એક અનેક ગડમથલો લેઇકના ભેજામાં ઊભી થતી ગઇ. 'એ બે-લગામ વિમાનને નાથવા ઊતરવું જ જોઇએ. મોતની દાઢ પકડનારું આવું જોખમ કોઇએ કદી ખેડ્યું હશે ખરું ? ખરા છાતીધડા મરદનું એ કામ, લેફ્ટેનન્ટનો અનુભવ એમાં બરાબર કામ આવે ! પણ ના ! કૅાન્ટ્રોલ સ્ટિક તો તેના હાથમાં જ રહેવી જોઇએ. બાઇપ્લેન પર મારા કરતાં વધુ ચોક્કસ હાથની જરૂર છે. અને લેફ્ટેનન્ટને શા માટે એ મોતની ખીણમાં ઉતારવા ? જવાબદારી તો મારી જ છે. અને એમાં બીજું શા માટે ? શું એ અશક્ય જ છે ? જરા યે નહિ ! લેફ્ટેનન્ટે ત્યારે બીજા કોઇને બદલે મને જ શા માટે સાથે લીધો ?'

લેઇક પોતાની મેળે પોતાને પૉરસ ચડાવવા લાગ્યો. તેણે પહેલાં કદી આવો ખતરો વહોર્યો નહોતો. તેને એ ગમતો પણ નહોતો. પણ આજ ? આજ એ સિવાય બીજો ઉપાય જ ન હતો.

ઘૂંટણોની નાહિંમતને બળજબરીએ કચડી નાખતો હોય તેમ એ ઊભો થયો. 'શાબાશ, લેઇક !' લેફ્ટેનન્ટના સ્મિતભર્યા મોંના એ પાણીદાર શબ્દો વચ્ચે તે આગળ સર્યો. હળવેહળવે બાઇપ્લેનની હેઠલી ડાબી પાંખ પર એ ઊતરવા લાગ્યો. આગળના વિમાનની ગતિ ધીમેધીમે સર થતી હોઇ એ હાથમાં આવવાની તક હવે નિઃશંક બની હતી. પવન વાતો હતો, પણ તે ઠંડો ન હતો. છતાં લેઇકનાં અંગો તો ઠરવા માંડ્યાં હતાં.

તસુ તસું કરી લેઇક તો પાંખની એ રૂપેરી પરથાળ પર આગળ ને આગળ સરતો ગયો. હૉર્થોર્નનો વિમાન પરનો કાબૂ પોતાને રજ પણ આંચ નહિ આવવા દે એવી ખાત્રીથી તે લગભગ પાંખને છેડે પહોંચી ગયો. કદાચ નિષ્ફળ જવાય તો ? તોપણ લેફ્ટેનન્ટને તો તેમાં દોષ દઇ શકાય જ નહિ !

મોનોપ્લેન તેમનાથી વીસ જ ફૂટ દૂર રહ્યું હતું. તેની મોટરનો અવાજ પણ હવે સંભળાતો હતો. ને હવે તો બરાબર તેની ઉપર જ તેઓ આવી લાગ્યા. એટલે સુધી કે જમીન પરથી જોનારને તો ઉપર એક જ વિમાન ઊડતું હોવાનો દૃષ્ટિભ્રમ ઊપજે. બંનેની ઝડપમાં સામ્ય લાવવા હૉર્થોર્ને પોતાના વિમાનની ગતિ ઘણી ઘટાડી મૂકી ને આગલા વિમાનથી તેને સમાંતર રાખ્યું.

હિંમતને અંદરોઅંદર દબાવી દેતો હોય તેમ લેઇકે દાંત ભીંસ્યા. દોડતી મોટર કે ટ્રેનમાંથી કૂદવામાં યે કંઇ ઓછું જોખમ નથી હોતું; ત્યારે આ તો હવાઇ ખેલબાજી હતી. અંતરીક્ષના એ દાવપેચની એક ઝીણી શી ગફલત પણ જાન લઇને જ અટકે. લેઇક એ બાબતથી અજાણ ન હતો. એથી જ તો ઘડીભર એને પોતાની સલામતી જતી ન કરવાનો વિચાર આવેલો. પણ બીજી જ પળે હજારોની સહીસલામતીનો તેને ખ્યાલ આવ્યો ને એ ખ્યાલે તરત જ તેની કાયરતા હઠાવી દીધી હોય તેમ તેના પગ વિમાનની પાંખો પરથી અદ્ધર નીચે તોળાયા.

અને હવે તો માત્ર બે હાથ જ પાંખ પર હતા. એના જ બળ પર તેણે આખા શરીરનું વજન છોડયું હતું. પસાર થતી એકેએક ક્ષણ જાણે કાયમી દોજખનો વાયદો આપી રહી હતી. ને હવે તો તેના હાથ પણ હમણાં ધ્રૂજી ઊઠશે એમ લાગતું હતું. પકડ તો ઢીલી થઇ જ ગઇ હતી.

ત્યાં તો 'લેઇક, ઝુકાવ!' એવા માત્ર બે જ શબ્દો તેને કાને પડયા. પણ એ શબ્દો સાથે જાણે હાથની સક્રિયતાનો ગેબી સંકેત હોય તેમ, તે વિમાનની પાંખ પરથી છૂટી પડયા!

કયાં? તેને એ સવાલ ઊઠે તે પહેલાં તો પોતાના ભાગેડુ વિમાનના કૉકપિટમાં જ તે જઇ પડયો હતો! કાબેલ લેફ્ટેનન્ટ હૉર્થોર્ને અણીને ટાંકણે જ તેને તારાજ઼ કરી હતી. પોતાની જાન સલામત જોઇ લેફ્ટેનન્ટને બે શબ્દો પ્રશંસાના સંભળાવવાનું મન લેઇકને થયું. પણ ત્યાં તો એક નવી જ આફત ઊભી થઇ!

અત્યાર સુધી પાઇલટ વગર પણ સીધા ઊડયે જતા વિમાને હવે એકાએક સીધી ડુબકી (nose-dive) જ મારી! પોતાના ઓચિંતા ભારથી એ બન્યું કે કૉન્ટ્રોલ સ્ટિકના ખોટા ઉપયોગથી, તે કંઇ લેઇક નક્કી ન કરી શકયો. સડસડાટ કરતું તેનું વિમાન નીચે જવા લાગ્યું. કાન વીંધી નાખતો મોટરનો કર્કશ અવાજ જાણે તેના મગજમાંથી જ ફૂટી નીકળતો હતો. તેનાં લમણાં ચસકા મારવા લાગ્યાં ને આખા શરીરનો ભાર તોળેલા તેના હાથ પણ કળવા લાગ્યા.

પણ આ તો જીવનો સોદો હતો. એવે પ્રસંગે આવી વિવશતા કેમ પોસાય? તેણે એક ઊંડો શ્વાસ લીધો ને પોતાની ભૂલ સુધારવા તેણે કૉન્ટ્રોલ સ્ટિક પર હાથ નાખ્યો. પણ મોટરના વધુ કર્કશ અવાજ ને વિમાનની વધુ ખતરનાક સ્વચ્છંદતા સિવાય કશો જ ફાયદો માલૂમ ન પડયો.

નીચે... નીચે... નીચે! આકાશનો ઘેરાવો લેઇકની દૃષ્ટિમર્યાદામાં વધુ ને વધુ સાંકડો થતો ગયો. તે ને તેનું વિમાન વધુ ને વધુ નીચે સરતાં ગયાં. મિશિગનનાં હિલોળનાં પાણી જાણે તેને ઠંડો આવકાર આપી રહ્યાં હતાં!

લેઇક બધા બળપૂર્વક કૉન્ટ્રોલ સ્ટિકને વળગી રહ્યો. જાણે કોઇ અંધારા ભયંકર ગર્તમાં ધકેલાતો હોય તેમ વધુ ને વધુ નીચે અને વધુ ને વધુ ઝડપે તે સરતો જતો હતો. બેબાકળો ન બનવા છતાં તે બેહોશ જેવો તો થઇ જ ગયો હતો. દોજખ વળી આથી ખરાબ હોઇ શકે?

'ચાલો ત્યારે!' તેણે છેલ્લો પાસો નાખ્યો. જિદ્દી પ્રોપેલરને જેવી રીતે ખેંચેલું એવી જ રીતે તેણે સ્ટિકને પોતા તરફ ખેંચી જરાક હલી એટલે બમણા બળપૂર્વક દબાવી.

ઓ... હો! એન્જિનનો કર્કશ અવાજ જાણે શમવા લાગ્યો! લેઇકનો છેલ્લો પ્રયાસ સફળ થયો જણાયો.

હળવે હળવે આકાશનો પટ તેની દૃષ્ટિમાં વધુ ને વધુ આવતો ગયો. મિશિગનનાં કોણવર્તી પથરાએલાં પાણી હવે સમથલ જણાવા લાગ્યાં. અને પછી તો ભૂરું સરોવર ને આલેશાન ઇમારતો જાણે કયાં યે અદૃશ્ય થઈ ગયાં. લેઇકની સામે આકાશનો અફાટ વિસ્તાર જ પથરાઇ રહ્યો. સમતોલ બનેલા વિમાનને હવે તો રમકડા જેમ કાબૂમાં લઇ શકાય તેમ હતું. રોજનો પરિચિત અવાજ કાઢતા વિમાનને આશ્ચર્ય ને સંતોષથી જોઇ રહેલા લેઇકે છુટકારાનો દમ ખેંચ્યો. અને તરત પોતાના સ્થાનક તરફ તેણે વિમાનનો મોરો ફેરવ્યો. હૉર્થોર્ન તેની પાછળ જ હતો.

અને હવે તો કૉકપિટને આરામથી અઢેલીને એ બેઠો. કેટલા લોકોનો પોતે કાળ બન્યો હોત એ વિચારે તે સહેજ કંપી ઊઠયો, પણ પછી તરત, મોતની શરત ખેલીને પણ પોતે કેવો એ અકસ્માત બચાવ્યો હતો એવા અભિમાને તેની છાતી ફૂલી ઊઠી. કોણ કહે છે કે આકાશી ઊંડાણમાં સાહસનું સ્થાન નથી? આ સાહસની રોમાંચિતતામાંથી થએલા સાંગોપાંગ બચાવે પોતાના વિમાન માટેના પણ તેના બધા પૂર્વગ્રહો ફેરવી નાખ્યા હતા. આજ એ ઉડ્ડયનનો વીરોત્તમ સાબીત થવાનો.

આખરે સ્કવૉડ્રન આવી પહોંચ્યું. પાળેલા જનાવર જેમ સફાઇબંધ તેનું વિમાન નીચે ઊતરી આવ્યું. ઘેરી વળેલા પાયલટોના ઘેરામાંથી પસાર થતાં, ઊતરતા બાઇપ્લેનમાંથી હૉર્થોર્નનો મુબારકબાદી આપતો રૂમાલવાળો હાથ તેની નજરે પડયો. તેને પ્રત્યુત્તર આપતો લેઇક લેફ્ટેનન્ટ પાસે પહોંચ્યો ને આ ઉડ્ડયનની ખુશબખ્તી ઉડાવવા તે સીધો તેને અફસરોના ખાસ કમરામાં ખેંચી ગયો.

(અંગ્રેજી ઉપરથી) 'રોનિન'

ઉત્તર ગુજરાતની અંબા



જેના ખોળામાં ખાંતેખાંતે ખૂંદી શકાય, જેના ખભા પર ચડીને ખેલી શકાય, જેના કાનમાં ફાવે તે કહી શકાય અને જેના વાત્સલ્યને વરતી શકાય એવી ઉત્તર ગુજરાતના માનવ-સમાજની વહાલસોયી માતા ....

બેવટો

વાકળની સાથે પૂર્ણયોગ પામ્યા પછી ધીર-ગભીર બનેલી સાબર ટેકરાઓ અને ડુંગરાઓ વચ્ચે સફાઇથી માર્ગ કાપતી નીચે અને નીચે ઊતરવા માંડે છે—ડુંગરની દીકરી મટી હવે સપાટ-પ્રદેશની સુંદરી થવા એ સહેજ ઉતાવળી થાય છે. પણ ઉતાવળમાં યે છેક ઉપરથી નીચે ધોધરૂપ બનીને એ ધસતી નથી અથવા ફાળ ભરીને એ કયાંય કૂદી પડતી નથી. એનું સમધારણ વહેન એકધારૂં જ વહ્યા કરે છે. માત્ર એનું સમથલ પેટાળ સહેજ ત્રાંસમાં ઝૂકી ઢોળાવનું રૂપ ધારણ કરતું હોય એમ લાગે છે. આમ માઇલો સુધી વહી સપાટ પ્રદેશમાં એ પહેલવહેલી દાખલ થાય છે ત્યાં જ ભીમા અને કોસામ્બીનાં પાણી લઇને હરણાવ હળવેથી તેને મળવા આગળ આવે છે.

મારવડા ને વિજલાસણની બાજુમાં જ્યાં સાબરમતીને હરણાવ નદી મળે છે તે સ્થળને લોકભાષામાં 'બેવટો' કહે છે. બે નદીઓના સંગમ માટે આ શબ્દ મેં અહીં જ પ્રથમ વપરાતો સાંભળ્યો, અને મને થયું કે લોકોએ કેટલો ટૂંકો અને સુંદર ઘરગથુ શબ્દ સંગમ માટે શોધી કાઢ્યો છે! ત્રિવેણીસંગમ માટે એ જ પ્રમાણે 'તેવટો' અથવા 'ત્રેવટો' શબ્દ વાપરી શકાય કે કેમ એ સહજ પ્રશ્ન થયો, અને વિચારમાં ને વિચારમાં મેં સાથેના ભાઇને સવાલ પૂછ્યો કે ત્રણ નદીઓના સંગમ માટે 'ત્રેવટો' શબ્દ વપરાય છે ખરો? એ ભાઇ તો આ બેવટો બતાવવા પૂરતા જ સાથે આવેલા, એટલે એમને આ 'ત્રેવટા'ના પ્રકરણમાં હું ઊતરી પડ્યો એ કદાચ વિચિત્ર પણ લાગ્યું હોય. એટલામાં મને યાદ આવ્યું કે આપણે 'ત્રેવટી' દાળ એવો શબ્દપ્રયોગ કરીએ છીએ ખરા. ગમે તેમ, પણ ત્રણ નદીઓના સંગમ માટે 'ત્રેવટો' શબ્દ મેં વપરાતો હજી સાંભળ્યો નથી.


અહીં 'બેવટો' શબ્દ આજુબાજુનાં ગામડાંઓમાં એટલો બધો પ્રચલિત છે કે સંગમ ઉપર જવું છે એમ કહીને જો આપણે લોકને રસ્તો પૂછીએ તો એ સામો પ્રશ્ન પૂછે કે 'કયાં જવું છે?' પણ બેવટા પર જવું છે એમ કહીએ તો તરત જ રસ્તો બતાવે. બીજે કોઇ સ્થળે નહિ અને અહીં આ 'બેવટો' શબ્દ વધારે પ્રચારમાં છે એ વિષે મને જરા નવાઇ તો લાગી. 'બેવટો' શબ્દ જાતે તો ગમે તે બે નદીઓના સંગમ માટે વાપરી શકાય, છતાં તે બીજે વપરાશમાં હોય તેમ નથી લાગતું. કદાચ એમ પણ હોય કે ઘણીખરી નદીઓના સંગમ ઉપર એકાદ મહાદેવનું અથવા એવું મંદિર હોય છે, એટલે લોક ત્યાં જવા માટે 'મહાદેવે જવું' વગેરે શબ્દપ્રયોગ કરે છે, જેથી તેમને સંગમ માટે ખાસ ટૂંકો શબ્દ શોધવાની જરૂર પડતી નથી. કેટલેક સ્થળે તો સંગમ ઉપરના આવા મહાદેવોને 'સંગમનાથ' અથવા લોકભાષામાં 'સૉંગવનાથ' તરીકે ઓળખવામાં આવે છે, એટલે પૂછીએ તો 'સૉંગવનાથ જવું છે કે?' એમ કહી લોક રસ્તો બતાવે. આવા બે સંગમનાથ મારી સ્મૃતિમાં પણ છે;—એક હાથમતી અને ઘઉંઆવ નદીના સંગમ ઉપર, બીજા હાથમતી અને ઇન્દ્રાશી નદીના સંગમ ઉપર. સાબરમતી અને હાથમતીના સંગમ ઉપર આવા કોઇ સંગમનાથ નથી તો છેવટ 'સંગપૂર' કરીને એક ગામ છે. લોકો એને

સંગમશોભના સાબરમતી

‘ખભે ખડિયો’ વિભાગ

શંખપૂર’ પણ કહે છે, છતાં એનું મૂળ નામ સંગમ ઉપરથી સંગમપુર જ હોવું જોઈએ એમ અનુમાન થાય છે. બે રાજ્યોની સરહદ મળતી હોય ત્યાં પણ કવચિત ‘સંગમપુર’ નામનું ગામ હોય છે. દાંતા રાજ્યમાં ‘તરસંગ’ કરીને એક ગામ છે જેનું સંસ્કૃત નામ ‘ત્રિસંગમપુર’ મળી આવે છે તે કદાચ ત્રણ રાજ્યોની સરહદ જૂના સમયમાં મળતી હોવાના કારણે પણ હોય.

બેવટા શબ્દ વપરાશમાં આવવાનું કારણ એમ હોય કે હરણાવ અને સાબરના સંગમ ઉપર કોઇપણ મંદિર નથી એટલે લોકોને એ સ્થળ માટે સીધો જ કોઇ ટૂંકો ઘરગથુ શબ્દ વાપરવાની જરૂર પડી હોય. ગમે તેમ પણ આ સંગમ ઉપર એવા કોઈ મહાદેવ અથવા મંદિર નથી એ જાણીને મેં ઉત્સાહથી છુટકારાનો દમ ખેંચ્યો. ઘણેખરે સ્થળે સંગમ ઉપર મહાદેવનું મંદિર હોય અને કાંઠે પાંચપંદર વૃક્ષો હોય એટલે એ જગ્યાથી સંગમ કેવો શોભે છે એ જોવા ખાતર પણ આપણે ત્યાં સાધારણ રીતે જઇએ જ. ત્યાં જાઓ એટલે ઘણુંખરૂં તો કોઇ બાવો તમને ભેટી જવાનો, અને તમારી ઇચ્છા હોય કે ન હોય તો પણ એનું ‘દૂધ’ કયું છે, એ કયાંથી કેવી રીતે અને કયારે એ સ્થળમાં આવ્યો, બધા ચેલાઓમાંથી ગુરુજીએ ખાસ એને જ કેમ પસંદ કર્યો, આવા ભયંકર સ્થળમાં



મહાદેવની કૃપા સિવાય બીજો કોઇ રહી પણ શકે નહિ, વગેરે હજાર જાતની વાતો તમારે સાંભળવી પડે. એના કથનમાંથી કેટલા ટકા બાદ કરીને માનવું એનો હજી જ્યાં તમે વિચાર કરતા હો ત્યાં તો 'બચ્ચા એક સુવાલ હૈ' એમ પ્રસ્તાવ કરીને એ ગાંજાતમાકુ માટે પૈસાની માગણી કરે ત્યાં તમને 'જુવાબ' આપવો જ ભારે થઇ પડે!


બેવટા ઉપર આવતાં પહેલાં સાબર એક ઝોક ખાઇ વહેણની દિશા ઉત્તર-દક્ષિણથી ફેરવી સહેજ ત્રાંસમાં પૂર્વ-પશ્ચિમની કરી નાખે છે. બેવટા ઉપર આવતાં તો એનું મુખ સીધું પશ્ચિમ તરફ જ હોય છે, અને બંને નદીઓ મળ્યા પછી પણ લાંબે સુધી પૂર્વ-પશ્ચિમ દિશાએ જ વહે છે. એની ગતિ હમેશની રીતે સરલ, માર્દવયુક્ત અને નિર્મળ રહે છે. એ નથી અચકાતી કે નથી ધસી પડતી, નથી વિભ્રમો રચતી કે નથી ધરામાં લપાઇ પડતી. માત્ર છેક જ નજીક આવે છે ત્યારે, મોટી બહેન જેમ નાની બહેનને બોલાવવાને વામ હસ્ત લંબાવીને પહેલ કરતી હોય તેમ, મુખ્ય વહેણ બદલ્યા વિના એ એક નાનું ઝરણ હરણાવ તરફ મોકલે છે. વહેણના આમ દ્વિમુખવહનથી એ જગ્યાએ એક નાનોસરખો ત્રિકોણાકાર રેતીનો સપાટ બેટ બની રહે છે અને ત્યાંથી સાબરમતી અને હરણાવનાં જુદાંજુદાં અને એકત્ર વહેણો વારાફરતી જોવાની મજા પડે છે.

આમ સાબર તો નિયમિત રીતે જ એકધારી વહ્યા કરે છે, પણ હરણાવ તો જાણે પોતાનું અસ્તિત્વ ગુમાવતાં પહેલાં બધું જ બળ એકઠું કરી લેતી હોય તેમ સંગમ ઉપર આવતાં પહેલાંના અર્ધા માઇલમાં જુદું જ રૂપ ધારણ કરે છે. એનું પેટાળ ઊંડું થઇ જાય છે, એના કાંઠા ઊંચા બને છે અને તેમાં અહીંતહીં ઊંડા ધરાઓ પડી જાય છે. છેક સંગમના મુખ ઉપર જ એમાં એક વિશાળ ઊંડો ધરો છે અને એનાં કાળાંભમ્મર પાણીમાં પુષ્કળ મગરો રહે છે. બરાબર બંને નદીનાં પાણી જ્યાં મળે છે ત્યાં અમે સ્નાન કરતા હતા, એટલામાં હરણાવ તરફથી તરતો તરતો એક મગર આવ્યો, પણ ઊંડાં પાણી સુધી આવી અટકી ગયો. કારણ કે સંગમ થાય છે એ જગ્યાએ પાણી છીછરાં છે. ત્યાંથી થોડે દૂર આગળ સાબરનું બાલઝરણ નદીમાત તરફ હરણાવને સમજૂતથી લઇ જાય છે, અને બંને નદીઓનો પૂર્ણ સંયોગ થાય છે.

સંગમ ઉપર મારવડા ગામની દિશામાં સૌથી વધારે ઉંચાણવાળી જમીન લાંબે સુધી આવેલી છે અને તેનો એક ખૂણો છેક સંગમની લગોલગ આવે છે. કહે છે કે ચોમાસામાં જ્યારે બંને નદીઓમાં પૂર હોય છે ત્યારે બંનેનાં પાણી અહીંથી જોવાનો ખૂબ આનંદ આવે છે. એ વખતે સાબરનાં પોતાનાં જ પાણી એટલાં બધાં હોય છે કે પ્રથમ તો એ હરણાવનાં પાણીને સંઘરતી નથી, અને તેથી હરણાવનાં પાણી પાછાં ઠેલ મારે છે. ક્વચિત જો બંને નદીઓમાં ઘોડાપૂર હોય તો દિવસો સુધી હરણાવ-કાંઠાનાં ગામડાંઓનો જનવ્યવહાર અટકી પડે છે, અને સાબરનાં પાણી મોળાં પડે તે પછી જ તેનું ઠેકાણું પડે છે.

બેવટા ઉપરનો શોભન સંગમ મેં પ્રથમ જોયો એ દિવસ ઓગણીસમી નવેમ્બરનો હતો. શિશિર ઋતુની શરૂઆત થઇ ગએલી હતી એટલે દિવસ ટૂંકો હોવાના કારણે મારવડાથી અમે સાંજના સાડા ત્રણના શુમારે સંગમ તરફ જવા ઉપડેલા. મહુડાં અને આંબાઓ વચ્ચે કેટલુંક અંતર કાપ્યા બાદ બોરડીનાં ઝુંડોનું એક ઠીકઠીક મોટું જંગલ આવે છે અને તે છેક સંગમના સ્થાન સુધી ચોમેર વિસ્તરી રહે છે. અમારી સાથે એક ઘોડો હતો તેના ઉપરથી ઊતરી જઇ તેને દોરતા દોરતા બોરડીઓમાંથી માર્ગ વટાવતા વટાવતા હરણાવને કાંઠેકાંઠે આશરે પોણો માઇલ ચાલીને અમે સંગમ ઉપર પહોંચેલા. આડે દિવસે જો બોરડીના એકાદ જંગલને ભેટી ગયા હોત તો બોરનો પેટપૂરણ ધરવ કરી જ લેત, પણ સંગમ ઉપર પહોંચવાની ઉતાવળને લીધે આજે એવું કરી શકાય તેમ ન હતું. છતાં, રસ્તામાં મોઢું ચાલુ રાખવા ઉપરાંત સંગમ પર પહોંચ્યા બાદ ખાવા જેટલાં બોર તો ખીસામાં ભરી જ લીધાં.

સંગમ ઉપર પહોંચતાં પહેલી જ છાપ આખી સૃષ્ટિ જાણે ખુલી જતી હોય એવી વિશાળતાની પડે છે. સામાન્ય રીતે જ્યાંજ્યાં બે નદીઓના સંગમ થાય છે એ સ્થાને નદીતટ વિસ્તરી રહે છે, પટ પહોળો બની જાય છે, આકાશ અને પૃથ્વીનાં અંતર ઉકલી જતાં હોય એમ ચોમેર ભર્યુંભર્યું ભાસે છે, અને



પૃથ્વીનાં પાંચેય તત્ત્વો વિશાળતાને વરતાં હોય એવું રૂડું લાગે છે. ગમે એવી નાની બે નદીઓ હોય, તોપણ સંગમ ઉપર તો એ શોભી જ ઊઠવાની. કોણ જાણે કેમ, પણ મિલન એટલે મહત્તા અને સંગમ એટલે શોભા એવું સૃષ્ટિનું રહસ્ય જ ન હોય એમ સંગમમાત્ર સુંદર સ્વરૂપ ધરી રહે છે. અને એ સુંદરતા લોકહૃદયને પણ એટલી બધી સ્પર્શી છે કે એણે સંગમસ્નાનને ધાર્મિક સ્વરૂપ આપી દીધું છે. ત્રિવેણી-સંગમના ગવાએલા અપૂર્વ મહિમાની વાત અળગી રાખીએ તોપણ લોકોએ નદીસંગમોને શોધીશોધીને પૂજ્યા છે, ત્યાં સ્નાન કર્યાં છે, મંદિરો ચણાવ્યાં છે, મહાદેવો સ્થાપ્યા છે અને ક્વચિત મેળાઓ પણ ભર્યા છે.

લાંબે સુધી નજર નાખી શકાય એટલો વિશાળ પટ, ક્ષિતિજ ઉપર ઝઝૂમતા ડુંગરાઓ અને દૂર દેખાતી માણેકનાથના ડુંગરની ઊંચી ટોચ, એ ત્રિવિધ શોભાને હૃદયમાં ભરતા અમે થોડી વાર કિનારા પર અને વહેનમાં અહીંતહીં ઘૂમ્યા અને પછી નહાવા પડ્યા. અમે નહાતા હતા એટલામાં દક્ષિણ કાંઠાના જંગલમાંથી એકાએક બે માણસો બહાર આવીને નદીનાં પાણી ડખોળતા ડખોળતા સામે પાર જવા લાગ્યા.

એમનાં કાળાં શરીર અને ખભે ઝુલતી બંદૂકો જોઇને અમને એમની સાથે વાતચિત કરવાનું મન થયું. વાતચિતમાં જણાયું કે સામેના વિજલાસણ ગામના એ ઠાકરડા હતા અને ઢોરની તપાસ કરવા નીકળ્યા હતા. પ્રવાહને પાર કરીને ઉત્તર તરફ એ ચાલ્યા ગયા. સંગમની ઉત્તરે રેતીનો વિશાળ પટ છે અને ત્યાં રીતસર કાંઠા જેવું નહિ હોવાથી છેક દૂરની ટેકરીઓ સુધી તે વિસ્તરતો માલૂમ પડે છે. દક્ષિણ તરફનો કાંઠો ઊંચો અને બાંધેલા જેવો હોવાથી ઉત્તર તરફનો આ ભાગ વિશાળ મેદાન જેવો લાગે છે. એ મેદાનમાં ડગ ભરી આઘેઆઘે અદૃશ્ય થતા આ બે આદમીઓ ચોમેરની નિઃસ્તબ્ધતામાં સ્ફૂર્તિના બે ચેતન અણુઓ સંચાર કરી જતા હોય એવા લાગતા હતા.

સંગમ ઉપર સાહેલીઓ રમવાને ટોળે મળી હોય એવી ટેકરીઓ ઉત્તર તરફના ક્ષિતિજ ઉપર ઝઝૂમી રહે છે. એમાંથી ત્રણ બરાબર ઊંચી ડોક કરીને સંગમને ટીકીટીકી નીરખતી હોય અને જાણે હમણાં જ બોલી ઊઠશે એવી લાગે છે. એ શા કારણે આમ સ્તબ્ધ જેવી ટીકી રહી હશે એનો હું વિચાર કરતો હતો એટલામાં તો એકની બાજુમાંથી, કોઇએ સળગાવેલી તાપણીના હૈયાની વરાળ જેવા ધુમાડાના ગોટેગોટ નીકળ્યા ને ધીમેધીમે આકાશમાં પથરાઇ ગયા.

અંધારૂં થઈ જાય એ પહેલાં બોરડીનું જંગલ વટાવી જવા અમે ઉતાવળથી પાછા ફર્યા બોરડીઓમાં પેસતાં ફરીથી એક વાર મેં નજર ભરીને સંગમને નીરખી લીધો, અને પછી ઝપાટાબંધ અમે ચાલવા લાગ્યા. અમારો ઘોડો નદીના ભાઠામાં ચરીને તાજો થએલો હોવાથી અને પડતી રાત પહેલાં ખીલે પહોંચવાની ઉત્કંઠાથી ઉતાવળો ડગ ભરતો હતો અને અમને સવિશેષ ઉતાવળે ચાલવાની ફરજ પાડતો હતો.

કોટચર્ક

સાબરમતીનો ત્રીજો અગત્યનો સંગમ તે કોટચર્કથી ૧–૧॥ માઇલ દૂર સંગપુર ગામ પાસે સાબર અને હાથમતીનો છે, જ્યાં લોકમત પ્રમાણે સાબર 'સાબરમતી' બને છે. એ પહેલાં તો ઘણુંખરૂં એ સાબરના નામથી જ ઓળખાય છે. આ ત્રણે સંગમો સાબરના બંધારણમાં વિશિષ્ટ સ્થાન ભોગવી રહે છે. ચિત્રવિચિત્રેશ્વર આગળ વાકળનાં પાણીથી સાબરનો દેહ બંધાય છે, બેવટા ઉપર હરણાવ એને વિસ્તાર આપે છે અને કોટચર્ક પાસે હાથમતી જોડે હાથ મિલાવીને એ મહાનદીનું રૂપ ધારણ કરે છે.

હાથમતીનાં ઘણાંખરાં પાણી હવે તો હિંમતનગર પાસે એક મોટો બંધ બાંધીને નેહરરૂપે વાળી લેવામાં આવ્યાં છે અને લોકભાષામાં 'કાંસ' તરીકે ઓળખાતી એ નહેરનું વહેન સામાન્યરીતે એક સારીસરખી નદી જેટલું રોજરોજ વહે છે. પણ આમ એ બંધાયા પહેલાં જ્યારે હાથમતીનાં પાણી સાબરમતી સુધી ભરપૂર વહેતાં હશે ત્યારે સંગમનું દૃશ્ય કેવું હશે એ તો આજે કહી શકાય તેમ નથી. આજે તો બંધ પછી કૃશ દેહ ધારણ કરીને હાથમતી આગળ વધે છે અને છેક સુધી નામ નદી જ રહે છે. પાલપટ્ટાના ડુંગરાઓમાં ભેખડોમાં કોતરો પાડીપાડી પત્થરની કાળીભમ્મર છીપરો ઉપર વાઘણની ચાલે ચાલતી હાથમતીને જેણે જોઇ હોય એ તો ભાગ્યે જ સંગમ ઉપરની હાથમતીને ઓળખી શકે.

વહેનની ઉત્તર દક્ષિણ દિશા સાચવી રાખી ચાલી આવતી સાબર સંગમ ઉપર હાથમતીને ઉરમાં સમાવી લેવા હૈયું ખોલતી હોય એમ, સહેજ વિસ્તાર પામે છે. હાથમતી ઉત્તર-દક્ષિણના ત્રાંસમાં પૂર્વ-પશ્ચિમ વહેને આવી સીધી સાદી રીતે સાબરને મળી જાય છે અને પછી એક થએલાં પાણી થોડે આગળ વધી જાણે સંગમની શોભા જોવા પાછાં ફરતાં હોય તેમ દિશા બદલી એકદમ અવળાં થઇ એક વિશાળ ચકરાવો લે છે; અને એમ ને એમ ૧॥–૨ માઇલ સુધી અર્ધચન્દ્રાકારથી પણ વધુ મોટા—લગભગ વર્તુલના વાંકમાં વહી છેક વાઘપુર પાસે આવતાં મૂળ દિશા સાધે છે. નદીસુંદરી વક્રમુખ ફેરવીને જાણે પોતાની જ શોભા જોઇ જોઈ મોહ પામી જતી હોય અને ત્યાંથી વિમુગ્ધ નજરને પાછી ખેંચી શકતી જ ન હોય એમ લાંબે સુધી ચમકતી ઝબકતી ચાલે વાંક વળતી વળતી આગળ ચાલે છે.

એ વિશાળ વાંકની વિશિષ્ટ શોભા ડુંગર ડુંગર જેવડા ઊંચા કાંઠા છે. વાંક જેમજેમ આગળ વધે છે તેમતેમ નદીના જમણી બાજુના કાંઠા ઊંચા ને ઊંચા થતા કોટચર્કના પુરાતન મંદિરની આસપાસ સૌથી ઊંચા દેખાય છે. ત્યાંથી આગળ વધીને વાઘપુર પાસે એ નીચા નમી જાય છે. પોચી ગોરાડ માટીવાળી જમીનને કોતરી કાઢીને નદીએ ઊંચા કોટની

દિવાલો ચણી લીધો હોય એવો એથી આભાસ થાય છે. આખું વહેન એ ઊંચી દિવાલોને ઘસાઇને ચાલે છે અને ડાબી બાજુ રેતીનો મોટો પટ વિસ્તરી રહે છે, જ્યાંથી ઉપરના ભાગમાં ઘણાં ઝાડ અને ઝાંખરાં-વાળું એક જંગલ આવી રહ્યું છે. એ ભાગમાં એક તૂટેલો કુંડ છે જેને 'સૂર્યકુંડ' તરીકે ઓળખાવવામાં આવે છે. ચોમેર મોટી ઇંટોના ટુકડા પડેલા છે એથી પુરાતન કાળમાં એ સ્થાન વસતીવાળું હોય એ સંભવિત છે. આવા અનેક ભાંગલાતૂટલા કુંડોને સૂર્યકુંડ તરીકે અને આજુબાજુની ઇંટોને કોઇ કનકપુરી કે કનકાવતી નગરી તરીકે ઓળખાવનારી પુષ્કળ દંતકથાઓ આપણા દેશમાં પ્રચલિત છે, એટલે એને ઇતિહાસ માનીમાનીને થાકેલું મગજ એમાં કેટલું સત્ય છે તેનું સંશોધન કરવાની પણ લગભગ ના પાડે છે.

વાંકના અર્ધથી યે ઉપરના ભાગમાં કોટચર્કનું મંદિર બરાબર કિનારાના એક ઊંચા ટેકરા ઉપર જ આવેલું છે. ઉપર જવા માટે એક મોટો ઢોળાવ છે અને તેના ઉપર એક રૂપાળી પગથી છે. વાંકીચૂકી ઉપર જતી એ સ્પષ્ટ અને સુરેખ કેડી જાણે પૃથ્વીમાતાએ આશ્ચર્યથી જીભ બહાર કાઢી દીધી હોય અથવા કોઇ ઉતાવળો અજગર આકાશમાં ઊંચે ચડી જતો હોય એવી સુંદર શોભે છે. ઉપરનું પુરાતન મંદિર તો આજે પડુંપડું સ્થિતિમાં છે. ત્યાં પૂજાનો ભારે ઠાઠ નથી, કારણકે કોટચર્કના ઉપાસક ખડાયતાઓએ મહુડી ગામની બાજુમાં એક નવું મંદિર ચણાવેલું છે અને ત્યાં ઊતરવા માટે ધરમશાળા પણ છે; એટલે આ સ્થળે તો રડ્યાખડ્યા યાત્રીઓ આવીને દેવનાં દરશનથી મન મનાવી ચાલ્યા જાય છે. મંદિરમાં તો બીજું કાંઈ ખાસ જોવા જેવું નથી. જોકે એને જોતાં જ એનાં ચણતરની બાંધણી આકર્ષક લાગે છે. પણ પ્રવેશદ્વારની બાજુમાં એક રેતાળ પત્થરમાંથી કોરેલી શિલ્પમૂર્તિ છે એ ખાસ ધ્યાન ખેંચે છે. એક હેતાળ માતા અને બે બાળકોનું એ એક કુટુંબચિત્ર છે; માએ દીકરાને સોડમાં લીધો છે અને બાજુમાં લાડકવાયી ઊભેલી છે. એ ત્રણે જણ જાણે કોઇની રાહ જોઇ રહ્યાં હોય એમ ઊભાં છે, અને જેની રાહ જોવાય છે તે થોડી વારમાં જ ચોક્કસ આવશે એવી શ્રદ્ધાનો ઉલ્લાસભાવ એમનાં મુખ પર લાગે છે. હિંદુ શિલ્પમાં કુટુંબભાવના આલેખનનો એ એક સારો અવશેષ છે.*

ખરી મઝા તો મંદિરના ઘુમ્મટ ઉપરથી અને તેની બાજુની અગાસીમાંથી સાબરને જોવાનો છે. આખો વિશાળ વાંક ત્યાંથી આંખમાં આવીને સમાઇ જતો હોય એટલો સ્પષ્ટ અને સુરેખ દેખાય છે. ઝંકાર કરતી કરતી એ કોઇ સુવર્ણઝાંઝરી પૃથ્વીમાતાના પાયને વીંટળાઇ વળી હોય એવું ઊંચેથી લાગે છે. મને બરાબર યાદ છે કે પ્રથમ એ સ્થાનેથી મેં સાબરમતીને જોઇ ત્યારે સૂરજ આથમવાની તૈયારીમાં હતો, અને વર્ષાઋતુનાં જળભર્યાં વાદળમાંથી પ્રતિબિંબિતથતી પ્રકાશની આભા નદીનાં પૂરને તપાવેલા સુવર્ણના રસ જેવી લાલચોળ બનાવી રહી હતી. પૂર ઓછાં હતાં એટલે રતુમડી રેતીનો વર્તુલાકાર વિશાળ પટ ત્રાંબાના એક મોટા થાળ જેવો પથરાઇ રહ્યો હતો અને એ થાળની કોરેકોરે કનકરસ ફેર ફરી રહ્યો હોય એવો નદીનો દેખાવ હતો. સૂરજ આથમી જશે એ બીકે દોડીને ઉપર ચડેલો હું હાંફતોહાંફતો આભો બનીને એ જોઇ જ રહ્યો. એ દૃશ્યની મગજ ઉપર ઊંડી અસર પડી, તે એટલે સુધી કે આજે પણ ક્વચિત સાબરને હું સંભારૂં છું તો તરત જ એ દૃશ્ય નજર સામે તાદૃશ તરવરી રહે છે. ત્યાર પછી તો એ જ સ્થળેથી મેં સાબરને જુદાજુદા સમયે જુદાજુદા લેબાસમાં જોઇ —આખી એક પૂર્ણિમાની રાત ત્યાં ગાળી—પણ પ્રથમની છાપ તો અપૂર્વ અને અદ્વિતીય જ રહી છે.

કોટચર્કના પુરાતન મંદિરની અગાશીમાં ભાદરવી પૂનમની એક આખી રાત મેં ગાળેલી. એ રાતે ચંદ્રગ્રહણ થવાનું હતું એટલે જેમ બને તેમ વધુ સમય ચાંદનીનો આસ્વાદ લેવા ચંદ્રોદય પછી તરત જ હું ઉપર ચડી ગએલો. ગ્રહણ તો મધરાત પછી થવાનું હતું, એટલે ખૂબ વાર સુધી હું ત્યાં ને ત્યાં જ જાગતો બેસી રહેલો. વર્ષાઋતુ હમણાં જ વીતેલી હતી એટલે નદીનાં પાણી આછરી ગએલાં હતાં, છતાં આસો માસની શુભ્ર વિશદતા એને વરેલી ન હતી. પ્રવાહ સામાન્ય કરતાં વધુ પહોળો અને જોરદાર હતો અને એના વળાંકો ઉપર ઠેરઠેર ચંદ્રનાં કિરણો ઝબકારા મારતાં હતાં.

* આ શિલ્પમૂર્તિનું ફોટોચિત્ર તથા આ કથાનું વિગતવાર વર્ણન 'કુમાર'ના ૬૧મા અંકમાં આવી ગયાં છે, તે જિજ્ઞાસુએ જોવા જેવાં છે.

સામેનો વિશાળ પટ જાણે પૃથ્વી ઉપર રૂપાની ધાતુનાં પતરાં જડી લીધાં હોય એવો લાગતો હતો અને જંગલ-નાં ઝાડ પ્રવાસે નીકળેલા પંથીઓ થાકથી ઊભાઊભા જ માથું ઢાળીને ઊંઘી ગએલા હોય તેવાં જણાતાં હતાં.

નદીનો વિશાળ વાંક આ સ્થળેથી અદ્દભુત રમણીય દેખાવ આપે છે. દૂરના ક્ષિતિજ ઉપરથી હમણાં જ ઊતરીને દૂધની એક મોટી સેર દોડી આવતી હોય અને ક્યાં જવાનું છે તેની ખબર નહિ હોવાથી સીધો રસ્તો મૂકીને વાંકીવાંકી વહેતી હોય એવું જાણે લાગે છે; અથવા ચાંદનીના તાણા અને નિર્મળ જળના વાણા-થી વણેલી એક મોટી સફેદ પલંગની પાટી લંબાઇને પડેલી હોય એવું ઊંચેથી દેખાય છે. નિર્જન સ્થાન, સૂતેલી નદી અને શુભ્ર આકાશ એ ત્રણેને વર્તુલમાં વાળી લેતો ચંદ્ર તેના મધ્યબિંદુ જેવો અદ્ધર લટકી રહ્યો હતો. મોડે સુધી એ બધું જોતો હું ઉપર બેસી રહ્યો અને પછી જેમજેમ પૃથ્વીનો પડછાયો ચંદ્ર પર વધુ પડતો ગયો તેમતેમ ધીમેધીમે અંધકારમાં ઓસરી જતું એ રૂપેરી દૃશ્ય નીરખી રહ્યો. આખો ચન્દ્ર ગળાઇ ગયો અને ચોમેર બધું આછુંઆછું થઇ ગયું એટલે હું સૂઇ ગયો.

વહેલી સવારે નીચેના આરે સ્નાન કરતાં ગ્રામ-જનોના અસ્પષ્ટ અવાજોથી હું જાગી ઊઠ્યો ત્યારે ચંદ્ર લગભગ આથમવાની તૈયારીમાં હતો અને ફરીથી એકવાર સાબરનો એ વિશાળ વાંક ચંદ્રકિરણમાં ચળકી રહ્યો હતો. મને વિચાર આવ્યો કે સવારથી સાંજ સુધી સાબરનાં પાણી ખૂંદતાખૂંદતા રોજ ચાલ્યા જ કરીએ તો કેવી મજા પડે? રાત પડે ત્યાં સૂઇ જઇએ અને પાછા સવારે ઊઠીને ચાલવા માંડીએ. અલબત્ત, સાબર એવી હળવી નદી છે કે એનાં પાણી ખૂંદતાંખૂંદતાં લાંબે સુધી જવામાં બહુ અડચણ ન પડે. સાચે જ, અમે એક દિવસ એ રીતે સાબરનાં પાણી ડહોળતા ડહોળતા સવારથી સાંજ સુધી પ્રવાસ કરેલો અને રાત પડયે એક હનુમાનના મંદિરમાં સૂઈ ગએલા. પણ એમ ભટકેલની માફક કેટલો વખત ભમી શકાય? ચટણી-રોટલાની તો જોગવાઇ કરવી પડે ને? અને જ્યાં સુધી રોટલા એ રાયણાં અથવા બોરની માફક ઝાડ ઉપર ઊગતા નથી ત્યાં સુધી કમાવા માટે જનસમાજના શ્રમવિભાગમાં યોગ્ય હિસ્સો આપવો જ પડે ને? વળી સાબર જેવાં પથ્ય પાણીવાળી નદીને કિનારે રખડતાં ભૂખ સારી રીતે ઊઘડે એ પણ એક વધુ ઉપાધિ!

અલબત્ત, એક વાત મારે અહીં કબૂલવી જોઇએ. જ્યારેજ્યારે હું કોઇ વહેતી નદીને જોઉં છું ત્યારેત્યારે તેના મૂળ ભણી જવાની મને ચોક્કસ ઇચ્છા થાય છે. મુખ તરફ જવાની એટલી ઉત્કટ ઇચ્છા તો થતી હોય એવો બહુ ખ્યાલ નથી. પણ એકાદ વખત એમ થએલું ખરૂં કે સાબરના મૂળથી સાધારણ પૂરમાં પડીને તરતા તરતા છેક મુખ સુધી જઇએ તો કેવો આનંદ આવે? પૂરમાં વગર શ્રમે તણાવાની તો લહેર આવે! પણ સમુદ્રમાં શહીદ થઇ જવાની બીક અળગી રાખીએ તોપણ આવી મજા મોંઘી પડી જાય એટલે આ તરંગ તો ક્યાં સુધી ટકે? એ ખરૂં કે હિંદુસ્તાન સારો દિવસ દેખે તો નદીઓમાંથી મોટી નહેરો કાઢવા માટે આમૂલ તેનું સંપૂર્ણ સંશોધન કરવું પડે. પણ એ દિવસની આશા રાખી એના ઉપર કાંઇ મહેલ ચણાય છે?

ચકલાં ચકચકવા લાગ્યાં અને તડકાની ટશરો ફૂટી એટલે હું નીચે ઊતરીને કિનારા પર ગયો. નદીનો શાંત પ્રવાહ નીરવ વહ્યા કરતો હતો અને તેમાં ક્યાંક ક્યાંક બડબડિયાં બોલતાં હતાં. ક્વચિત વળી પરપોટા ફૂટી જતા હતા અને કોઇકોઇ સ્થળે પાણી આછી ઘુમરી ખાતાં હતાં. કિનારાપર નાહીનાહીને ચાલી ગએલાં માણસોનાં પુષ્કળ પગલાં પડેલાં હતાં અને બાજુમાં ત્રણચાર બહેનો એમનાં બેડાં સાફ કરતી હતી. એક છોકરો વહેણમાં ઊભો ઊભો પાણી ઉછાળતો હતો અને બે આધેડ વયના માણસો સામે પાર જવા માટે કછોટો ભીડતા હતા. થોડીવારમાં પાણી ભરીને પેલી પનિહારીઓ ચાલતી થઈ અને ઢોળાવ પર ધીમેધીમે ચડવા લાગી. બાલરવિના તેજમાં ઝગારા મારતાં તેમનાં બેડાં જોઇને સંસ્કૃત કવિઓએ, સુવર્ણકળશ ધારણ કરીને મદભર ચાલે ચાલતી પનિહારીઓનાં કરેલાં વર્ણનો યાદ આવ્યાં. મને થયું કે સંસ્કૃત કવિઓના સુવર્ણકળશ તે આ ઝગારા મારતાં બેડાંઓ જ હશે. નહિતર હેમની ગાગરો એમ ક્યાં ઘેરઘેર રેઢી પડી હતી? એ તો પિત્તળનાં બેડાં ચળકતાં હોય એટલે કનકકુંભ જેવાં જ દેખાય ને? અને એમ કવિતામાં યે જો પિત્તળનું સોનું ન બની જાય તો પછી જીવનમાં તો એ ક્યારે થવાનું હતું? અલબત્ત સંસ્કૃત કવિઓએ

પનિહારીઓને વિષે બીજું ઘણું લાંબુંચોડું લખી નાખ્યું છે, પણ એ બધું અહીં ઘટાવી શકાય તેમ ન હતું, એટલે એ વિચારને સંકેલી લઇ હું નદીના વહેણમાં નહાવા પડ્યો.

નાહી પરવારીને પાછો ફરવાની હું તૈયારી કરતો હતો એટલામાં ગામ ભણીથી ભેંસોનું એક ટોળું આવ્યું અને પ્રવાહમાં પગ દઇને પાણી પીવા લાગ્યું. પાણી પીતાં પીતાં બધી ભેંસો વારાફરતી માથાં ઊંચાં કરીને સામે જોઈ રહેતી હતી અને જાણે વિમાસણમાં પડી જતી હોય એમ ઊંડા શ્વાસ ખેંચતી હતી. આખરે એક પાડીએ પહેલ કરી અને પ્રવાહની અધવચ જઇ જરા આડાઅવળા ફરીને ઝુકાવ્યું. એની પાછળ ભેંસોએ પણ ઝંપલાવ્યું અને ખાસું એક લંગર નદીની વચમાં થઈ ગયું. સાબરકાંઠાનાં અનેક ગામોના આરે દીઠેલી અસંખ્ય ભેંસોનાં સ્મૃતિચિત્રો મારા મગજમાં એક પછી એક પસાર થઇ ગયાં, અને દિલમાં આપોઆપ ઊગી આવ્યું કે સાબર એ ખરેખર ઉત્તરગુજરાતની અંબા જ છે. એ માત્ર સૌન્દર્ય-શોભન આરસી નથી, પણ જીવનની ધાત્રી છે; એ ખાલી રસની પ્રતિમા જ નથી પણ માંગલ્યની ભર્ત્રી છે. એ ન હોત તો ગુજરાતનાં ગામડાંઓને આટલાં પથ્ય પાણી કોણ પીવડાવત, અને હાથીનાં બચ્ચાં જેવી ભગરી ભેંસોનું શું થાત? સાબરકાંઠાની ભેંસો એટલે ગુજરાતમાં ઘી, દૂધ અને દહીંની છોળ. એ ભેંસો વિના ગુજરાતનું પશુધન કેટલું? અને એ પશુધન વિના ગુજરાતનું ગૌરવે ય કેટલું? ખરેખર, ગુજરાતનાં ગામડાંઓ એટલે ગુજરાતની ભેંસો. ગ્રામ્ય ગુજરાતને સંભારતાં એની ભેંસોને ભૂલી શકાય જ નહિ. કાઠિયાવાડને બાદ કરીએ તો ગુજરાતમાં ગાયો કેટલી? અને એનાં ઘીદૂધનો

(અનુસંધાન આગળ પૃ. ૩૧૧મે)

ફોટોગ્રાફી હરીફાઈનું પરિણામ

ભાઇ એમ. એસ. પથરાવાલા (અમદાવાદ)નું ફોટો-ચિત્ર 'એકી ટશે' આ મહીને પહેલું આવે છે. કોઇ અદૃશ્ય વસ્તુ તરફ તાકીને નિહાળી રહેલા બાળકની કુતૂહલ વૃત્તિ ચિત્રમાં



'એકી ટશે'–એમ. એસ. પથરાવાલા (અમદાવાદ) પહેલું ઈનામ

આબાદ ઊતરી છે. બાળકની બેસવા ઊઠવાની રીતો વિચિત્ર હોવાથી નૈસર્ગિક જણાતી 'પોઝ' ફોટોગ્રાફમાં ઘણીવાર અ-કુદરતી અને બેહુદી લાગે છે. 'એકી ટશે'માં બાળકની બેઠક પરર્પેકટિવ ઠીક ગણાય; તો યે હાથના પ્રમાણમાં પગ મોટા જણાય છે કારણકે તે લેન્સની વધુ નજીક છે. પ્રિન્ટ ઓવર એક્સ્પોઝ અને અન્ડર ડેવેલપ કરેલો છે. બીજું ઇનામ પાત્રને અભાવે મોકૂફ રાખવામાં આવ્યું છે. ભાઈ માધવદાસ પલેજા (મુંબાઇ)ને 'પ્રેમબિન્દુ' અથવા 'શાહજહાંનું અશ્રુબિન્દુ' ફોટો-ચિત્ર માટે ત્રીજું ઇનામ મળે છે. શહેનશાહ શાહજહાંની આગ્રાની જગવિખ્યાત અમર કૃતિ તાજમહાલનાં અસંખ્ય ફોટો-ચિત્રો અવારનવાર છાપાંઓમાં અને બીજે નજરે ચડે છે પરંતુ બધાં એક જ દૃષ્ટિકોણથી લેવાએલાં હોઇ અણગમો ઉપજાવે છે. નવીન દૃષ્ટિકોણથી, નવીન વાતાવરણમાં નવીન ભાવથી ચિત્રસર્જનનો પ્રયાસ કર્યો હોત તો વધુ સારૂં થાત. ચિત્રને ડાબીજમણી તરફથી એક એક ઇંચનું ટ્રિમિંગ કરવાની જરૂર છે.

ભાઇ રસિકલાલ પટેલ (અમદાવાદ)નું 'ચંપલ પૉલિશ', ભાઇ મલકાણ (બાવરા)નું 'કુદરત ખોળે', ભાઇ કાનજી ઝાલા (જૂનાગઢ)નું 'વાત્સલ્ય' અને ભાઇ ઓમૈયા (વઢવાણ)નું 'સરિતા તીરે' નોંધપાત્ર લાગ્યાં છે. ચિત્ર–વસ્તુથી તદ્દન અસંગત નામ હરીફો પાડે છે. 'કુદરતના ખોળે' અને 'સરિતા તીરે' બંને ફોટો-ચિત્રમાં નામથી જુદાં જ વસ્તુનિરુપણ છે. ગૂંચવણ-ભરેલી બૅકગ્રાઉન્ડથી 'ચંપલ પૉલિશ'નું ચિત્ર નબળું બન્યું છે. વિષયની દૃષ્ટિએ 'વાત્સલ્ય' સારૂં ચિત્ર કહેવાય; માત્ર ટેકનીકની ખામીને લીધે જ તેને ઇનામ મળતું નથી. **બલવન્ત ભટ્ટ**

શ્રી હરિકૃષ્ણ વ્યાસ સંયોજિત

ગુજરાતી લઘુલિપિ

[અનુસંધાન વૈશાખ અંકના પૃ. ૨૦૦થી]

પ્રકરણ ૨ જું: જોડાક્ષરો–સંકેતો

નોંધ:

¶. **આ** પ્રકરણમાં જે બે મુખ્ય વિષયો ચર્ચવામાં આવે છે તેને સાથે લેવાનું કારણ તે બંને વચ્ચે કોઇપણ જાતનો તાર્કિક સંબંધ છે એ નહિ, પણ બીજાં પ્રકરણોના વિષયથી તે સ્પષ્ટ રીતે જુદા તરી આવે છે એ માટે. ¶. જોડાક્ષરોના વિભાગમાં જોતાં જણાશે કે તદ્દન સાદા નિયમોથી અહીં જોડાક્ષરોના આખા પ્રશ્નનો નિકાલ લાવવામાં આવ્યો છે. આથી કદાચ ઉપલક દૃષ્ટિએ જોનારને એ નિયમોમાં અરાજકતા જેવું જણાશે. પણ સૂચનાઓ વાંચતાં ખ્યાલમાં આવશે કે એ નિયમોના ઘડતર પાછળ ભાષાનું ઊંડું અવલોકન છે. સામાન્ય કક્ષાના ગુજરાતી લખાણમાં જોડાક્ષરોનું પ્રમાણ સરાસરી સેંકડે ૨ થી ૫ ટકા જેટલું જ હોય છે. અને એવા છૂટા વેરાએલા જોડાક્ષરોમાં પણ અમુકઅમુક અક્ષરો સાથે બીજા અમુકઅમુક જ બહુધા જોડાએલા રહે છે. અને એમાં પણ શબ્દની શરૂઆતમાં તો તેમાંના વિકલ્પોનું ક્ષેત્ર અતિશય સંકુચિત થઇ જાય છે. આમ જોડાક્ષરો માટેના આ નિયમોની યોજનામાં ભાષાની આ ખૂબીનો લાભ લેવાયો છે. ¶. અહીં જોડાક્ષરો શીખવા સંબંધે એક સાદી સૂચનાની જરૂર છે. પરિશિષ્ટમાં બધા ચાલુ વપરાશના જોડાક્ષરો આપ્યા છે, અને તેમાંથી શબ્દોની શરૂઆતમાં પણ આવનારા હોય એવા જોડાક્ષરોને જુદા તારવી બતાવ્યા છે. પણ ખ્યાલમાં રાખવાનું છે કે એ બધી ગોઠવણ સગવડ પૂરતી જ છે, અને વ્યવહારમાં એ યાદીઓનું ક્ષેત્ર વધુ વ્યાપક બનાવી શકાય છે. વળી આમ હોવાથી એ પણ સહજ સમજાશે કે પરિશિષ્ટમાં આપેલાં જોડાક્ષરોનાં લિસ્ટ ગોખવાની જરાપણ જરૂર નથી. ભાષાના નૈસર્ગિક પ્રવાહની સાથે એ બધા ચૂંટેલા જોડાક્ષરોનો એવો સુમેળ છે કે તમે ગુજરાતી ભાષા બોલી અને લખી શકતા હશો તો તમારા અજાણતાં પણ એ લિસ્ટ તમારા મગજમાં છૂપાં પડયાં જ હશે, અને પરિચય વધતાં માનસિક સાહચર્યના પ્રબળ કાનુનોના બળે તે પ્રસંગાનુસાર આપોઆપ જાગ્રત થશે ¶. છઠ્ઠા 'દિવસ'માં આપેલા સંકેતો એ લઘુલિપિનું બીજું અતિ મહત્ત્વનું અંગ છે. પ્રયોગ કરવા ઈચ્છનાર તુરત જોઈ શકશે કે એક મિનિટના વાચનમાં આપણે સામાન્યત: જેટલા સ્વર અને વ્યંજનના ઉચ્ચાર કરીએ છીએ એટલા અર્થ વિનાના લીટા પણ આપણે કાગળ પર ન કરી શકીએ. આથી અર્થવાળું ઝડપી લખાણ લખતાં બોલેલું ઘણું ટૂંકવવું અનિવાર્ય થઇ પડે છે. એ ટૂંકવવાનો ક્રમ આ સંકેતોની યોજનાથી શરૂ થાય છે, અને આગળ 'ઉપસર્ગો', 'પ્રત્યયો', તથા 'લિપિ ટૂંકવવાના' અને 'લોપ કરવાના' નિયમોથી તે પૂરો થશે ¶. ભાષામાં કેટલાક સામાન્ય વ્યવહારના શબ્દો મિત્રો વચ્ચેની વાતચીતથી માંડી મોટાં શાસ્ત્રીય ભાષણો સુધીના બધા વાણીવ્યવહારોમાં લગભગ અર્ધી જેટલી જગ્યા રોકી લેતા હોય છે. અને એ શબ્દોનો પ્રયોગ એવો વિપુલ હોવા છતાં તેની સંખ્યા અતિ અલ્પ છે. આથી લિપિના બીજા નિયમોથી આવા શબ્દોને જુદા તારવી તેના માટે ખાસ અલાયદી યોજેલી સંજ્ઞાઓ 'સંકેતો' કહેવાય છે. આ સંકેતોની યોજનામાં કોઇપણ બે શબ્દો માટે એક જ સરખી ભૂલભુલામણીવાળી સંજ્ઞા ન આવે એવી રીતે, તે તે શબ્દના વાદી સ્વર જેવા મુખ્ય ઉચ્ચારોનો લઘુલિપિમાં સમાવેશ થઇ રહે છે. આ સંજ્ઞાઓ પર સંપૂર્ણ કાબુ આવ્યાથી લખાણનો અર્ધો જેટલો ભાગ તો ઘણી વખત વાણીની ઝડપથી પણ વધુ ટૂંકવી શકાશે ¶. આ સંકેતોમાં સામાન્ય વ્યવહારના ઘણા ઉપયોગી શબ્દો આવી જાય છે. માત્ર કેટલાક શબ્દો ઉપયોગી હોવા છતાં હવે પછીનાં પ્રકરણોમાં આવવાના બીજા ટૂંકવવાના નિયમોમાં સમાઇ જઇ આપોઆપ જ ટૂંકા થઇ જતા હશે તેને માટે જુદા સંકેતો યોજવાની જરૂર રહી નથી. એવા શબ્દો લિપિના ઉત્ક્રાન્તિક્રમમાં આગળ ઉપર આવશે. તેમ છતાં કોઇકોઇ લઘુલેખકને પોતાના કાર્યક્ષેત્રને અનુકૂળ વધુ સંકેતોની જરૂર જણાય તો આ જ ધોરણે તેવા વધુ સંકેતો યોજી તેનો પણ આ સંકેતો સાથે સમાવેશ કરી શકાશે.

પાંચમો દિવસ : જોડાક્ષરો

નિયમો

[૩૦] ચાલુ વપરાશના અને તેથી અતિ પરિચિત બનેલા જોડાક્ષરો બતાવવા તેમાંનો પહેલો વ્યંજન ભારે લખી પાછળનો વ્યંજન જતો કરાય છે.

[૩૧] નિયમ ૩૦ મુજબ લખવાના પરિચિત જોડાક્ષરોનો પહેલો વ્યંજન મહાપ્રાણ હોય ત્યારે તેનું મહાપ્રાણબિંદુ અવશ્ય લખાય છે.

[૩૨] અપરિચિત જોડાક્ષરો બતાવવા માટે તેમાંના બધા વ્યંજનો આખા હોય તેમ લખી પછી અનિવાર્ય પ્રસંગે તેમાંના જે અર્ધા બતાવવાના હોય તેના પર કાપ મુકાય છે.

[૩૩] એકી સાથે ત્રણ વ્યંજન જોડાએલા હોય, અને તેમાંનો પહેલો વ્યંજન અર્ધ 'મ' કે 'ન' હોય, ત્યારે તે 'મ' કે 'ન'ને બદલે અગાઉના સ્વર પર અનુસ્વાર લખી બાકીના બે વ્યંજન ઉપરનામાંથી અનુકૂળ પડતા નિયમ મુજબ લખાય છે.

[૩૪] એકી સાથે ત્રણ વ્યંજન જોડાએલા હોય, અને તેમાંનો ત્રીજો વ્યંજન 'ય' કે 'ર' હોય ત્યારે તેમાંના પહેલા બે વ્યંજનોને ઉપરનામાંથી અનુકૂળ પડતા નિયમ મુજબ લખી પછી તે જોડાક્ષર પર 'ય' કે 'ર' બતાવવા એક અવતરણ ચિહ્ન કરાય છે.

[૩૫] એકી સાથે ત્રણ વ્યંજનોના બનેલા જોડાક્ષરોમાં પ્રથમાક્ષર 'મ' કે 'ન' ન હોય તેમજ અંત્યાક્ષર 'ય' કે 'ર' ન હોય ત્યારે તેમાંના પહેલા બે અથવા તો છેલ્લા બે વ્યંજનોને અનુકૂળતા મુજબ નિયમ ૩૦ કે ૩૧ મુજબ લખી પછી બાકી રહેલો વ્યંજન નિયમ ૩૨ મુજબ લખાય છે.

[૩૬] એકનો એક વ્યંજન બેવડો બની જોડાક્ષર તરીકે લખાતો હોય પણ બોલવામાં એનો સંમિશ્ર ઉચ્ચાર પ્રચારમાં હોય ત્યારે તેને વિકલ્પે એકવડા સાદા વ્યંજન તરીકે પણ લખાય છે.

સૂચનાઓ

(૩૦) ગુજરાતી ભાષામાં ચાલુ વપરાશના હોવાથી પરિચિત ગણી શકાય એવા જોડાક્ષરોની તારવણી કરીને સામેના પૃષ્ઠ ઉપર 'પરિશિષ્ટ'માં આપેલી છે. અને એ તારવણીમાંથી પણ જે અમુક જ જોડાક્ષરો શબ્દની શરૂઆતમાં આવી શકે છે તે જુદા તારવી બતાવ્યા છે. એ શબ્દની શરૂઆતમાં આવનારા જોડાક્ષરો પણ શબ્દના બીજા ભાગોમાં તો આવે છે જ એ ખ્યાલમાં રાખવાનું છે. એ બધા ઉપરથી જોઇ શકાશે કે અમુકઅમુક પ્રથમાક્ષરથી શરૂ થતા માપેલી સંખ્યામાં જ જોડાક્ષરો સામાન્ય પ્રચારમાં છે. અને તેથી પ્રથમ દર્શને આ નિયમ જેવો અચોક્કસ લાગશે એવો વસ્તુતઃ નથી.

હવે જો કે લિપિના સ્થાપિત બંધારણની અનિવાર્યતાને અંગે 'પરિચિત' જોડાક્ષરોની મર્યાદા આવી રીતે નક્કી કરવી પડી છે, અને તેથી આ પછીના નિયમોમાં 'અપરિચિત' જોડાક્ષરો માટે અવકાશ રાખ્યો છે, તેમ છતાં અનુભવ અને પ્રયોગોથી માલૂમ પડે છે કે વ્યવહારમાં 'પરિચિત' જોડાક્ષરોના આ લિસ્ટ સાથે કેટલીક વખત સહીસલામતીથી છૂટ લઇ શકાય. અને તેથી 'અપરિચિત' જોડાક્ષરો પણ આ નિયમ પ્રમાણે જ લખી શકાય. જો કે એમ કરવા જતાં વાંચતી વખતે થોડી મુશ્કેલી પડે. પણ આ નામાવલિ બહારના જોડાક્ષરો લખવાના ગુજરાતીમાં એવા વિરલ પ્રસંગ આવે છે કે એવા રડ્યાખડ્યા પ્રસંગોએ ઊભી થતી જરા જેટલી અસ્પષ્ટતાના જોખમે પણ આ નિયમની સરળતાથી મળતો આરામ લેવા જેવો છે. આથી જ આ નિશ્ચિત જોડાક્ષરોને નિયમનું અંગ નહિ બનાવતાં જુદા આપ્યા છે.

પરિશિષ્ટમાં આપેલા જોડાક્ષરો સંબંધે એક વાત યાદ રાખવાની છે. બધા વ્યંજનો સાથે 'ય' અને 'ર' જોડેલા પરિશિષ્ટમાં બતાવ્યા નથી. માત્ર એ જાતના કેટલાક આગળ પડતા સંયોગો જેવા કે 'ત્ર', 'ન્ય' બતાવ્યા છે. તેમ છતાં આ બંને અક્ષર બીજા કરતાં વધુ અંશે પ્રવાહી હોઇ ગમે તે વ્યંજન સાથે જોડાએલા હોઇ શકે છે. આથી પરિશિષ્ટમાં તેના બનેલા જોડાક્ષર ન આપ્યા હોય ત્યાં પણ સમજી લેવાના છે. જેમકે 'ધ્ર' અને 'ધ્ય' એ જોડાક્ષરો પરિશિષ્ટમાં નથી આપ્યા છતાં તેનો સમાવેશ થઇ જાય છે.

આટલી સૂચના પછી પણ કદાચ શીખનારને

પરિશિષ્ટ : 'પરિચિત' જોડાક્ષરો

શબ્દની શરૂઆતમાં ખાસ કરીને, તેમજ શબ્દના બીજા કોઈપણ ભાગમાં આવતા.	જોડાક્ષર બનાવવા ભારે લખવાના પ્રથમાક્ષર	શબ્દની વચ્ચે કે અંતે આવતા
ક્ય, ક્ર, ક્ષ.	ક	ક્ત, ક્લ.
ખ્ય, ખ્વ.	ખ	
ગ્ર	ગ	ગ્ર
	ચ	ચ્છ
જ્ઞ, જ્વ, જ્ય.	જ	જ્જ
ત્ર	ત	ત્ત, ત્પ, ત્મ, ત્વ.
દ્ર	દ	દ્દ, દ્મ દ્ભ, દ્વ, દ્ધ.
	ધ	ધ્વ
ન્ય	ન	ન્ત, ન્થ, ન્દ, ન્ધ, ન્મ.
પ્ર	પ	પ્ત, પ્લ.
બ્ર	બ	બ્ધ
ભ્ર	ભ	
	મ	મ્દ, મ્લ.
	ર	ર્ય
	લ	લ્ક, લ્પ.
વ્ય	વ	
શ્ર, શ્વ.	શ	શ્ક, શ્ચ, શ્લ.
	ષ	ષ્ક, ષ્ટ, ષ્ણ, ષ્પ, ષ્મ.
સ્ત, સ્થ, સ્ન, સ્પ, સ્મ, સ્વ.	સ	
	હ	હ્ન, હ્મ, હ્લ.

- આ સિવાય પણ કોઇ પણ વ્યંજન સાથે 'ય' કે 'ર' ગમે ત્યારે જોડાઇ શકે.
- આ જોડાક્ષરોમાં પ્રથમાક્ષર મહાપ્રાણ હોય ત્યારે મહાપ્રાણબિંદુ લખવાં.
- આ સિવાયના અપરિચિત જોડાક્ષરો આખા લખી અર્ધા પર કાપ મૂકવો.
- 'ન'નાં જોડાક્ષરોમાં 'ન'ને બદલે વિકલ્પે અનુસ્વાર યોજી શકાય.
- 'ષ' બતાવવા 'શ' લખી તેમાં મહાપ્રાણબિંદુ લખવું.

આ અને આ પછીના નિયમો સંબંધે આપેલાં 'ઉદાહરણો' લખવાં કે વાચવાં અઘરાં પડશે. પણ એનું કારણ નિયમોની સંગીનતા કે શીખનારની શક્તિનો અભાવ કલ્પવાની જરૂર નથી. વસ્તુતઃ જોડાક્ષરો વિષેના પાઠમાં સ્વભાવતઃ જ ભાષાના બધા કઢંગા શબ્દો એકીસાથે ખેંચાઇને આવી પડયા હોય એ દેખીતું છે. પણ વ્યવહારમાં આવા શબ્દો એવા છૂટા વેરાઇ જાય છે કે ઘણુંખરૂં અનુપ્રાસે કે ટેવની ભાષામાં વાંચી શકાય છે અને ઘણાખરા જોડાક્ષરોવાળા શબ્દોનાં રૂપ સાથે પરિચય વધતાં તેમાંના જોડાક્ષરો ઉકેલવાની તકલીફ લીધા વિના જ શબ્દ વાંચવાની ફાવટ પણ અનુભવે આવી જાય છે. એ બધું કેમ બને છે એનું વિવેચન અહીં અસ્થાને છે.

(૩૧) આ નિયમ મુજબ લખવાના મહત્ત્વના અક્ષરો પરિશિષ્ટમાં આપ્યા છે, જેવા કે 'ખ્વ', 'ભ્ર' વગેરે. પણ એક સામાન્ય નિયમ તરીકે એટલું યાદ રાખવાનું કે મહાપ્રાણ વ્યંજનો સાથે મોટે ભાગે 'ય' કે 'ર' જોડાએલા રહે છે. અથવા તો તે તે મહાપ્રાણને મળતા અલ્પપ્રાણ વ્યંજનો સાથે જે જે વ્યંજનો જોડાતા હોય છે તે પણ કયારેક જોડાય છે.

(૩૨) આગળ આવી ગએલા નિયમ ૨૮ના એક ભાગનું આ પુનરાવર્તન છે. ફેર માત્ર એટલો કે પરભાષાના જોડાક્ષરો સાથે છૂટ લેવી સહીસલામત ન હોવાથી તેમાં વિકલ્પને અવકાશ નથી. પરંતુ ગુજરાતી જોડાક્ષરો તો પ્રસંગે નિયમ ૩૦ની સૂચનામાં જણાવ્યા મુજબ પણ લખી શકાય છે. વળી ગુજરાતી અપરિચિત જોડાક્ષરોમાંના અર્ધા વ્યંજન પર મૂકવાનો કાપ વૈકલ્પિક છે. કેમકે કયારેક આપણાં દૈનિકોની અશુદ્ધ જોડણીની માફક આખા વ્યંજનને જરૂરને પ્રસંગે અર્ધો વાંચવાની ટેવ આપણને આવી શકે છે, અને એવે પ્રસંગે એ કાપ વિના ચલાવી લઇ શકાય છે.

(૩૩-૩૫) ત્રેવડા જોડાક્ષરો ગુજરાતીમાં નીચે મુજબ પ્રચારમાં છે:—

કઃ કર્તૃ, તૃ, ર્ત્ય, દ્ર્ય, ત્સ્ર.

ખઃ ન્દ્ર, ન્ત્ર, ન્ત્સ, ન્દ્વ, ન્ધ્વ, ન્ધ્ય.

ગઃ સ્ક, સ્ત્ર, ત્સ્ય, ત્મ્ય, ક્ષ્ય, સ્થ્ય.

ઘઃ ત્સ્ન, ક્ષ્મ.

ઉપરનામાંથી

(ક) રેફ કે 'ઋ'કાર બાદ કરતાં 'પરિચિત' સાદા

જોડાક્ષરો બની જાય છે. અને એ રેફ માટે અગાઉ નિયમ ૨૨–૨૩ આવી ગએલા છે. વળી તેમાંના બે, 'ર્તૃ' અથવા 'ત્સ્ર' એ તો વસ્તુતઃ ત્રેવડા જોડાક્ષરો જ નથી અને 'ર્કૃ' ક્વચિત જ દેખા દે છે.

(ખ) એમાંના 'ન્'નો અનુસ્વાર કરતાં પરિચિત સાદા જોડાક્ષરો બની જાય છે. અને અનુસ્વારનું લઘુલેખન કરવા માટે નિયમ ૧૮ આવી ગએલ છે. ત્યાં એ 'નિયમ'ની 'સૂચના'માં પણ અનુનાસિકને બદલે અનુસ્વાર લખવાનું જણાવ્યું છે, એટલે એ દૃષ્ટિએ આ નિયમ ૩૩ એ નિયમ ૧૮ની પૂર્તિરૂપ જ છે. પ્રથમાક્ષર 'મ્'હોય એવા ત્રેવડા જોડાક્ષરો બહુ વિરલ છે.

(ગ) આ જોડાક્ષરોનો સમાવેશ નિયમ ૩૪ માં થઇ જાય છે. એમાં છેવટનો 'ર' કે 'ય' બાદ કરતાં જોડાક્ષરના બાકીના ભાગને આગળ આવી ગએલ નિયમ ૩૦ કે ૩૨ મુજબ લખી શકાય છે.

(ઘ) નિયમ ૩૫ મુજબ લખવા પડે, એવા માત્ર આ બે જ જોડાક્ષરો નજરે ચડે છે. અને તેમાં યે પ્રથમનો બહુ વિરલ છે. આમાં 'ત્સ્ન' લખવા માટે 'ત્' અર્ધો લખી જોડીએ 'સ્ન' નિયમ ૩૦ મુજબ લખવો. અને 'ક્ષ્મ' લખવા માટે 'ક્ષ' નિયમ ૩૦ મુજબ લખી પછી તેના પર નિયમ ૩૨ મુજબ કાપ મારી 'મ' લખવો.

(૩૬) આ નિયમનો ઉપયોગ લખનારની વિવેકબુદ્ધિ પર આધાર રાખે છે. એનો ઉપયોગ ભારે લીટો કરવામાં ખર્ચાતી થોડીશી શક્તિનો બચાવ કરવા પૂરતો જ છે. માત્ર પરિચિત અને ટૂંકા શબ્દોમાં જ આ છૂટ મર્યાદામાં લેવી જરૂરી છે.

ઉદાહરણો

(૧) **[નિ. ૩૦: પરિચિત જોડાક્ષરો]** અગત્ય, અપ્રાપ્ય, અસ્તિત્વ, અંતરાત્મા, અંત્યજ, આગ્રહ, આત્મા, આયુષ્ય, આરોગ્ય, ઈશ્વર, ઉદ્ધતાઈ, એકત્ર, ક્રમ, ક્રિયા, કલ્બ, ક્ષુદ્ર, ક્ષેત્ર, ચંદ્ર, ચિત્ર, ચિહ્ન, ડીગ્રી, તંત્ર, તુલ્ય, તૃપ્તિ,∼∼∼દોસ્ત, દ્રોહ, નાસ્તો, નેતૃત્વ, પ્રકાશ, પ્રચાર, પ્રજા, પ્રત્યક્ષ, પ્રથા, પ્રદેશ, પ્રભાવ, પ્રમાણ, પ્રમાદ, પ્રયોગ, પ્રશ્ન,∼∼∼પ્રાધાન્ય, પ્રારબ્ધ, પ્રોફેસર, ફોટોગ્રાફ, બ્રહ્મચર્ય, બ્રાહ્મણ, બ્રિટિશ, ભવિષ્ય, મનુષ્ય, મહત્વ, માસ્તર, મૃત્યુ, મૈત્રી, યંત્ર, યાત્રાળુ,∼∼∼યુક્તિ, યુદ્ધ, રેલ્વે, લગ્ન, લશ્કર, વ્યક્તિત્વ, વ્યાપાર, શક્તિ, શબ્દ, સત્યાગ્રહ, સભ્ય, સમાસ, સમ્રાટ, સંગ્રહ, સાફલ્ય,∼∼∼સામ્રાજ્ય, સાહિત્ય, સિદ્ધિ, સૈન્ય, સ્તુતિ, સ્પર્શ, સ્મરણ, સ્વતંત્ર, સ્વદેશ, સ્વભાવ, સ્વાર્થ, સ્વેચ્છા.

(૨) **[નિ. ૩૧: મહાપ્રાણ જોડાક્ષરો]** આફ્રિકા, ખ્યાતિ, ખ્રિસ્તી, દૃષ્ટિ, દશ્ય, ધનાઢ્ય, નષ્ટ, પૃથ્વી, ભ્રષ્ટ, વ્યાખ્યા, સંખ્યા, સૃષ્ટિ.


(૩) **[નિ. ૩૨: અપરિચિત જોડાક્ષરો]** આર્ટ્સ, મસ્જીદ, મુસ્લીમ. (વધુ માટે જુઓ નિયમ ૨૮નાં ઉદાહરણો.)

(૪) **[નિ. ૩૩-૩૫: ત્રેવડા જોડાક્ષરો]** ચારિત્ર્ય, મત્સ્ય, રાષ્ટ્ર, શસ્ત્ર, સૂક્ષ્મ, સ્વાસ્થ્ય.

(૫) **[નિ. ૩૬: બેવડા વ્યંજનોમાં વિકલ્પ]** ઉત્તર, ઉદ્દેશ, ઉલ્લાસ, તત્ત્વ, નક્કી, ભિન્ન, ગક્કમ, સત્તા, સંપત્તિ, હોદ્દો.

ઉદાહરણોનું લઘુલેખન

(સંકેતો માટે હવે પછીનો હફતો જુઓ)



આકાશઘર

સૈકાંઓથી માણસ જાણતો આવેલો કે તેની પૃથ્વી, એ અગાધ અવકાશને એક ખૂણે પોતાની ધરી પર સૂર્યની પ્રદક્ષિણા કરતો, કોઇ અ-વ્યક્ત ગુરુત્વાકર્ષણથી ભરેલો એક ઝૂલતો ગોળો છે.


પૃથ્વીના એવા જ બીજા કુટુંબીઓ પણ મનુષ્ય આકાશમાં જોતો આવતો હતો. જેમ દિશા ને કાળના ઊંડાણમાં તે ઊતરતો ગયો તેમ ખગોળ એ તેના કુતૂહલને પ્રેરતું એકાકી ક્ષેત્ર બન્યું. પૃથ્વીના એ બધા નિકટના સંબંધીઓના નિરીક્ષણે તેને નવી કલ્પના જન્માવી. પૃથ્વીને પણ ગુરુત્વાકર્ષણથી પર એવા અ-વકાશમાંથી આપણે ઝૂલતી જોઇ હોય તો કેવી લાગે?

ઘણાઓએ એની સંભાવના વિચારી અવકાશ-માંથી દેખાતી પૃથ્વીનાં શબ્દચિત્રો દોર્યાં. પણ વિજ્ઞાની-ઓ એ કલ્પનાના જગતથી બહાર રહી, તેની શકયતા માટે, સેકન્ડના સાત માઇલની ગતિવાળાં એવાં રૉકેટ (હવાઇઓ) બનાવવા લાગ્યા, કે જેમાં બેસીને અ-વકાશમાં જઇ શકાય. પણ અસીમ પ્રયત્નો છતાં એવી રીતે અવકાશમાં તોળાએલી પૃથ્વી જોવાની તેમની ઉમેદ સંતોષાવી તો દૂર ને દૂર જ રહેતી જણાઇ.

છતાં પોતાની કલ્પનાને સંતોષ આપ્યા સિવાય માણસ થાકે તેમ ન હતો. આ સદી સુધીમાં આ-કાશી બળોના આઘાત પ્રત્યાઘાતો અને સાપેક્ષ્યનું પણ તેનું જ્ઞાન વધી ગયું, ને ગણિતના સધાએલા વિકાસે કરીને પૃથ્વીના અવકાશમાંના સ્થાનનું સંતોષ આપે એવું માનસચિત્ર પણ તે દોરી શકયો.

ગત કેટલાંક વર્ષોથી વિજ્ઞાનીઓના મનમાં સંઘરા-એલા એ માનસચિત્રને હૂબહૂ કરવાનો પ્રયાસ હાલ-માં જ થયો છે; અને તે પીટર જે. બીટરમૅન નામના વિજ્ઞાનીએ ઘડેલી આકાશઘર (cosmosarium)ની યોજના દ્વારા. માણસ એથી અવકાશમાં ઝોલાં ખાતી પૃથ્વીનું દૃશ્ય પોતાની સગી આંખે જોઇ શકશે ને બેનમૂન રોમાંચકતા અનુભવી શકશે.

જર્મની અને અમેરિકામાં નક્ષત્રો અને ગ્રહોની ગતિઓ દર્શાવતાં નક્ષત્રઘરો (planetariums પ્લૅને-ટેરિયમ્સ) છે, જેની હકીકત 'કુમાર'માં બેએકવાર અ-



ગાઉ આવી ગઇ છે. વળી અમેરિકામાં બૉસ્ટન ખાતે પૃથ્વીનો પૃષ્ઠગોળો (mapparium) પણ છે, જેમાં જઇને પૃથ્વીના અલાયદા ખંડોનું નિરીક્ષણ કરી શકાય છે. પણ આકાશઘર તો અવકાશમાં વીસ હજાર માઇલ અદ્ધરથી જોતાં આપણી પૃથ્વી જેવી જણાય તેવી દેખાડી આપશે શિકાગોમાં નવા ભરાનારા વિશ્વ-મેળામાં એક નવીન દર્શન તરીકે તે ઊભું કરવામાં આવશે. એનાં બાંધકામ અને સાધનોનો જ ખર્ચનો અડસટ્ટો વીસ લાખ ડૉલર અથવા સાડા બાસઠ લાખ રૂપિયાનો ટેવવામાં આવે છે. એ આકાશઘરની યોજ-નાની સામાન્ય રૂપરેખા આ પ્રમાણે છે.

એની વર્તુલાકાર બાંધણીને ભોંયતળિયે તો પ્રવેશ-દ્વાર ઉપરાંત પ્રદર્શનના વિશાળ ઓરડાઓ હશે, જેમાં ભૂગોળ અને ખગોળના જ્ઞાનમાં માનવજાતિએ કરેલા વિકાસનાં બધાં સાધનો સંઘરવામાં આવશે. એ ભોંય-તળિયેથી પછી બહારની બાજુએ સીધા અને અંદરની બાજુએ કમાન વળેલા એવા ચોસઠ ચોસઠ ફૂટની ઊંચાઇના ત્રણ થાંભલા ઊભા કરવામાં આવશે ને પછી એ પર ગોળ આકાશઘર બંધાશે. ૧૨૮ ફૂટના વ્યાસના એ પોલા ગુંબજની બહારની બાજુએ ઘેરા

ભૂરા રંગે ચમકતી કૉંક્રીટની લાદીઓ પર મુખ્ય મુખ્ય નક્ષત્રોના પ્રતીકો તરીકે જુદીજુદી આકૃતિઓ ચીતરવામાં આવશે. મજલાની છત કાચની જ હોઇ નીચેના દીવાઓ ગુંબજના નીચલા ભાગને પ્રકાશિત કરી શકશે.

આ મોટા ગુંબજમાં પ્રેક્ષકો માટે ૨૮ ફૂટનો પટ મૂકી દઇ બીજો એક મુખ્ય ગોળો ઉતારવામાં આવશે. આ ખુલ્લા મુકાએલા પટમાં ઉપરનીચે સંખ્યાબંધ સીડીઓ, વીજળીથી ચાલતી વ્યાસપીઠો ને લિફ્ટો રાખવામાં આવશે, જેથી પ્રેક્ષકો પોતાને ઇચ્છિત કોઇ પણ કોણે ઊભા રહી અંદરના ભાગનું નિરીક્ષણ કરી શકે.

અવકાશને રજુ કરતા એ ગોળામાં, ઇંચે બત્રીસ માઇલનું પ્રમાણ દર્શાવતો આપણો પૃથ્વીનો ગોળો બધા આકાશચારીઓની પાર્શ્વભૂમિકા વચ્ચે પોતાની ધરી પર ફર્યાં કરતો હશે. દિવસ અને રાતનો ક્રમ પણ તેના પર દેખાય એવું યોજવામાં આવ્યું હશે. તેને જોવા માટેની દરેક ડોકાબારી પર દૂરબીન મૂકવામાં આવશે. પ્રેક્ષકો આથી એકલા ખંડો ને મહાસાગરો જ નહિ, પણ મોટામોટા પર્વતો ને નદીઓ પણ એ ફરતા ગોળા પર જોઇ શકશે. કેવું અદ્ભુત એ દશ્ય બનશે!

આકાશના બીજા યે ગ્રહો ને નક્ષત્રોને તેમના યથાસ્થાને એ અવકાશ ગુંબજમાં ગોઠવવામાં આવશે. પોતપોતાના સ્થાને પોતાના રંગના વિદ્યુત્તેજથી તે ઝગ્યાં કરશે. બાકીના પોલાણમાં બધે અંધારૂં હશે. માત્ર પૃથ્વી જ એ પોલાણમાં એકાકી ફૂદડી ફરી રહી હશે.

અવકાશમાં પૃથ્વી કેવી રીતે ટીંગાઈ રહી હશે એ આપણે બેશક આથી જાણી શકીશું. પૃથ્વી અને ચંદ્રની વચ્ચે આજે જે અંતર છે તેના બારમા ભાગે અવકાશમાં ઊભીને જાણે આપણે ન જોતા હોઇએ? પણ એથી અવકાશમાં આપણી પૃથ્વીના ચોક્કસ સ્થાનનો નિર્ણય કરવા જઇએ તો તો ખત્તા જ ખાઇએ.

આપણા સૂર્ય જેવા અનેક સૂર્યો અને સૂર્યોનો મસાલો જેમાં ભર્યો પડયો છે એવા અવકાશમાં પૃથ્વીને શોધવા બેસવું એટલે જગતના બધા મહાસાગરોના કિનારા પરની રેતી વચ્ચેથી એક ચોક્કસ કણ શોધવા બેસવું. દસ કરોડ માઇલથી બે લાખ ગણી મોટી ત્રિજ્યાનો (એટલે કે ૪૦૦૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ માઇલના વ્યાસ વાળો) એક ગોળો તમે અવકાશમાં રચી શકો તો યે એમાં એક જ તારાનો સમાવેશ થવાનો; અને તે આપણો સૂર્ય! આ સત્ય જાણીએ ત્યારે જ આપણને કંઇક ખ્યાલ આવે કે આપણા માથા પરનો તેજઘુમ્મટ કેટલો વિરાટ અને મહાકાય છે.

ગમે તેમ, મનુષ્યની દૃષ્ટિ અને માનસ પર વધુમાં વધુ છાપ પણ દિશા અને કાળના એ મહાસાગરે જ પાડી છે. નક્ષત્રઘર, આકાશઘર અને હવે પછીની એ દિશાની ક્રમોન્નતિ એ મહાસાગરમાંની તેની ડૂબકીઓના પરપોટા છે. એ જ રીતે કદાચ તેને તળિયે પહોંચી જીવનનાં મોતીરૂપી અંતિમ સત્યો પામવા પણ મનુષ્ય ભાગ્યશાળી થાય. **'કુમાર'**


સંગમશોભના સાબરમતી . . . .

(અનુસંધાન પાછળ પૃ ૩૦૫થી)

હિસાબ કાઢીએ તો એની શી ગણતરી? બળદની માતા તરીકે ખેતીપ્રધાન દેશમાં ગાયનું મહત્ત્વ વધારે ગણાય એ દેખીતું છે, પણ એ સિદ્ધાંત વિરુદ્ધ એક પણ દલીલ રજૂ કર્યા સિવાય ગ્રામ્ય ગુજરાતે કોણ જાણે કેમ ભેંસોનો જ પક્ષપાત કર્યો છે. મને તો કોઈ ગ્રામ્ય ગુજરાતના સ્વલ્પ પ્રતીકરૂપે એકાદ આલેખન કરી લાવવાનું કહે તો હું તો નદી અથવા તળાવને કિનારે ઊભેલી ભેંસ અને બહુ દૂર નહિ એવું એક આંબાનું ઝાડ ચીતરી લાવું.

આમ સાબરમતી એ માત્ર સંગમશોભના નદી જ નથી, કેવળ કવિહૃદયની એ કોમળ સહચરી જ નથી; એ તો છે ઉત્તર ગુજરાતની ભેંસોનો ભરવાડ અને પનિહારીઓનું પીયર. જેની કાન્તિમય કાયા જોઇને પગમાં જ પડી જવાય, જેની ભવ્યતાથી અંજાઇ જઇને પ્રણિપાત જ કરી રહેવાય, એવી એ જાજરમાન જોગમાયા નથી. એ તો, જેના ખોળામાં ખાંતે ખાંતે ખૂંદી શકાય, જેના ખભાપર ચડીને ખેલ કરી શકાય, જેના કાનમાં ફાવે તે કહી શકાય, અને જેનાં વાત્સલ્યને વરતી શકાય એવી વહાલસોયી માતા છે. અરે! માતા શબ્દ પણ એનાં લાઘવને માટે ગુરુવર્ણ છે. એ તો છે માડી—ઉત્તર ગુજરાતના માનવસમાજની માવડી, સાદી સાબર. **રામપ્રસાદ શુક્લ**

ધ્વનિ કાવ્ય વિભાગ



નહિ નડે

(મિશ્રજાતિ)

આ શબ્દની પિંજરબદ્ધતામાં
ગાવાં અહો કેમ અસીમ ગાણાં ?
આ દેહની ભંગુર ધારણામાં
અનંત કાર્યો કઇ રીત સેવવાં ?
અહંત્વઅર્થી લઘુ જીવનોમાં
નિઃસ્વાર્થતાલીન અખંડતા ક્યાં ?
રે શા વિધે અંતરના વિકાસમાં
નાના રહી વિશ્વ બધાં સમાવવાં ?

રે મિત્ર ! તારા ઉરને રુચે એ
વિસ્તાર તારી જ વિધે ક્ષણેક્ષણે,
શુભાશયોને નહિ હુંત્વ કૈં નડે,
એથી ભર્યાં વિસ્તરનાર વર્તનો
નાનો કરીને તુજને વચ્ચે જશે
આકાશમાં કર્મ અસીમ ધારશે !

જગજીવન સોમજી

કળશ

(પૃથ્વી)

પડે પદપદે; કદી ન પગલાં શરૂઆતમાં
મૂકી સ્થિર શકે ભલે શિશુ કરે પ્રયત્નો ઘણા;
ઉભે; ડગડગો ભરે; ડગડગે પડી ઊભવા
મથે; મથીમથી વળી ફરી પડે; છતાં ના ડગે,
અને વિજય પામતો પછી ભરે ફલંગો મહા.

મૂકે ઇંટ પરે ઇંટો સતત એમ ક્યાં યે સુધી
પરિશ્રમ કરી અખૂટ કડિયા પસીને દ્રવે;
દ્રવી સકળ અંગ ઓગળી જતાં છતાં ના ખુવે
લગીર પણ અંતરે ધીરજ; ને મથે તે બધા;
તહીં ઘુમટપે પછી વિજયની પતાકા ઊડે.

પરાજય પરે પરાજય મળે કરોડો કંઇ
અને અફળતા પરે અફળતા ઘણી સાંપડે
પછી વિજય કીર્તિના કળશ ભવ્ય વ્યોમે દીપે.

અંબાલાલ પટેલ

સુખ-ભાન

અલ્યા ચણા ! તું બળે કલાડે ત્યારે શેનો મલકે છે ?
ખડખડ ખડખડ હસે શી રીતે ? કયે સુખે તું ભભકે છે ?
ધાણી રે ! તું ચડે તાવડી ત્યારે શેણે ફૂલે છે ?
કયે સુખે તું હળવી પોચી થઇને ઊંચે કૂદે છે ?
ઓ રે ઇંધણ ! તમે શી રીતે ભડકો થઇને ભભકો છો ?
કયે સુખે રે ! બળીઝળીને ખાખ થઇને ઊડો છો ?
હાં . . હું સમજ્યો પ્રાણ તમારા પાવક દેખી મલકે છે.
પરને કાજે જાત સમર્પી એ સુખ-ભાને ઝળકે છે.

રમણલાલ સોની

થાશે તું સાથી ?

(અંજની ગીત)

ઝંઝાવાત પ્રચંડ ઝઝૂમે,
વ્યોમે વીજ ચમકતી ઘૂમે,
અંધારે આ હોડી ઝૂમે,
થાશે તું સાથી ?
ચોદિશના વાયુ વીંઝાયે,
અંધકાર અંતર ઘેરાયે,
પાણી હાવાં કેમ કપાયે ?
થાશે તું સાથી ?
વીજ ઝબુકે, સાગર સળકે,
ઇચ્છું ના રહેવા આ ખલકે,
કિરણ તારું કેમ ન પલકે ?
થાશે તું સાથી ?
ભલેને નિશા રહી ડરેલી,
પરવા મને ન સાયર કેરી,
આશ એક અદષ્ટ ભરેલી:
થાશે તું સાથી.

તારાબેન

કામના

(શાર્દૂલ વિક્રિડિત)

પ્રાતઃકાળ સમું મધુર જગમાં છે રમ્ય બાલાપણું,
તોયે સૌ શિશુ ઉર એમ સમજે પ્રૌઢત્વ સોહામણું;
કંટાળે વય પ્રૌઢના સળગતા મધ્યાહ્નતાપે બળી,
પસ્તાતાં પછી મૃત્યુને શિશુ થવા, પ્રાર્થે પદોમાં ઢળી.

જેઠાલાલ ત્રિવેદી



અક્ષય તૃતીયા

ચિત્રકાર • કનુ દેસાઈ

(તાજેતરમાં પ્રકટ થનાર 'વ્રતચિત્રાવલિ' નામના સંગ્રહમાંથી)





ગાંધીજીના વિદ્યાર્થી અવસ્થાના બે વિરલ ફોટોગ્રાફો • છેક ઉપર (નાનો ફોટોગ્રાફ): પિતૃ સેવક 'મનુ'—હાઈસ્કુલમાં ભણતા ત્યારે; મોટા ફોટોગ્રાફમાં જમણી બાજુ: કૉલેજિયન મોહનદાસ ગાંધી વિલાયતજતાં પહેલાં; ડાબી બાજુ: એમને વિલાયત મોકલનાર મોટાભાઇ કાળીદાસ (અથવા લક્ષ્મીદાસ) ગાંધી.



પ્રકરણ ૬
બાપુજી



જીવનનું પરોઢ

ગયે મહિને આ લેખમાળામાં છપાએલું 'પિતા અને કાકા' વાળું પ્રકરણ સરતચૂકથી પહેલું લેવાઇ ગયું. ગાંધીજી વિષે અત્રે પ્રકટ થાય છે તે તથા હવે પછી આવનારૂં એ બે પ્રકરણ પછી તે આપવાનું હતું. આ બંનેને અનુસંધાને તેને વાંચવાથી એ સ્પષ્ટ સમજાશે; અને તે પછી તરત જ ફીનિક્સ આશ્રમની મૂળ ને રસમય વાત શરૂ થશે એ પણ ખાતરી આપશે.

પૂજ્ય બાપુજીનો પરિચય આપવાપણું તે કંઇ હોય? તેઓ કંઇ રાજકોટ કે પોરબંદર જેવા એક જ ગામના વસનારા થોડા છે? તેઓ તો આખા ગુજરાતના બાપુજી, આખા દેશના મહાત્મા, દક્ષિણ આફ્રિકાના ગાંધીભાઈ, પ્રખ્યાત સત્યાગ્રહી સેનાપતિ, એટલું જ નહિ, સારા યે જગતના મહાપુરુષ.

આવા મોટા—અતિ મોટા—પુરુષને ન જાણનાર કોઇક જ હોય. તેમનું નામ સૌએ સાંભળ્યું હોય; તેમની મોટાઇની કલ્પના સૌને હોય, છતાં એવું બને કે તેમનું પૂરૂં વૃત્તાંત ઘણા ન જાણતા હોય. ક્યારે અને કેમ તેમણે શું શું કર્યું, તેઓએ કેટલાંકેટલાં ભારે કામ કર્યાં એની ખબર બધાને ન યે હોય. પરંતુ બાપુજીએ તો પોતાની આત્મકથા બે ભાગમાં લખી છે. દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ પણ બે ભાગમાં લખ્યો છે. એ ઉપરાંત પોતાના જેલના અનુભવ લખ્યા છે. એ પાંચ ચોપડીઓ એમણે જાતે લખવા ઉપરાંત એમના જીવન વિષે પણ ઘણી ચોપડીઓ લખાઇ છે. વાંચી જાણનારાઓ માટે એથી વધુ શું લખવાનું હોય? એટલે અહીં એમનો પરિચય આપવાપણું નથી રહેતું.

પણ એક વાત રહી જાય છે. બાપુજીનાં કાર્યો તથા તેમના જીવનના વિશિષ્ટ પ્રસંગોના ક્રમ અને સમયની કલ્પના ભાગ્યે જ થોડાને હશે. બાપુજી કંઇ અકબર ઔરંગઝેબની જેમ નિશાળની ચોપડીને પાને નથી ચડ્યા કે કોઇએ એમના જીવનપ્રસંગોની તારીખો ગોખી રાખી હોય! એ ગોખવાની જરૂર પણ નથી. છતાં જે વાતો આ લેખમાળામાં આવવાની છે તેમાં સમયની કલ્પના ન હોય તો ગોટાળો થવાનો સંભવ છે. તેથી બાપુજીના જીવનની બહુ જ ટૂંકી તારવણી નજર સામે હોય તો સારૂં. ઇસ્વી સન કે વિક્રમ સંવતની સંખ્યાઓ કરતાં બાપુજીનાં પોતાનાં જ વરસો પ્રમાણે એ ઘટનાક્રમનો ખ્યાલ રાખીએ તો આગળ ઉપર આવનારા જુદાજુદા પ્રસંગોમાં વધુ રસ આવશે. બાપુજી જ્યારે દક્ષિણ આફ્રિકાથી પાછા આવ્યા ત્યારે તેમની ઉમર ૪૫ વરસની હતી. મનુષ્યજાતિનો કસ કાઢી નાખનારૂં ભરનિંગળ—જર્મન મહાયુદ્ધ—એ વખતે પૂરેપૂરૂં જામ્યું હતું. આ પુસ્તકનો સમય ત્યાં સુધીનો છે, એટલે આપણે બાપુજીની એ પિસ્તાળીશ વર્ષની ઉમર સુધીની વિગતો જોઇ જઇએ.

બાપુજીના મંત્રી મહાદેવભાઇ એકવાર પોરબંદર ગયા અને બાપુજીનો જન્મ જે ઓરડામાં થએલો એ અંધારો ઓરડો જોયો ત્યારે તેનું વર્ણન નવજીવનમાં લખતાં તેમણે લખેલું: 'જાણે જગતનું અંધારૂં ટાળવા અંધારા ઓરડામાં બાપુએ જન્મ લીધો.' તે કલ્પના સાવ સાચી છે. તેઓ જન્મ્યા તે વખતે અંધકારયુગ હતો. એ ઇ. ૧૮૬૯ની સાલ હતી. આખો દેશ મોહનિદ્રામાં પડ્યો હતો. પરવસુ જીવનમાં તેને ભારે ચેન હતું. જૂના જમાનાનાં પરાક્રમો ને લોઢાં લેવાનો રસ ટળ્યો હતો. પોતાના ધર્મ પ્રત્યે અરૂચિ પેદા થઇ હતી. જૂના સાહિત્યનો પ્રવાહ સુકાઇ ગયો હતો; નવું પેદા થયું ન હતું. વેપારમાં જૂનાં મહાજનોની આત્મરક્ષા કરવાની શકિત સુકાઇ ગઇ હતી, નવી સ્વદેશી ભાવનાનો અવતાર યે થયો નહોતો. ચોમેર અંધારૂં જ અંધારૂં હતું. એ ગાઢ અંધકાર વચ્ચે ઉત્તમચંદ બાપા અને કરમચંદ બાપા જેવા તપસ્વીના કુળમાં એક દીપક પ્રગટ્યો. કુળદીપક તો ઘણા હોય છે, પણ આ મોહનદાસ તો જગતદીપક થયા. પાંચ છ વરસની ઉમર સુધી બધા મોટા ઘરનાં બાળકો ઉછરે છે તેમ એ ઉછર્યા. નોકરોએ રમાડ્યા. માબાપે લાડ કર્યાં ને પોષ્યા. સમજણા થયા કે એમની જ્યોત પ્રકાશવા લાગી. દસ વરસનીનાની ઉમરથી બાપુજીએ આપબળે ઘડાવા માંડ્યું. પોતે પોતાના ચોકીદાર બન્યા. પોતા પર પોતાનું ગુરુપણું આદર્યું. બહિર્મુખ મટી અંતર્મુખ થયા ને

પોતાનો વિકાસ સાધવા લાગ્યા. એ પ્રગતિની ઝાંખી આપણે કરીએ.

૧૦ વરસની ઉમરે: સ્વમાન જાગ્યું. દબાઇને રહેવા કરતાં આપઘાત સારો લાગ્યો, પણ પછી તેના કરતાં સંયમ વધુ સારો લાગ્યો અને ચોરીછૂપીથી બીડીનાં ઠૂંઠાં પીવાની ટેવ છોડી દીધી.

૧૧ વરસની ઉમરે: અંગ્રેજી મિડલ સ્કૂલમાં પણ આડે રસ્તે ન ઊતર્યા. 'નિશાળમાંથી નીસરી જવું પાંસરું ઘેર' એ અક્ષરશઃ પાળ્યું. ભણવામાં આળસ ન કરી. શિક્ષકોને કદી ન છેતર્યા.

૧૨ વરસની ઉમરે: પરીક્ષામાં માસ્તરે સ્પેલિંગ સુધારવા માટે ચોરી કરવા સૂચવ્યું છતાં ન કરી. એવા માસ્તર પ્રત્યે પણ વિનય પૂરેપૂરો જાળવ્યો.

૧૩ વરસની ઉમરે: શ્રવણ અને હરિશ્ચન્દ્રનું નાટક વાંચી તથા જોઇને તેમના જેવા પિતૃભક્ત બનવાનો અને સત્યવાદી થવાનો સંકલ્પ કર્યો. હરિશ્ચન્દ્રનાં સ્વપ્ન પણ આવ્યાં. એવી વિપત્તિમાં યે સત્ય પાળવાની હોંશ જાગી. પરણ્યા.

૧૪ વરસની ઉમરે: માંદા પિતાજીની સેવા સવારસાંજ કલાકો સુધી કરી. મોડી રાત સુધી સેવામાં જાગતા બેસે. પોતાની સાથેસાથે પરણેલા બીજા ભાઈ સાવ ગબડી પડ્યા, પાછા નિશાળે ગયા જ નહિ, ત્યારે પોતે મન પર કાબુ રાખી બરાબર ભણ્યા. પિતૃસેવામાં વખત આપવા છતાં પરીક્ષામાં ઇનામ મેળવ્યું.

૧૫ વરસની ઉમરે: હાઇસ્કૂલમાં એક વરસમાં બે ધોરણ પાસ કર્યાં. વચેટ ભાઇને ચોરી કરવામાં મદદ તો કરી, પણ તરત અંતર કરડવા લાગ્યું પિતાજીને ચિઠ્ઠી લખી દોષ જાહેર કર્યો ને માફી માગી. પિતાજીના આંસુ વડે શુદ્ધ થયા. 'તાડન કરતાં પ્રેમનું બળ વધુ' એ એમને હૈયે વસ્યું.

૧૬ વરસની ઉમરે: ચાર રૂપિયાની શિષ્યવૃત્તિ મેળવી. પિતાજીનાં પાટાપીંડી વગેરે સેવા અંત ઘડી સુધી ચાર વરસના લાંબા ગાળામાં એક દિવસનો યે ખાંચો પડવા દીધા વિના કરી. સેવા કરતાંકરતાં ધર્મનું શ્રવણ કર્યું. બધા ધર્મો ને મતો પ્રત્યે મનમાં સમભાવ વસ્યો. મનુસ્મૃતિ વાંચી. નીતિ અને સત્ય પર ખૂબ શ્રદ્ધા વધી. 'અવગુણ કેડે ગુણ કરે તે જગમાં જીત્યો સહી' એ શામળ ભટ્ટનું સૂત્ર જીવનસૂત્ર બનાવ્યું.

૧૭ વરસની ઉમરે: દસ રૂપિયાની શિષ્યવૃત્તિ મેળવી. એક મિત્રની સોબત કપરી નીવડી. તેને સુધારવાનું સાહસ કરતાં પોતે ફસાયા. હિંદુસ્તાનને સ્વતંત્ર કરવાને અંગ્રેજ જેવા બળિયા થવું ને તે માટે સૌએ માંસાહાર કરવો એવો મત બંધાયો. મિત્રે માંસની સ્વાદિષ્ટ વાનીઓ તૈયાર કરાવી તે અત્યંત સૂગ અને ઓકારી થવા છતાં બેચાર વખત ખાધું. માતાપિતા પાસે જૂઠું ન બોલવું પડે તે સારૂ એ ખાવું છોડ્યું. સુધારાવાદી તો રહ્યા જ. એ જ મિત્ર એક દુરાચારી બાઇ પાસે લઇ ગયો પણ પોતે બચી ગયા. પાપમાં ન પડ્યા. મિત્રતા પણ ન છોડી.

૧૮ વરસની ઉમરે: મૅટ્રિક પાસ કરી. એક સત્ર ભાવનગર કૉલેજમાં ગયા. વ્યાખ્યાનોમાં રસ ન આવ્યો.

૧૯ વરસની ઉમરે: દીવાનગીરીનો વારસો મેળવવા વિલાયત જઇ બૅરિસ્ટર થઇ આવવાની પિતાના મિત્રની સૂચના વધાવી લીધી. પૈસાની તાણ દૂર કરવા પત્નીનાં ઘરેણાં વેચ્યાં ને ત્રણ હજાર મેળવ્યા. બાકીની રકમ મોટા ભાઇએ ગમેતેમ મેળવી મોકલવા હામ ભીડી. નાતબહાર થવાની ધમકીથી ન ડગ્યા. માતા પાસે ત્રણ પ્રતિજ્ઞા લીધીઃ 'માંસને નહિ અડું', 'મદિરાને નહિ અડું', 'પરાઇ સ્ત્રીને નહિ અડું'. તોફાની દરિયામાં યાત્રા કરી વિલાયત પહોંચ્યા.

૨૦ વરસની ઉમરે: વિલાયતમાં ઘર સાંભર્યું. રાત પડે ને આંસુ વહે. પાછા ન ફરવામાં સારી પેઠે મનોબળ વાપર્યું. માંસના ભેગ વિનાની રસોઇ ક્યાંય મળે જ નહિ. મહિનાઓ સુધી અર્ધા ભૂખ્યા રહ્યા. લૂખું-ફોફું ખાઇને ચલાવ્યું. મોટામોટા માણસો માંસ ખાવા લલચાવે, ધમકાવે, દલીલમાં હરાવી દે છતાં પોતાનો નન્નો ન મેલ્યો. માતા પાસે લીધેલી પ્રતિજ્ઞા જાળવી. અન્નાહારી વીશી ખોળી. માંસત્યાગ સંબંધી પુસ્તકો વાંચ્યાં અને માંસાહાર પ્રત્યે મનમાં આદર હતો તે યે ગયો. પોતાના ખર્ચનો પાઇએપાઇનો હિસાબ રાખ્યો. ખર્ચની મર્યાદા બરાબર જાળવી. પાકા અંગ્રેજ બનવામાં કપડાંની ખૂબ ટાપટીપ ને વરણાગી વધારી. નાચવાની કળા, વાદ્ય વગાડવાની કળા અને ભાષણ કરવાની કળા આકરી ફી ભરી શીખવા માંડી તુરત ચેત્યાઃ 'આ તો હું સાવ આડે રસ્તે ઊતર્યો, ભાઈ લોહીનું પાણી કરે છે તે પૈસા વેડફી નાખવા લાગ્યો.' ત્રણે

કળાનો મોહ છોડ્યો. પોતે કુંવારા હોવાનો ડોળ રાખેલો તે અસત્ય જાતે જ પ્રગટ કર્યું ને લપસતા બચ્યા.

૨૧ વરસની ઉંમરે: કપડાંની વરણાગી રહી; બાકી બધી રીતે સાદાઇ વધારી. ખર્ચ અર્ધું કરી નાખ્યું. હાથે રાંધી ખાવા લાગ્યા. વાહનમાં આવજા છોડી. ચાલીને જ બધું કામ કરવાનો નિયમ કર્યો. ટાઇમ-ટેબલ મિનિટેમિનિટ પાળ્યું. ખૂબ વખત બચાવ્યો: ખૂબ આકરો અભ્યાસ કર્યો. બૅરિસ્ટરનું ભણતર ચાલુ રાખવા ઉપરાંત લંડનના મૅટ્રિક થયા. લૅટિન, ફ્રેંચ અને રસાયણશાસ્ત્ર શીખ્યા. મહેનતુ અને સાદા જીવનથી અંતરમાં ક્લેશ ન થયો, પણ ખૂબ આનંદ મળ્યો. ગીતા, બાઇબલ, થિયોસોફી અને નાસ્તિકવાદનો અભ્યાસ કર્યો. આસ્તિક બન્યા. ગીતામાંના સ્થિતપ્રજ્ઞના શિક્ષણ-વાળા શ્લોકો હૈયે જડાઇ ગયા.

૨૨ વરસની ઉંમરે: અન્નાહારી સમિતિ કાઢી. ખોરાક સાદો કર્યો. ચા, કૉફી ને મરીમસાલા છોડ્યા. બાફેલું ખાવામાં સ્વાદ પડ્યો. ઇંડાં માંસ નથી એમ સમજી પંદર દિવસ ખાધાં, પણ તુરત માતુશ્રીની વ્યા-ખ્યા પ્રમાણે જ પ્રતિજ્ઞા પાળવી જોઇએ એમ સમજી તેનો ત્યાગ કર્યો. અન્નાહારી પરિષદમાં ગયા. જે ઘરમાં ઉતારો હતો એ સ્ત્રી બદચાલની હતી. મિત્રો સાથે પત્તાં રમતાં એ સ્ત્રી પ્રત્યે મોહ્યા. મિત્રને ઇશારે ચેત્યા. ભાગ્યા. અતિશય પસ્તાયા, જાગૃત થયા. ઈશ્વરનો પાડ માન્યો. પરીક્ષાનાં પુસ્તક ઉપરાંત કાયદાશાસ્ત્ર-માંનું ઘણું વાંચી બૅરિસ્ટરી પાસ કરી. હિંદ આવ્યા.

૨૩ વરસની ઉંમરે: માતાના મૃત્યુના સમાચારથી ભારે આઘાત થયો. પિતાના મૃત્યુથી થયો તે કરતાં ચોગણો. પણ પોક ન મૂકી; આંસુ પણ ન સાર્યાં. મૃત્યુને જીવનનું રૂપાંતર સમજી મન વાળ્યું. આત્મ-દર્શનને જ સારૂ જીવન ગાળનાર, ઝવેરી છતાં અનાસક્ત કવિ રાજચંદ્રનાં દર્શન થયાં. પોતાના જીવન ઉપર ઊંડી છાપ પડી; છતાં તેમને ગુરુ ન બનાવ્યા. ગુરુ બનાવી શકાય એવો જ્ઞાની ને અણિશુદ્ધ માણસ મળ્યો જ નહિ. વકીલાત કરતાં ન આવડી. ભાષણ કરવા ઊઠે કે પગ ધ્રૂજે ને જીભ તાળવે ચોંટી જાય. જેમતેમ કરી રાજકોટમાં મહિને ત્રણસો રૂપિયા કમાવા લાગ્યા. પોલિટિકલ એજંટે અપમાન કર્યું તે ન સહી શક્યા. ચોતરફ ખુશામદનું વાતાવરણ ઝેર સમું લાગ્યું. કમાતાં છતાં મન ઉદાસ થઇ ગયું.

૨૪ વરસની ઉંમરે: પોરબંદરની મેમણ પેઢીના ૭ લાખ રૂપિયાના બહુ અટપટા અને લાંબા કેસમાં મદદ કરવા વર્ષની બંધણી કરી ને અસીલને ખર્ચે અને પગારે દક્ષિણ આફ્રિકા ગયા. સ્થાનિક કાયદા યાદ કર્યા. એકડેએકથી નામું શીખી પારંગત થયા તથા કેસને અંગેનાં વર્ષોનાં કાગળિયાં સખત મહેનત કરી ફેંદી કાઢ્યાં ને ગોરા બૅરિસ્ટરો માટે કેસ તૈયાર કર્યો. વકીલો અસીલને રક્ષવાને બહાને ચૂસે છે—સાવ કસ વિનાના કરી મૂકે છે એ જોઇ વકીલાત પ્રત્યે અણગમો પેદા થયો. બંને પક્ષવાળાઓને કાળજાંતૂટ મહેનત કરી સમજાવ્યા ને કોર્ટે જતાં વાર્યા. પંચ માર્ફત ફેંસલો કરાવ્યો. પોતાના અસીલને જીત મળી છતાં તેને મદાંધ થવા ન દેવામાં પોતાનો આત્મા નીચોવ્યો અને સામા પક્ષ પ્રત્યે દયા રખાવી.

દ૦આ૦માં પગ મૂકતાંની સાથે ગોરાઓ તરફથી કાળાઓને થતા અપમાનનો અનુભવ થયો. કોર્ટમાં પાઘડી ઉતારવાનો હુકમ થયો તે ન માન્યો ને ઊઠીને ચાલ્યા આવ્યા. ભારે હોદ્દા થઇ. ટ્રાન્સવાલ જતાં ફર્સ્ટ ક્લાસમાંથી ગોરા અમલદારોએ ધક્કો મારી ઉતાર્યા. બીજે બેસવા કહ્યું તે ન બેઠા. ટ્રેન જતી કરી. આખી રાત વરસતા હિમમાં ઠુંઠવાઈ બેસી રહ્યા, પણ રેલવેએ નીચે નાખેલા સામાનને ન જ અડ્યા. તે રાત વિચાર-ચગડોળે ચડ્યા. પાછા ઘેર ભાગવાનું મન વાર્યું અને રંગદ્વેષનો ઊંડો રોગ નાબૂદ કરવાનો સંકલ્પ કર્યો. તે દૂર કરવામાં જાત ઉપર પડતાં ગમે તેટલાં દુઃખ આવે તે સહન કરવાનો નિશ્ચય કર્યો. રેલવે મૅનેજર વગેરેને ફરિયાદોના તાર કર્યા ને બીજે દિવસે એ જ ગાડીમાં આગળ મુસાફરી કરી. છેવટની મુસાફરી સિગરામની હતી. સિગરામ કંપનીના મુખીએ અરધે રસ્તે કહ્યું, 'એ કાળીઆ ત્યાં મારે બેસવું છે, તું મારા પગ પાસે પગ-લૂછણીઆ પર બેસી જા.' આ અપમાનની સામે થયા. તડાતડ લાતો અને તમાચા પડવા માંડ્યા. પોતાની જગ્યા પાસેના સળિયાને ઝૅાડની પેઠે વળગી રહ્યા. જીવતા મુકામે પહોંચવાની આશા મૂકી દીધી. ત્યાં સિગરામની અંદરથી બેચાર દયાના છાંટાવાળા વચ્ચે પડ્યા અને 'હવે જવા દે ને એ ભિખારડાને!' એમ કહી મારનારને વાર્યો ને બાપુજી બચી ગયા.

એ જ વરસે ત્રીજી વાર ટ્રાન્સવાલની રાજધાની પ્રિટોરિયામાં ત્યાંના પ્રમુખનાં ઘર પાસેની પગથી પર ચાલતા ગોરા સાર્જંટે લાત ને મુક્કો મારી નીચે ઉતારી મૂકયા. બીજો ગોરો મિત્ર સાક્ષી આપવા ઉત્સુક હતો છતાં વેરવૃત્તિ દબાવી અને સાર્જંટ પર ફરિયાદ ન માંડી.

આ જ વરસે ખ્રિસ્તીઓએ ધર્માંતર કરવા ખૂબ લલચાવ્યા. અનેક દલીલો કરી; અસંખ્ય પુસ્તકો વંચાવ્યાં, ઢૂડીબંધ અંગ્રેજ મિત્રો કર્યાં, દેવળોમાં ગયા, પણ પરધર્મ વિષે મોહાતાં પહેલાં સ્વધર્મનો ઊંડો અભ્યાસ કરવાનો વિવેક કર્યો. બીજું એટલું બધું કામ કરતાં છતાં સ્વધર્મના પુષ્કળ ગ્રંથો વાંચ્યા અને સ્વધર્મમાં અખૂટ શ્રદ્ધા મેળવી.

જિંદગીમાં પહેલું ભાષણ પણ આ ચોવીસમે વર્ષે આવ્યું. તેમાં હિંદી વેપારીને સત્ય જાળવવાનો, સુઘડતા તથા સ્વચ્છતાથી રહેવાનો બોધ કર્યો. વ્યવહાર અને ધર્મ સાથે જ ચાલે, એ એક બીજાથી વિપરીત વસ્તુઓ નથી પણ બંનેનો સાથ અનિવાર્ય છે, બંને જાળવવામાં સર્વ પ્રકારે હિત છે એમ સમજાવ્યું. એ પચરંગી અભણ સમાજ પર તેનો પ્રભાવ પણ પડયો.

ગોરાઓ અને સરકાર તરફથી કાળાઓ પ્રત્યે થતા હડહડતા અન્યાયોનો સ્વાનુભવ કર્યો, પુરાવા ભેગા કર્યા અને તે બાબત ખૂબ ઊહાપોહ કરી. પણ કેસ લડવાનું કર્તવ્ય પૂરું ન થયું ત્યાં સુધી કોઇની સાથે ન આખડયા. પોતાનો બધો જુસ્સો મનમાં દબાવી રાખ્યો ને બળ મેળવ્યું.

૨૫ વરસની ઉમરે: હિંદુસ્તાન આવવા નીકળવાની આગલી સાંજે પોતાને માનપત્ર આપવા મળેલા મેળાવડામાં છાપું વાંચતાં હિંદી મતાધિકાર રદ કરવાના ખરડા બાબતની નાનકડી નોંધ નજરે પડી. એ ખરડો પસાર થાય તો દ૦ આ૦માંથી હિંદીઓનું નિકંદન થાય એ વાત મેળાવડામાં આવેલા લોકોને સમજાવી. એ ખરડાનો વિરોધ કરવામાં કોમને દોરવાનો અને એક સ્ટીમર જતી કરવાનો આગ્રહ ખાસખાસ વ્યક્તિઓએ કર્યો. લોકો પાસેથી કામને અંગે આવશ્યક ખર્ચ મેળવવાનો વદાડ કરાવ્યો. પોતાની ફી જતી કરી અને મહિના પૂરતું રોકાઇ ગયા. તત્કાળ ખાણાનો મેળાવડો કાર્યવાહક સમિતિમાં ફેરવાઈ ગયો ને રાતોરાત જાગી અનેક પ્રતિષ્ઠિત હિંદીઓની સહીવાળી અરજી ધારાસભામાં મોકલી આપી. છતાં ખરડો પસાર થયો. તુરત બીજી અરજી તે સંબંધી કાયદાના ગ્રંથો અને બીજા સાહિત્યનું ઊંડું અધ્યયન ઘણી મહેનત પૂર્વક કરીને ઘડી કાઢી. તે ઉપર પંદર દિવસમાં દસ હજાર સહીઓ—એટલેકે લગભગ એકે એક વસાહતી હિંદીની સહી—મેળવી અને વિલાયત મંત્રીમંડળને મોકલી. એ અરજીની એક હજાર પ્રત છાપી હિંદુસ્તાન, વિલાયત બધે પ્રચાર કર્યો. વિલાયતવાળાને પીગળાવ્યા અને હિંદી મતાધિકારનો કાયદો નામંજુર થયો. કાયદાપોથીમાં રંગદ્વેષનું તત્ત્વ ઘૂસતું અટકયું. ફરી હિંદુસ્તાન આવવાનો વિચાર કર્યો, પણ લોકોએ રોકયા. જાહેર સેવાના બદલામાં પગાર લેવાની ના પાડી. પોતીકું ખર્ચ કાઢવા વીસેક જણા પાસેથી વકીલાતનું વરસ આખાનું કામ ઠરાવ્યું. વર્ષાસન મેળવ્યું. મુખ્ય કાર્ય સેવાનું રાખ્યું, ગૌણ વકીલાતનું. ગોરા વકીલોએ કૂલી બૅરિસ્ટરને સનદ મળવા સામે ચળવળ કરી, છતાં પોતાની વ્યક્તિગત છાપ પાડી બેચાર ગોરાઓને મિત્ર બનાવી સનદ મેળવી. આ ધાંધલથી છાપે ચડયા અને આખા દક્ષિણ આફ્રિકામાં પ્રસિદ્ધ થયા સનદ મળ્યા પછી વિનય વાપર્યો અને જે કોર્ટમાં પહેલાં પાઘડી નહોતી ઉતારી તેમાં વકીલાત વેળા પાઘડી ઉતારી. એ બાબત સાથીઓની મશ્કરી સહી લીધી.

સેવાનું કામ પાકે પાયે કરવા 'નાતાલ ઇંડિયન કૉંગ્રેસ', 'ઇંડિયન એજ્યુકેશનલ એસોસીએશન' અને 'પુસ્તકાલય' એમ ત્રણ સંસ્થા સ્થાપી ત્રણેને ચેતનવંતી કરી મૂકી. ઝીણુંઝીણું કામ તન્મય થઇ કર્યું. શરૂઆતમાં કૉંગ્રેસનું ઉઘરાણું થતું ન હતું. લોકો સેંકડો આંટા ખવડાવે પણ વાયદા પૂરા ન કરે. ટૉંગાટ નામે ગામમાં એક જણ પાસેથી છ પૌંડ લેવા આખી રાત વિનયપૂર્વક રકઝક ચાલી. પેલા ભાઈ ત્રણથી આગળ વધે જ નહિ; પણ સવારે પલળ્યા ને પૂરી રકમ આપી. ત્યારથી કૉંગ્રેસનું લવાજમ લેવાનું આખા પ્રદેશમાં સહેલું થઇ ગયું. પછી ખરચ કાઢતાં સારી થાપણ જમા થઇ અને તેને પોતાની જમીન ને મકાન પણ લવાજમમાંથી થયાં.

કૉંગ્રેસની સભાઓ મહિને–પંદર દિવસે ભરી લોકોને રાજકીય જ્ઞાન આપ્યું. લોકહિતની ચર્ચા કરતાં શીખવ્યું. અભણને બોલતા કર્યા. સાથેસાથે રચના-

ત્મક કામ પણ ખૂબ કર્યું. લોકોને સફાઇથી રહેતાં ને સચ્ચાઇથી વર્તતાં શીખવ્યું અને મેલાઘેલા—કંજૂસોની રહેણી બદલાવી.

પાંચ કે સાત વર્ષના કરારે બાંધી, અંગ્રેજી માલિકોનાં શેરડીનાં ખેતરોમાં કામ કરવા હિંદુસ્તાનથી હજારો મજૂરો નાતાલ સરકારે આણેલા તે ગિરમીટિયા કહેવાતા. કરાર એટલે કે ગિરમીટ પૂરી થયે તેઓ પાછા હિંદુસ્તાન ચાલ્યા જાય અથવા ગોરા માલિકના મજૂર થઇને રહે, પણ નાનાં ખેતરો લઈ હિંદુસ્તાની ઢબે સ્વતંત્ર ખેતી કરી નાતાલમાં તેઓ વસી જાય અને ગોરાઓને મળેલી સોનાની થાળીમાં લોઢાની મેખ ન થઇ પડે એ હેતુથી નાતાલ સરકારે પ્રત્યેક ગિરમીટ–મુક્ત મજૂર પર વરસ દિવસે ૨૫ પૌંડ એટલે રૂ. ૩૭૫ નો માથાવેરો નાખવાનું ઠરાવ્યું. આ ઠરાવ જોઇ પોતે ઉકળી ઊઠ્યા. નાતાલ ઇંડિયન કૉંગ્રેસની સભા ભરી ભારે પોકાર ઉઠાવ્યો. હિંદુસ્તાનના વાઇસરૉય લૉર્ડ એલ્ગિન પાસે પ્રતિનિધિમંડળ મોકલ્યું. પરિણામે ૨૫ પૌંડના ૩ પૌંડ થયા.

પોતાની બૅરિસ્ટરી તેમજ નેતાગીરીને ઉચ્ચ આસને અકડાઇથી બેસી મોટાઇ ન વધારતાં નીચે નમ્યા ગિરમીટિયા મજૂરોમાં ભળ્યા. તેમનાં દુ:ખોની ભાળ કાઢી, તેમને સતાવનારા અંગ્રેજ માલિકો સામે કાયદેસર પગલાં લીધાં. આ માલિકોને યે નાહક નુકસાન ન પહોંચાડ્યું. તેમને ચીડવવાને બદલે રીઝવ્યા. ગિરમીટિયાઓએ તેમને સખા માન્યા. એમ કહો કે મજૂર-સેવક બન્યા.

આમ પોતાની ઉમરના ૨૪મા અને ૨૫મા વર્ષે અસાધારણ મહેનત કરી; કાર્યદક્ષતા પણ બેહદ વધારી; અનુભવ અને માહીતિ પુષ્કળ વધારી મૂક્યાં. જનતાના હૃદયમાં પ્રવેશ કર્યો, દુશ્મનો ઉપર દાનાઈની છાપ પાડી, સ્વમાન જાળવવાનું મનોબળ અને કળા શીખ્યા, ધનના ઢગલા મેળવવાનો મોહ તજ્યો અને જિંદગીનું મુખ્ય કાર્ય સેવાકાર્ય બનાવ્યું. એ ઉપરાંત અનેક ધર્મગ્રંથોનું બહોળું અધ્યયન કર્યું ને સ્વધર્મના રસિયા બન્યા એ જૂદું. ટૂંકમાં કહીએ તો જે ઉમર ગદ્ધાપચ્ચીસીની ગણાય એ જ ઉમરે પોતાનું વ્યક્તિત્વ પૂરેપૂરું ઝળકાવ્યું ને 'મહાત્માપણા'ના પગરણ માંડ્યાં.

૨૬ વરસની ઉમરે: આગલે વરસે સ્થાપેલી સંસ્થાનું કામ ચાલતું થયું. પ્રાથમિક ધમાલમાંથી પરવાર્યા અને થોડી વકીલાત ને બાકીનો વખત સેવા એમ જીવનકાર્ય સ્થિર થયું કે તુરત બધા નિત્યક્રમને પહોંચી વળ્યા બાદ જેટલી પળો મળી તેનો ઉપયોગ વધુ ધર્માધ્યયનમાં કર્યો. રાજચંદ્ર કવિ સાથે પત્રદ્વારા જ્ઞાનગોઠડી સારી પેઠે કરી. નર્મદાશંકરનું 'ધર્મવિચાર' વાંચ્યું; ઉપનિષદોનાં ભાષાંતર વાંચ્યાં; પ્રાણાયામ આસનનો અભ્યાસ પણ આરંભ કરી જોયો પણ પંડે એકલા એટલે ન ફાવ્યું. તે ઉપરાંત ટૉલ્સ્ટૉયનાં 'ત્યારે કરીશું શું?' આદિ ધાર્મિક અને તાત્ત્વિક પુસ્તકોનું પુષ્કળ વાચન કર્યું. મહમદ-ચરિત્ર ને જરથોસ્તનાં વચનો પણ વાંચ્યાં. બુદ્ધના વિશ્વપ્રેમનું નિદિધ્યાસન કર્યું. બહાર જે સદાચરણ હતું તેના પ્રમાણમાં હૃદયની પવિત્રતા ખૂબ વધારી મૂકી. આત્માર્થી બન્યા. બધાં કાર્ય ઈશ્વરાર્પણ બુદ્ધિથી કરતા થયા.

ડર્બન જેવી ગોરી નગરીમાં, ઉત્તમ લત્તામાં, ખૂબસુરત બંગલામાં પૂર ઠાઠમાઠથી રહ્યા. ઉપરને દેખાવે મોટા બૅરિસ્ટર રહ્યા, પણ અંતરમાં સાવ સાદા ને નમ્ર બન્યા—મંગળમૂર્તિ બન્યા, તે એટલે સુધી કે એક મિત્રે વિશ્વાસઘાત કર્યો, ઘર માથે કલંક આણ્યું તોપણ તેને તલભાર નુકસાન ન પહોંચાડ્યું, ક્રોધ દબાવ્યો, તેના પ્રત્યે અસહકાર કરી સંતોષ વાળ્યો.

૨૭ વરસની ઉમરે: હિંદુસ્તાન એક આંટો આવ્યા. સફરના દિવસોમાં તામિલ ને ઉર્દુ શીખવા માંડ્યું. કલકત્તા, મુંબાઇ, પૂના, મદ્રાસ અને બીજાં શહેરોમાં ફરી વળ્યા. લોકમાન્ય તિલક, ગોખલેજી, ભાંડારકર, રાનડે, ફિરોઝશા મહેતા, સુરેન્દ્રનાથ બૅનરજી વગેરે મહાસભાના આગેવાનોને તેમજ મુખ્ય મુખ્ય છાપાંઓના અંગ્રેજ કે હિંદી અધિપતિઓને દરવાજે દરવાજે જઇ દ૦આ૦ ના હિંદીઓની–ખાસ કરીને ત્રણ પૌંડના કરથી કચરાતા ગિરમીટિયાઓની–સ્થિતિની જાણ કરી. મહીનો માસ રાજકોટમાં રહી લીલા પૂઠાની એક પત્રિકા લખી અને તેની વીસ હજાર નકલ છપાવી હિંદુસ્તાન તેમજ વિલાયતમાં બહોળો પ્રચાર કર્યો. દ૦આ૦ માં અભણ લોકો વચ્ચે ભાષણ કરેલાં પણ હિંદુસ્તાનમાં વિદ્વદ્-સભાઓ સામે બોલતાં સભામાં ક્ષોભ થાય તેથી ફિરોઝશાહની સૂચના પ્રમાણે લખીને ભાષણો આપ્યાં. શરૂઆતમાં તો લખેલું પણ પોતે

વાંચી ન શકયા એટલો બધો સભાક્ષોભ થયો. આમ વકતૃત્વ જરા યે નહિ છતાં બીજો બધો પ્રયાસ પૂરેપૂરો હોવાથી આખા ભારતવર્ષમાં અને વિલાયતમાં દ૦આ૦ ના હિંદીઓનો પ્રશ્ન જીવતો જાગતો કરી મૂકયો. પોતાની લડત ન્યાયની છે એ જગતને સમજાવ્યું.

પોતે રાજકોટ હતા ત્યારે કુટુંબનાં અને બીજાં બાળકોને ભણતરની, સમયપત્રકની, કસરતની સૂચનાઓ આપી અને તેમને હસાવી રમાડી તેમની પાસેથી સેવાકાર્ય લીધું. તે સિવાય મરકીનો ચેપ મુંબાઇથી આવવાનો ડર જણાયો કે તુરત તેનો પ્રતિકાર કરવા સમિતિ બનાવી. તેમાં પોતે મુખ્ય ભાગ લીધો અને વૈષ્ણવોની હવેલીથી માંડી ઢેઢવાડા સુધી ઘેરઘેર જઇ પોતે નિરીક્ષણ કર્યું. બધાં પાયખાનાં તપાસ્યાં અને બને તેટલાં સુધરાવ્યાં. મરણ પથારીએ પડેલા પોતાના બનેવીની સારવાર પોતાની ઓરડીમાં રાખી અંત લગી કેટલી યે રાતો જાગીને કરી.

૨૮ વરસની ઉંમરેઃ પ્રિટોરિયામાં જેમનો છ લાખનો કેસ જિતાવી આપેલો તે જ અસીલની સ્ટીમર 'કુર્લેંડ'માં સહકુટુંબ પાછા નાતાલ ગયા. રસ્તે સમુદ્રના ભયંકર તોફાનમાં સ્ટીમર ડૂબતી બચી. ઉતારૂઓ ગભરાયા, પણ પોતે નિર્ભય રહ્યા અને બીજાઓને હિંમત તથા મદદ આપ્યાં. ડરબન પહોંચ્યા તે જ દિવસે બીજી સ્ટીમર પણ પહોંચી. બંનેમાં આઠસો હિંદી ઉતારૂઓ હતા. આ બાજુ પેલા લીલા ચોપાનિયાની વાત નાતાલ પહોંચેલી તેથી ગોરાઓ બહુ ચીડાયા હતા. તેમના મનમાં ભૂત ભરાયું હતું કે 'ગાંધીએ અમને બદનામ કર્યા અને હવે હિંદીઓથી નાતાલને ભરી દેવા માગે છે તેથી આઠસો જણાને લઇ આવ્યો છે.' આથી કુર્લેંડ પહોંચી તે સાથે ટોળેટોળાં અંગ્રેજો ડર્બન બંદરે એકઠા થયા અને બૂમો પાડવા લાગ્યા કે 'બંને સ્ટીમરોને પાછી હિંદુસ્તાન મોકલી દો નહિ તો આ નાતાલની જમીન પર જે કોઇ હિંદી પગ મૂકશે તેને દરિયામાં ડુબાડી દઇશું.' આ ધમકીને વશ થવાની બંને સ્ટીમરના દરેક ઉતારૂએ ગાંધીભાઇને જોરે ના પાડી. ત્રેવીસ દિવસ સુધી સરકારે બંને સ્ટીમરોને ગોદીમાં ન આવવા દીધી, છતાં હિંદીઓ ન ડગ્યા. બીજી તરફ ગોરાઓ કંઇક ટાઢા પણ પડયા, એટલે છેવટે સ્ટીમરને ગોદીમાં આવવાની રજા મળી. બધા ઉતારૂઓ ઊતરી ગયા અને પોતાનું કુટુંબ પણ મુકામે પહોંચી ગયા બાદ બાપુ પોતે ઊતર્યા. તુરત તેમની પૂછડીવાળી પાઘડી વડે ઓળખાઈ ગયા અને ગોરાઓનાં ટોળાં તીડની પેઠે ભેગાં થઇ ગયાં. કાંકરાનો, સડેલાં ઇંડાંનો વરસાદ વરસ્યો. પછી ગડદાપાટુ ચાલ્યાં. પોતાને તમ્મર આવ્યાં. જમીન પર પડી જાય તો સેંકડો બૂટો નીચે કચરાઇ શરીરનો છુંદો થઇ જાય એમ હતું. એવામાં કોઇ કઠેડો હાથ આવ્યો તે ઝાલી પડતા બચ્યા. આ ક્ષણે પણ મનમાં ઈશ્વરનું સ્મરણ હતું. મારનારાઓ પર ગુસ્સો ન હતો; તેઓ પોતાની ભૂલ સમજશે ને પસ્તાશે એવી ક્ષમાવૃત્તિ હતી. જીવ બચવાની આશા રહી જ ન હતી. પરંતુ ઇશ્વરને એ શરીરને નાશ થવા દેવું પોસાય એમ ન હતું. તેણે એક અંગ્રેજ બાઇને પ્રેરી. તે પોતાની છત્રી ઉઘાડી બાપુજીને પડખે આવી ઊભી રહી. મારનો વરસાદ હળવો થયો. એટલામાં ફોજદાર પોતાની ટોળી લઇ આવ્યો અને પોલીસના રક્ષણ વચ્ચે બાપુને મુકામે પહોંચાડયા. ગોરા નાગરિકોનાં પાછાં ત્યાં ટોળેટોળાં ઉલટયાં અને 'ગાંધીને લાવો, અમારે એને જીવતો બાળવો છે; અમને નહિ આપો તો અમે આખું ઘર સળગાવીશું' વગેરે બૂમો પાડવા માંડયા. ફોજદારે યુક્તિપ્રયુક્તિથી ટોળાંનું ધ્યાન બીજી તરફ ખેંચ્યું ને પોતાના ગુપ્તચર દ્વારા બાપુને હિંદી પોલીસનો પોષાક પહેરાવી થાણે પહોંચાડયા. પછી પારસી રૂસ્તમજીનું ઘર જેમાં બાપુજીનો મુકામ હતો તે 'ગાંધીનાં બાળબચ્ચાંને જરા પણ નુકસાન ન પહોંચાડવું' એવો વાયદો લઇ ઉઘાડું મૂકી દીધું. 'ગાંધી ન મળવાથી લોકો નિરાશ થઈ વિખરાયા.' આઠ દસ દિવસમાં શાંતિ થઇ એટલે દ૦આ૦ ની સરકારે હુમલો કરનારાઓ ઉપર દાવો કરવાની સૂચના બાપુને કરી, પણ પોતે તેનો ઇન્કાર કર્યો ને હુમલો કરનારાઓ પર દયા ખાધી. જ્યારે ગોરાઓ પોતાની ભૂલ તથા બાપુજીની ઉદારતા, વીરતા અને ક્ષમા સમજ્યા ત્યારે લજવાયા અને એમાંના ઘણા બાપુના મિત્ર બન્યા. આ યાદગાર દિવસ ૧૮૯૭ની ૧૩મી જાન્યુઆરીનો હતો.

આ પછી પાછું પહેલાંની જેમ પોતાના કુટુંબના ઉદરપોષણ જેટલી વકીલાત અને બાકી કોમની સેવાનું કાર્ય ચાલુ કર્યું. નાતાલ કૉંગ્રેસ તરફથી વિલાયતમાં દાદાભાઇ અને મંચેરજી ભાવનગરી સાથે દર અઠ-

વાડીએ વિગતવાર પત્રવ્યવહાર ચલાવ્યો અને દ૦ આ૦ માંના હિંદીઓ પ્રત્યેના અન્યાયની વાતો પાર્લામેન્ટના સભ્યો તેમજ પ્રધાનોને કાને પહોંચાડતા રહ્યા.

૨૯ વરસની ઉમરે: સલાહ અને ચર્ચાથી જ થતી સેવા અધૂરી લાગી એટલે રોજ બે કલાક શારીરિક શ્રમવાળી સેવા કરવાનું વિચાર્યું. એક ધર્માદા દવાખાનામાં દાકતરના કમ્પાઉન્ડરનું કામ કર્યું, માંદાઓની માવજત કરી. રક્તપિત્તના એક રોગીની પોતાના ઘરમાં રાખી સેવા કરી. એ રીતે ગરીબ ગિરમીટિયાઓનાં સુખદુઃખની સારી પેઠે જાણ કરી લીધી. ઘરમાં પણ શરીરશ્રમ અને સાદાઇ વધાર્યાં. યુરોપી પોષાક પણ હાથે ધોવા લાગ્યા. અને વાળ પણ હાથે કાપતાં શીખ્યા. એક વાર ચીમળાએલે કપડે ને બીજી વાર ઉંદર કાતરી ગયા હોય એવા વાળે કોર્ટમાં ગયા ત્યારે ગોરા બૅરિસ્ટરોએ ખૂબ મશ્કરી કરી. પોતે પણ એ વિનોદમાં ભળી ગયા, ખોટી શરમ ન રાખી અને મહેનતપૂર્વક ટૂંક મુદતમાં કુશળ ધોબી તથા કુશળ હજામ બની ગયા.

ઘરમાં મોટાં થતાં આવતાં બાળકોની કેળવણી પણ પોતાને હાથ લીધી અને બાળશિક્ષણનું ખાસ કરીને બાળ ઉછેરનું તેમજ બાળકોનાં ચારિત્ર્ય અને હૃદયની તથા ઔદ્યોગિક કેળવણીનું પોતાનું સ્વતંત્ર-શાસ્ત્ર રચવા માંડ્યું. ચોમેર અંગ્રેજી ભાષા વચ્ચે ગુજરાતી ભાષાને ઘરમાં જીવતી રાખી. ઘરમાં હિંદી, ગોરા, હિંદુ, મુસલમાન વગેરે અનેક મિત્રોને વસાવ્યા. તેમનું આતિથ્ય એટલે સુધી કર્યું કે દરેકનાં મળમૂત્રની સફાઇ પણ હાથોહાથ કરી. હરિજન મહેમાનનાં યે પાયખાનાં પોતે આગ્રહપૂર્વક સાફ કર્યાં ને બા પાસે કઠોર બની કરાવ્યાં. આજ વરસે દાકતરીનાં ભારેભારે પુસ્તકો વાંચી અરધા ઝાઝેરા દાક્તર પણ બન્યા.

૩૦ વરસની ઉમરે: બ્રહ્મચર્ય તરફ ધ્યાન ખેંચાયું ને તે પાળવા માટે મહેનત કરવા માંડી. ડર્બનમાં મરકી ફેલાઇ ત્યારે મ્યુનિસિપાલિટીને હિંદી લત્તાઓની સફાઇમાં મદદ કરી, લોકોના મનમાં સફાઇનું મહત્ત્વ ઠસાવ્યું ને પંડે એક મજૂરની જેમ ફરી વળ્યા. ગંદાં ઘરો વાળ્યાં ચોળ્યાં ને દવાઓ છાંટી.

૩૧ વરસની ઉમરે: પ્રખ્યાત સેનાપતિ લૉર્ડ કિચનરના નેતૃત્વ નીચે, બોઅર લોકોની સાથે જોહાનિસબર્ગની સોનાની ખાણ નિમિત્તે અંગ્રેજો લડ્યા તેમાં, પોતે ન્યાય બ્રિટિશની સામેના પક્ષમાં જોતા હતા છતાં, પોતે સામ્રાજ્યની પ્રજા છે એટલે સામ્રાજ્યની સેવા કરવી જોઇએ એમ વિચારી, બ્રિટિશ લશ્કરની સાથે જઇ ઘાયલોની સેવા કરવાની રજા ઘણી મહેનતે મેળવી. ૧૧૦૦ હિંદી જુવાનિયા એકઠા થયા. બધા કવાયત, પાટાપીંડી વગેરે શીખ્યા. પોતે મુખ્ય નાયક—સાર્જન્ટ મેજર—નિમાયા. વરસતા ગોળાઓની, અને ગીચ બજારમાં પડખેથી ઘોડાગાડી કે મોટર પસાર થઈ જાય એમ બંને પડખે કાન પાસેથી સરરર કરતી પસાર થતી ગોળીઓની વચ્ચે જઇ હિંમતપૂર્વક ઘાયલોને ઉઠાવ્યા. તેમને આઠદશ માઇલ ઊચકી જવાનું તો રોજ હોય, તો પણ બેચાર વાર ત્રીસત્રીસ ને ચાળીસ ચાળીસ માઇલ જંગલ રસ્તે ને એક એક રાતમાં ઘાયલોને લઇ કૂચ કરી. સેવાને અંતે સરકાર તરફથી તેમનાં અને તેમની ટોળીનાં છુટ્ટે મોંએ વખાણ થયાં.

૩૨ વરસની ઉમરે: દક્ષિણ આફ્રિકામાં હિંદીઓની પ્રતિષ્ઠા વધી અને બેચાર સારાસારા હિંદી સેવકો પણ ભણીગણીને તૈયાર થયા એટલે હિંદુસ્તાનમાં સેવા કરવાની ઇચ્છાએ ત્યાંથી ઘરબારસમેટી દેશ આવ્યા. દેશ આવતી વખતે દ૦ આ૦ના હિંદીઓએ અનેક માનપત્રો આપી પોતાની કૃતજ્ઞતા પ્રગટ કરી. સોનાચાંદીનાં ખોળિયાંમાં માનપત્ર અપાયાં તે ઉપરાંત સોનાનું ઘડીઆળ, હીરાની વીંટી, બાને સોનાનો હાર વગેરે પણ મળ્યાં. આ બધી ભેટો મળી તે આખી રાત પોતે ન ઊંઘ્યા. જાહેરસેવાનો બદલો આવી રીતે લેવામાં તેમને પોતાનો નાશ થવાનો ભય લાગ્યો. બાને રોવડાવી સમજાવી એ કીમતી દરદાગીનાનો મોહ છોડાવ્યો અને એ હજારોની કીમતની ભેટ બૅંકમાં મૂકી તેનું ટ્રસ્ટ કર્યું.

બે વરસ પહેલાં જે પાળવાનો આરંભ કરેલો તે બ્રહ્મચર્ય હવેથી પૂરી રીતે પાળવા માંડ્યું. સંયમ પાલન માટે કડક પગલાંઓ લીધાં. જુદુંજુદું તેમજ આખો દિવસ સખત કામ કરી થાકીને લોથ થયા પછી જ સૂવાનું રાખ્યું. આટલું છતાં મનના ઉધામા મોળા ન પડ્યા. પરંતુ વિવેકબુદ્ધિને ચોવીસે કલાક ને બારે મહિના સતેજ રાખી પોતા પર આકરો અંકુશ સેવ્યો.

૩૩ વરસની ઉમરે: હિંદુસ્તાન આવી દેશનો અનુભવ લેવા નાનામોટા પ્રવાસ કર્યા. પહેલા વર્ગમાં

જ નિત્ય ફરનારા છતાં દેશજનોની હાલત જાણવા ત્રીજા વર્ગમાં પણ કેટલીક વાર આગગાડીની સફર કરીને હેરાનગતિ ભોગવવી પડી તેમાં આનંદ માણ્યો. એ વરસે એટલે ૧૯૦૧માં કલકત્તામાં દીનશા વાચ્છાના પ્રમુખ-પણા નીચે મહાસભા ભરાવાની હતી, ત્યાં જઇ પહેલી વાર મહાસભાનું દર્શન કર્યું. પોતાનું નામ, દક્ષિણ આફ્રિકાના વીર તરીકેની ખ્યાતિ, તેમજ બૅરિસ્ટરનો દમામ જાહેર ન થવા દેતાં સાવ સાધારણ સ્વયંસેવક તરીકે પ્રતિનિધિઓ અને નેતાની સેવા કરી. ઉતારાનાં પાયખાનાંની ગંદકી ભયાનક હતી. જાતે સાવરણો મેળવી તે સાફ કરીને પછી પોતે તેનો ઉપયોગ કર્યો. રાત્રે વરંડાઓમાં કોઇકોઇ પ્રતિનિધિ ઝાડે ફરતા તે પણ સવારે જાતે સાફ કરતા. મુખ્ય મંત્રીને દફતરે જઇ કારકુનનું તેમજ મંત્રીની અંગત સેવાનું—તેમને કપડાં પહેરાવવાનું સુદ્ધાં—કાર્ય કર્યું. ભરી બેઠકમાં દ૦ આ૦જેવા મહત્ત્વના પ્રશ્ન બાબત પ્રસ્તાવ રજૂ કરવાની ને ભાષણ કરવાની ત્રણ જ મિનિટ મળી તેથી મુદ્દલ ધાંધલ ન કરી. વિનયપૂર્વક જેટલી તક મળી તેનો ઉપયોગ કરી ખૂણે જઇ બેસી ગયા. મહાસભાના આ પહેલા જ દર્શને તેમાં ચાલતા અનેક ગોટાળા અનુ-ભવ્યા. નેતાઓનો નાહકનો આડંબર, વખતનો નકામો બગાડ, પ્રતિનિધિઓની સાવ બેજવાબદારી, અસ્પૃશ્ય-તાનું સામ્રાજ્ય, સ્વયંસેવકોની દાંડાઇ વગેરે ઘણું જોયું ને અકળાયા. એ સુધારા કરવાની આવશ્યકતા જોઇ છતાં તે વખતના નેતાઓને મનમાં પણ ન નિંદ્યા. ન મહાસભાની સેવા કરવાનો ઉત્સાહ ઢીલો થવા દીધો.

મહાસભા પછી ગોખલેજી સાથે એક મહિનો રહ્યા અને તે દરમ્યાન અનેક નેતાઓ સાથે ગાઢ પરિચય કર્યો. પછી રાજકોટ આવી બૅરિસ્ટરનું કામ કરવા માંડયું. દેશમાં પહેલી વાર જામનગરમાં એક કેસ જીત્યા. વેરાવળમાં ગયા. ગોરા જડ્જને ત્યાં મરકીવાળા ગામમાં પડાવ ન નાખવા કહેવાની હિંમત કોઇ નહોતું કરતું તે પોતે કરી. આમ જે કાઠિયાવાડમાં કામ કરવું વિલાયતથી આવીને ફાવ્યું ન હતું ત્યાં દ૦આ૦થી આવ્યા પછી ફાવવા લાગ્યું ને ત્યાં સ્થિર થવા વિચાર્યું, પણ ગોખલેજીનો આગ્રહ થતાં મુંબાઇમાં બૅરિસ્ટરી કરવા અને બચતો વખત સેવામાં તેમને સાથ આપવા મુંબાઇ જઇ વસ્યા. ભારે ફી ભરી વકીલોની મોટી લાયબ્રેરીના સભ્ય થયા. પોતાની ઑફિસ ખોલી અને બૅરિસ્ટરીનું કામ શરૂ કર્યું. માંડ બેચાર મહિના થયા ત્યાં ફરી દ૦આ૦ થી તાર આવ્યો અને તેમને તાજી જમાવેલી ઑફિસ ઉલાળી મેલી દ૦આ૦ જવું પડયું.

આ પ્રકરણ આટલેથી પૂરું કરી હવે પછીનાં બાર વરસ માટે જુદું જ પ્રકરણ રોકવું ઉપયુક્ત થશે. બાપુજીના જ વાક્યમાં આ પ્રકરણનો ઉપસંહાર કરીએ.

'આત્મજ્ઞાન ચોથા આશ્રમમાં મળે એવો વહેમ સાંભળ્યો છે. પણ જેઓ ચોથા આશ્રમ લગી આ અમૂલ્ય વસ્તુને મુલતવી રાખે છે તેઓ આત્મજ્ઞાન નથી પામતા. પરંતુ બુઢ્ઢાપો અને બીજું પણ દયાજનક બચપણ પામી પૃથ્વી પર બોજા રૂપે જીવે છે એવો સાર્વત્રિક અનુભવ જોવામાં આવે છે.'


પ્રભુદાસ છગનલાલ ગાંધી

હવે શું?

મૅટ્રિકની પરીક્ષા પસાર કર્યા બાદ ઘણાંને ઊઠતા 'હવે શું?' ના પ્રશ્નનો ઉકેલ આણતું એક પુસ્તક તાજેતરમાં જ બહાર પડયું છે; તેનું નામ 'શિક્ષણ-સંસ્થાઓ'. સંશોધન અને વ્યાપારથી માંડી વ્યાયામ અને લશ્કરી તાલીમ આપનારી હિંદભરની તમામ સંસ્થાઓના તેમાં ઉદ્દેશ, અભ્યાસક્રમ, ફી, શિષ્યવૃત્તિઓની સૂચિ અને સરનામાં આપેલાં છે. ગુજરાતી તેમજ અંગ્રેજીમાં આ પ્રકારની વિશદ માહિતી ધરાવતું આ પહેલું જ પ્રકાશન એક રૂપિયાની કીમતે તેના સંપાદક 'દયાશંકર ભાઇશંકર શુક્લ, મંત્રી સુરત જિલ્લા વિદ્યાર્થી સહાયક મંડલ, લિ.—સુરત' પાસેથી મળી શકશે.

અંગારમૂર્તિ

ગઇ સદીના આપણા ઇતિહાસ પાછળ એક એવી અંગારમૂર્તિ સમાઈ જાય છે જે આવતી અનેક સદીઓ સુધી સ્મરણમાત્રથી પણ હિંદી જિગરને નવું જોશ પૂરું પાડે. એ મૂર્તિ તે ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ. પ્રતિભા અને પરાક્રમના પ્રતીક સરખું તેનું નાનું છતાં સંપૂર્ણ ન્યાય આપતું એક હિંદીચરિત્ર બહાર પડયું છે, જેમાં ૧૮૫૭ની ઘટનાનું, કેવળ સિપાહીવિદ્રોહ તરીકે નહિ પણ ભારતીય સ્વાતંત્ર્યની પ્રાપ્તિ માટેના રાષ્ટ્રીય યુદ્ધ તરીકેનું મૂલ્યાંકન, પંડિત શ્રીરામ શર્મા બી.એ. જેવાના હાથે થયું છે. સૈનિક પુસ્તક ભંડાર, આગ્રા તરફથી બે જ આનાની કીમતે બહાર પડેલું પૂર્વગ્રહોથી પર આ ચરિત્રપુસ્તક વસાવવા જેવું છે.



એવરેસ્ટ પર પહોંચવાનો એકમાત્ર શક્ય માર્ગ (નૉર્થકોલની પશ્ચિમ બાજુ) બતાવતું તથા આ વર્ષે તેના પર નાખેલી ઊંચામાં ઊંચી ચાર છાવણીઓનાં સ્થાન દર્શાવતું એ ગિરિશૃંગનું મૉડેલ. (સૌજન્ય : જ્યૉર્જ ફિલિપ ઍન્ડ સન્સ લિમિટેડ)

અપરાજિત એવરેસ્ટ

કેવળ વિજીગિષાને જ વશ થઈ એ ખતરનાક અને અજેય ગિરિશૃંગ પરના આરોહણ માટે જગતના મર્દ સાહસખેડુઓએ પોતાની જાનનાં બલિદાનો પર બલિદાનો હસતે મોંએ ધર્યાં છે

એને જોતાં તો તમે કદી માની ન શકો કે એણે જાન ખતરામાં મૂકનારા સાહસનો કદી સ્વપ્ને યે ખ્યાલ કર્યો હોય. છતાં એ દુબળો પાતળો એફ. એસ. સ્મિથ દુનિયાનો જબરામાં જબરો પર્વતખેડુ છે. દુનિયામાં જિતાએલા ઊંચામાં ઊંચા શિખર કામટ પરના આક્રમણનો એ નેતા હતો અને આજે દુનિયાની ઊંચામાં ઊંચી સપાટીએ, એવરેસ્ટથી માત્ર ૧૦૦૦ જ ફૂટ નીચે પહોંચેલી ચોકડીમાં એક તેનું યે નામ છે.

એવરેસ્ટ પરની ચોથી ચડાઇમાં તેણે આગળ-પડતો ભાગ લીધેલો ને એ વેળા રૅંગબકની હિમદિવાલ પર કુહાડી ને દોરડાંની મદદથી ચડી તેણે નાખેલી છાવણી તો ઘડીભર મોતની યે મશ્કરી કરતી લાગે. તંબૂની બહાર કોઈ પણ દિશાએ તમે એક ઉપરાંત બીજું પગલું ભરો ને તરત તમે એવા કરાળ ઊંડાણમાં ગેબ થાઓ કે જ્યાં મોત જ માત્ર પ્રવેશી શકે!

પણ અહીંથી યે તે આવી જ બેધડક રીતે આગળ ને આગળ વધતો ગયો. તેનો સાથી શિપ્ટન થાક્યો. તેને પાછો છાવણીમાં મોકલાવી દઇ તે આગળ વધ્યો. ૨૮,૧૦૦ ફૂટની ઊંચાઇએ બરફ એવો તો હતો કે તેના બૂટના ખીલા પણ તેમાં ખૂંપી શકતા ન હતા. વધુમાં વધુ મહેનત કરીને બીજા પચાસ ફૂટ તે આગળ વધી શક્યો, પણ એવરેસ્ટ હજુ હજાર ફૂટ ઊંચું જ રહ્યું. ચોમો લુંગ્મા જેવી ને તેવી અપરાજિતા રહી. નિરાશ મને પોતાનો પરાજય સ્વીકારી સ્મિથ ત્યારે

પાછો વળેલો.

એ પરાજયના ખટકાએ જ એ દુબળા પાતળા સ્મિથને ફરી એકવાર હિમાલયની ગોદે આણ્યો. ગયો આખો ઉનાળો તેણે આ નવા આરોહણની તૈયારીમાં ને નવા સાથીઓને આરોહણનું શિક્ષણ આપવામાં ગાળેલો. હુ રટલેજને આક્રમણની સરદારી આપી, પોતાના જૂના સાથીઓ શિપ્ટન ને હૅરિસ ઉપરાંત સાત બીજા ચુનંદા પહાડસફરીઓ સાથે લઇ હિમાલય-ની ગોદમાં તેણે આ સાલ પડાવ નાખ્યો.

પણ અપરાજિતા ચોમો લુંગ્માએ તો આ પહેલાં આવા કેટલા યે પડાવો જોઇ લીધા હતા. ૧૮૦૫ના બૅડલી અને ૧૮૨૮ના કૅપ્ટન જિરાર્ડના પ્રયત્નો તો જૂના ગણાય. પણ ૧૮૮૩થી તો ફરી એની ગોદમાં છાવણીઓના ખીલા સતત ટોકાવા લાગ્યા. દૂર દૂરના ઑસ્ટ્રેલિયનો પણ વિજીગિષા શમાવવા આવ્યા, પરંતુ ૧૮૮૩ની વિલિયમ ગ્રેહામ જેવી જ નાસીપાસી ૧૮૯૨માં મેળવી તેઓ પાછા વળ્યા. ૧૮૯૫માં પ્રખ્યાત પહાડખેડુ મમ્મેરી એક નવું આક્રમણ લાવ્યો, પણ તેને યે જીવનનાશથી જ એ સાહસનો બદલો મળ્યો.

છતાં યે સાહસખેડુઓએ તો પાછી પાની ન જ કરી. ૧૯૦૩માં માદામ વર્કમાનની ટુકડી બાવીસ હજાર ફૂટ ચઢી શકી એટલે નવી જ આશાઓથી ૧૯૦૫માં ડૉ. લૉંગસ્ટાફે એક ટુકડી દોરી. બ્રૉકરેલ ને કૅમોની જેવા અઠંગ પહાડખેડુઓનો સાથ હોવા છતાં તે વીસ હજાર ફૂટ પરના લૂલાં હંપાતાથી વધુ આગળ ન જ વધી શક્યો; ને એક સભ્યનો એ અપાર્થિવ કરાળતામાં ભોગ આપવો પડ્યો તે જુદો.

એવરેસ્ટને અજેય તરીકે સ્વીકારી પ્રયાસો પડતા મૂકવાની દુનિયા તૈયારી કરતી હતી ત્યાં ૧૯૦૯માં ઇટલીના રાજાના ભત્રીજા આબ્રૂઝિયોના ડ્યૂકે નવો પ્રયાસ કરી, ૨૪,૭૦૦ ફૂટ ચઢી દુનિયાની ત્યાર સુધીની બધી રેકૉર્ડો તોડી, લોકોમાં ફરી આશા આવી. ફ્રાન્સિસ યંગહસ્બંડના પ્રમુખપણા નીચે હિમાલયના આરોહણ માટે રૉયલ જીઑગ્રાફિકલ સોસાએટીએ તપાસસમિતિ નીમી ને તેણે પ્રયાસ ચાલુ રાખવાની ભલામણ કરી.

૧૯૨૧ના મેની અઢારમીએ આ અભિપ્રાય પરથી પોતાના નવ ચુનંદા માણસોને એ સોસાએટીએ હિંદને કિનારે ઉતાર્યાં. દાર્જીલિંગને રસ્તે થઇ તે ૧૬,૦૦૦ ફૂટ પર કંપાઝોંગ પહોંચ્યા. સામે જ ચોમો લુંગ્મા સાદશ ઊભી હતી. પણ . . .

આખી મોસમ ત્યાં પહોંચવાનો માર્ગ શોધવામાં જ તેમણે વીતાવી દીધી. છેલ્લે મૅલરીએ એક માર્ગ શોધી કાઢ્યો, પણ એ બહુ મોડો હતો. મોસમ ખલાસ થઇ હતી. બલિદાનની નામાવલિમાં ડૉ. કેલાસનો નવો ઉમેરો કરી, દિલગીર ચહેરે સૌને પાછા વળવું પડ્યું.

જનરલ બ્રૂસ હિંદનો જ એક લશ્કરી અફસર હતો. તિબેટને રસ્તે એવરેસ્ટ સર થવાની એને સંભાવના લાગી ને ૧૯૨૨ના માર્ચમાં મૅલરી, સ્ટ્રટ ને મૉર્ટન જેવા સાથીઓ મેળવી તે ઊપડ્યો. ૨૬,૮૬૦ ફૂટ તો તે પહોંચ્યો. બસ, હવે તો એવરેસ્ટ આવી જ લાગ્યું જણાયું! પણ ત્યાં બરફનું તોફાન એવું તો ઊપડ્યું કે એમાંના સાત જણને ક્યાં ઉપાડી ગયું તેનો પત્તો જ ન લાગ્યો! આક્રમણ અફળ ગયું.

પણ આટલે સુધી પહોંચી હિમાલયનું સારું જેવું જ્ઞાન મેળવી લીધું હોવાનું માનતી બ્રૂસની ટોળીને જંપ ન વળ્યો. એ જ સાલના એપ્રિલની આઠમીએ મૅલરી, ઇરવિન ને ઑડેલ ફરી ઉપડ્યા, પણ નિષ્ફળ થવા માટે જ! ને એ નિષ્ફળતા પણ કારમી હતી. ચોમો લુંગ્માએ પહેલા બેનાં બલિદાન લઈ ત્રીજાને પાછો ધકેલ્યો.

૧૯૩૨માં જર્મન ડૉક્ટર વિલી મર્કલે અમેરિકનોની સહાયથી ફરી એકવાર પ્રયાસ કરી જોયો. એ સાલમાં તો એ નિષ્ફળ જ ગયો; એટલે ફરી ૧૯૩૪માં તેણે આક્રમણ આદર્યું. એવરેસ્ટની અધિષ્ઠાત્રી ચોમો લુંગ્મા યે જાણે વારંવારની પોતાની ક્રૂર મશ્કરીઓથી ત્રાસી ગઈ હોય તેમ, એ સાહસખેડુઓને એવો તો પરચો દેખાડ્યો કે આજ સુધી એમની લાશો સુદ્ધાંનો પત્તો નથી લાગ્યો!

એ એવરેસ્ટની આરોહણચિકીર્ષાનું આ રંગદર્શન! એવા ખતરનાક ને એવા અપરાજિત એ શિખરની ગોદે માત્ર વિજીગિષાને જ વશ થઇ સ્મિથે આ સાલ પડાવ નાખેલો. એની ટોળીમાંના તો બધાયને આ વખતે સંપૂર્ણ ખાત્રી હતી કે ચોમો લુંગ્મા પરાજિત થશે, કારણ કે આજ સુધીનાં આરોહણોમાં કદી ઉપ-યોગમાં ન આવેલાં એવાં વૈજ્ઞાનિક સાધનોનો એમણે સહારો લીધેલો. ઓછામાં ઓછા બે જણ તો ઠેઠ

સુધી પહોંચી શકશે જ એમ તેઓનું માનવું હતું.

પણ આ મહિને જ તેમને ફરી એકવાર પરાજય કબૂલ કરવો પડ્યો છે. એવરેસ્ટ પર પહોંચવાનો માત્ર એક માર્ગ છે, ને તે રૉંગબક ગ્લેશિયર. એ માર્ગ તો ચોમાસાના જબરા હવાપ્રવાહોમાં દુર્લંઘ્ય સાબિત થયો. શિપ્ટન ને હૅરિસ નૉર્થ કૉલ પરથી તેના પર પહોંચવાનો પ્રયાસ કરવા ગયા, ત્યાં તો બરફ તૂટી પડ્યો ને મહા મુશ્કેલીએ એ પોતાનો જીવ બચાવી શક્યા. નિરૂપાયે આ સાલ માટે તો એ પ્રયાસ માંડી જ વાળવો પડ્યો છે ને પરાજિત માનવનાની મશ્કરી કરતી ચોમોલુંગ્મા ફરી એકવાર એવરેસ્ટને શિખરેથી માનવીની પામરતા પર મંદ સ્મિત ફરકાવી રહી છે. **'કુમાર'**

જર્મનીમાં હિંદીવાનોને અભ્યાસ માટે શિષ્યવૃત્તિ

હિંદ અને જર્મની વચ્ચે સંસ્કાર-સંબંધો બાંધવા અને મૈત્રીભાવ સાધવાના શુભ ઉદ્દેશથી ચાલતી એક સંસ્થા જર્મનીમાં છે. એનું નામ ઇન્ડિયા ઈન્સ્ટીટ્યૂટ ઑફ ધ જર્મન ઍકૅડેમી (India Institute of the Deutsche Achademie). જર્મનીની જુદીજુદી વિદ્યાપીઠોમાં આગળ અભ્યાસ વધારવા ઇચ્છતા લાયક હિંદી વિદ્યાર્થીઓને દર વરસે અમુક સંખ્યામાં એ સંસ્થા તરફથી સ્કૉલરશિપો અપાય છે. માસિક ૫૦ માર્કના હિસાબે દસ મહીનાની ૫૦૦ માર્કની આ શિષ્યવૃત્તિઓ છે. યુનિવર્સિટીઓની શિક્ષણ ફી નથી લેવામાં આવતી. નવેંબર ૧૯૩૬ની પહેલી તારીખથી ઑગસ્ટ ૧૯૩૭ની એકત્રીસમી સુધી દસ મહીનાનો તેનો અભ્યાસક્રમ છે. વિદ્યાર્થીની યોગ્યતા પ્રમાણે તેને કઇ યુનિવર્સિટીમાં દાખલ કરવો તેનો નિર્ણય ત્યાંની એક્ઝિક્યુટિવ કમિટી કરે છે.

બધું શિક્ષણ જર્મન ભાષામાં જ અપાય છે, એટલે ઉમેદવારને જર્મન ભાષાનું જ્ઞાન ફરજિયાત હોવું જોઇએ. મ્યુનિચ યુનિવર્સિટીમાં જર્મન ભાષાના શિક્ષણ માટે ગોઠવણ કરેલી છે એટલે પહેલી સપ્ટેંબર સુધીમાં ત્યાં પહોંચી જઇ, સત્ર ખુલતાં સુધીમાં પોતાના ખર્ચે ત્યાં રહી ઉમેદવાર એ શિક્ષણ મેળવી શકે છે. એ માટે કશી ફી લેવામાં આવતી નથી.

આ શિષ્યવૃત્તિઓ એક વર્ષ માટેની જ છે. જર્મન યુનિવર્સિટીની ડિગ્રી મેળવવા ઇચ્છનારે ચાર અને ઓછામાં ઓછાં ત્રણ સત્ર સુધી તો જર્મનીમાં રહેવું જ જોઇએ. બીજા વર્ષ માટે શિષ્યવૃત્તિ આપવી એ ઍકૅડેમીની મુનસફી પર છે, એટલે પોતાનાં સાધને જ બીજું વર્ષ ત્યાં ગાળવું જોઇએ. શિષ્યવૃત્તિ મળતી હોવા દરમ્યાન પણ માસિક ૧૨૦ માર્ક જેટલા પરચુરણ ખર્ચની પણ વિદ્યાર્થીની તૈયારી હોવી જોઇએ.

૧૯૩૬-૩૭ની સાલ માટે સોળ શિષ્યવૃત્તિઓ આપવાનું જાહેર થયું હતું: ૨ વૈદક, ૧ ગણિત, ૧ ઇંડોલૉજી, ૨ રસાયણશાસ્ત્ર, ૨ ભૌતિકશાસ્ત્ર, ૨ જર્મનભાષા અને વાઙ્મય, ૨ એન્જીનીઅરીંગ, ૧ સ્થાપત્ય અને ૧ પશુચિકિત્સાશાસ્ત્ર માટે. એ માટે ગએલી અરજીઓમાંથી નીચેનાં ઉમેદવારો સફળ જાહેર થયાં છે.

૧ વૈદક:	કુ૦ ઉષા હલધર, એમ. બી. બી. એસ., દિલ્હી. શ્રી જી. એસ. ગુહા, એમ. બી., શિલૉંગ.
૨ ગણિત:	શ્રી સુપ્રસન્ન સેનગુપ્ત, એમ. એસ,સી., રંગૂન.
૩ ઇંડોલૉજી:	શ્રી આર્યેન્દ્ર શર્મા, એમ. એ., અલ્લાહાબાદ. શ્રી આર. એન. દાંડેકર, એમ. એ., પૂના.
૪ રસાયણ:	શ્રી એન. કે. શેષાદ્રિ આયંગર, એમ. એસસી, બૅંગ્લોર. શ્રી વાસુદેવ બૅનરજી, બી. એસસી, કલકત્તા.
૫ ભૌતિકશાસ્ત્ર:	શ્રી એન. કે. સહા, એમ. એસસી, અલ્લાહાબાદ. શ્રી એ. કે. દત્ત, ડી. એસસી., કલકત્તા.
૬ ઇજનેરી:	શ્રી એન. અંતનેયૂલુ, બી. એસસી, બનારસ. શ્રી નંદલાલ ગુલાલી, બી. એસસી., લાહોર.
૭ સ્થાપત્ય:	શ્રી ટી. બાલકૃષ્ણ નાયર, એમ. એ., મદ્રાસ.
૮ પશુચિકિત્સા વિજ્ઞાન:	શ્રી પી. સી. નાગ, જી. બી વી. સી., સિલહટ
૯ વનસ્પતિશાસ્ત્ર:	શ્રી પંચાનન મહેશ્વરી, એમ. એસસી., ડી. એસસી., આગ્રા.
૧૦ ખાણશાસ્ત્ર:	શ્રી બી. એસ. સંજીવ રેડ્ડી, ધનબાદ.
૧૧ લલિતકળા:	કુ૦ શૈલા બૅનરજી, આર્ટિસ્ટ, કલકત્તા.
૧૨ અર્થશાસ્ત્ર:	શ્રી બશેશ્વરનાથ ટંડન, એમ. એ., મીરત

જગતની જુવાનીને આમંત્રણ



આપતું ઓલિમ્પિયાનું ક્રીડાંગણ

બર્લિનમાં આ સાલ ઉજવાતા ઓલિમ્પિયાના ક્રીડાંગણ માટે ખાસ તૈયાર કરાવેલા ઘંટ પર આ વાક્ય લખાએલું છે: 'જગતના યુવાનોને હું આમંત્રું છું.' ને જગતભરના રાષ્ટ્રોએ એ ઉત્સવ માટે પોતાની યુવાનીની તારવણી કરી ત્યાં મોકલી છે.

આ ઓલિમ્પિક ક્રીડોત્સવનું મૂળ ઉત્પત્તિસ્થાન તો ગ્રીસમાં આવેલું ઓલિમ્પિયાનું નગર. હેલનિઝ લોકો ઓલિમ્પિયાની જીતને જિંદગીનું મોટામાં મોટું માન ગણતા. માત્ર રમતગમતોનું જ નહિ, પણ રાષ્ટ્રીય અને ધાર્મિક જીવનનું પણ એ કેન્દ્ર રહેતું.

પણ કૉન્સ્ટાન્ટીનોપલમાં ખ્રિસ્તી ધર્મના પગપેસારાએ ઈ. ૩૯૩માં ગ્રીકોના એ રાષ્ટ્રીય ક્રીડાંગણનો અંત આણ્યો. પછી આજ સુધી માત્ર પુરાણકથા તરીકે જ એ સંઘરાતી આવેલી. ૧૮૯૬માં નોબેલ શાંતિપુરસ્કારના ફ્રેન્ચ ઉમેદવાર બૅરન પીઅરી દ કોબર્ટિને તેને પુનર્જીવિત કરવાના પ્રયાસો આદર્યા. એ પ્રયાસો સફળ થયા, કારણકે દુનિયા પણ એવો કોઇક આંતરરાષ્ટ્રીય ઉત્સવ ઉજવવા ઇંતેજાર હતી.

ઇ. ૧૮૯૬માં આથેન્સમાં પહેલું ક્રીડાંગણ રચાયું. લોકરૂચિ તે તરફ ખૂબ પ્રમાણમાં વળી, એટલે ફરી ૧૯૦૦માં એ ઉત્સવ પારીસમાં ઉજવાયો. ત્યારપછી ૧૯૦૪માં સેંટ લૂઇમાં, ૧૯૦૮માં લંડનમાં ને ૧૯૧૪માં સ્ટૉકહોમમાં એ જગતક્રીડાંગણ ઊભાં કરવામાં આવેલાં. ૧૯૧૪માં મહાયુદ્ધ શરૂ થયું ને ઉત્સવ ખોરંભે પડ્યો. ફરી ૧૯૨૦માં ઍન્ટવર્પ, ૧૯૨૪માં પારીસ, ૧૯૨૮માં આમ્સ્ટર્ડામ અને ૧૯૩૨માં લૉસ ઍન્જેલીસમાં તે ઉજવાએલો. અને આ સાલ તે ઉજવવાનું જર્મનીએ પોતાને માથે લીધું છે. પોતાની સત્તામાંનાં સઘળાં સાધનો એ રમતોને ઝેબ આપે એવા પ્રચારમાં તે વાપરે છે. હિટલર આ વર્ષનો એ રમતોનો આશ્રયદાતા છે. પ્રખ્યાત સ્થપતિ વર્નર માર્ચના ઉપક્રમ હેઠળ તેણે ખાસ એ માટે વિશાળ ક્ષેત્રફળો સમથળ બનાવડાવ્યાં છે ને ખાસ ઇમારતો, પૂલો ને રેલવે સ્ટેશનો પણ ઊભાં કર્યાં છે.

પરદેશીઓ માટે દરેક ઉતારામાં ખબરખાતું રાખવામાં આવ્યું છે ને દુભાષિયા તથા ભોમિયાઓ રોકવામાં આવ્યા છે. લાખો પ્રેક્ષકોની મેદની ઓલિમ્પિક રમતો જોવા જમા થશે, પણ એ દરમિયાનમાં કોઇ પણ ચીજોના ભાવો વધારવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

રમતોમાં ભાગ લેનારાઓ માટે તો જર્મનીએ આખું ઓલિમ્પિક ગામ ઊભું કર્યું છે. ભાગ લેનારા-



ઓલિમ્પિક રમતો જ્યાં પ્રાચીન કાળમાં રમાતી તે ગ્રીસમાં આવેલા ઓલિમ્પિયા નગરના પુણ્ય સ્મરણ તરીકે ત્યાંનો અગ્નિ મશાલમાં ઠેઠ બર્લિન સુધી લઇ જઇને તે વડે ત્યાં રમતનો પાવક પ્રકટાવવાનો કાર્યક્રમ છે. ૩૪૦૦ દોડનારાઓ એવી મશાલો લઇને ઓલિમ્પિયાથી બર્લિનની પગે ટપ્પાદોડ કરશે જે ૧૩ દિવસ લેશે. સાત દેશોમાં થઇને એમનો માર્ગ પસાર થાય છે જેની લંબાઇ આશરે ૧૮૭૫ માઇલ થાય છે. ઉપર એ માર્ગનો નકશો, શહેરો તથા તારીકવાર આપેલો છે

એ બધા આવી રહેશે એટલે ઓલિમ્પિયાને પુનર્જીવન આપનાર બૅરન કોબર્ટિન તેની ઉદ્ઘાટન ક્રિયા કરશે. સલામીની તોપ ફૂટશે ને જર્મન ચાન્સેલર હિટલર રમતો ખુલ્લી મુકાએલી જાહેર કરશે. જગતની માનવતા એક સાંકળે બંધાએલી હોવાનું સૂચન કરતો પંચવર્તુલ (five rings)નો વાવટો લહેરાવવામાં આવશે.

પછી યુવાનોનું ચુંટાએલું ટોળું ટપ્પાદોડ (relay run) કરીને ઠેઠ ઓલિમ્પિયાથી બળતી મશાલ લાવશે ને એ વડે ક્રીડાંગણમાં અગ્નિ પ્રગટાવશે. ઓલિવની ડાળખી સાથે ઓલિમ્પિયાનું ગીત ગવાશે ને ત્યાર બાદ રમતગમતો શરૂ થશે. ૩૪૦૦ દોડનારાઓને ૧૮૭૫ માઇલની એ દોડની યાદગીરી તરીકે ક્રપ કંપની 'નિરોસ્ટો' પોલાદની બનાવેલી એકએક નાની મશાલ ભેટ આપશે.

જર્મનીએ લૉસ ઍન્જેલીસ કરતાં ૧૪ રમતગમતો આ વખતે નવી ઉમેરી છે. ઉપરાંત શિલ્પ, ચિત્રકલા, કાવ્ય, સંગીત, સ્થાપત્ય વગેરેને યે સ્થાન આપ્યું છે. છેલ્લે એક નાટક પણ ભજવવામાં આવશે જે આંતરરાષ્ટ્રીય કોટિનું રહેશે. વિજ્ઞાનીઓનાં ભાષણો તો એ દરમિયાન પણ ચાલુ હશે.

આ જગત-હરીફાઇમાં સર્વોચ્ચ સ્થાન મેળવવાની આશાએ બધાં રાષ્ટ્રોએ પોતાના ચુનંદામાં ચુનંદા યુવાનોને જર્મની મોકલ્યા છે. આ તકનો લાભ લઇ જર્મનીએ એક નવું જ સંઘવિધાન કર્યું છે. આ હરીફાઈમાં ભાગ લેનાર દરેક દેશને તેણે ત્રીસ કુમારો પણ જર્મની મોકલવાનું આમંત્રણ આપેલું. ત્યાંની



ઑલિમ્પિયા(ગ્રીસ)થી બર્લિન ઑલિમ્પિયાનો અગ્નિ લઈ જનાર ૩૪૦૦ દોડનારાઓને ક્રપ કંપની તરફથી 'નિરોસ્ટા' પોલાદની બનાવેલી આવી મશાલ એ પ્રસંગના સ્મરણ તરીકે ભેટ મળશે

ઍસેમ્બ્લી ઑવ યૂથ એ બધાનું સંગઠન કરશે ને અન્યોન્યના પરિચયમાં લાવશે. જર્મનીને કિનારે ઉતરે ત્યારથી જ તેઓ જર્મનીના મહેમાનો ગણાશે.

આમ આ વખતની ઓલિમ્પિક રમતો વેળા શરીરવિકાસ સાથે પ્રતિભા ને કલાનું જોડાણ કરી સારામાં સારી માનવસંસ્કૃતિનો આદર્શ ઊભો કરવાના પણ જર્મનીને કોડ છે ને એ કોડભર્યે દિલે જર્મન રાષ્ટ્ર આ મહોત્સવ ચિરસ્મરણીય બનાવવાનો હરેક પ્રયત્ન હાથ ધરશે.



કરાચી કૉંગ્રેસના સુવર્ણમહોત્સવ પ્રસંગે અનેક પ્રકારની હરીફાઇઓ ગોઠવવામાં આવી હતી. તેમાંની એકમાં 'કૉંગ્રેસે પચાસ વર્ષમાં દેશના ઉત્કર્ષ માટે શું કર્યું ?' તે વિષય ઉપર ટૂંક સમયમાં અંગ્રેજીમાં અથવા પોતાની માતૃભાષામાં શાળા અને કૉલેજના વિદ્યાર્થીઓને વિચારો વ્યક્ત કરવાના હતા. શાળાવાળી હરીફાઇમાં ભાગ લેનારની સંખ્યા ૧૫ની હતી. તેમાં મરાઠી, તામિલ, હિન્દી, ગુજરાતી વગેરે હતા. પ્રથમ વિચારો દર્શાવનાર તરીકે ભાઇ વસંતરાય પંચોલીનું નામ સૂચવવામાં આવ્યું. શરૂઆતમાં દરેકને કેટલો વખત આપવો તે નક્કી થએલું ન હોવાથી એમને બોલ્યાને ચાર જ મિનિટ થઇ ત્યાં ઘંટડી વાગી અને એમને અધવચ બંધ કરવું પડ્યું. છતાં તેમણે છટાથી પોતાનું વક્તવ્ય રજુ કરેલું. હરીફાઇનો વખત પૂરો થયા પછી બધા વિદ્યાર્થીના વિચારો એકઠા કરી સરખાવી કમિટીએ નિર્ણય કરી ભાઈ વસંતરાય પંચોલીનું નામ પહેલા નંબરના ઇનામ માટે જાહેર કર્યું, ઇનામમાં એક ચાંદીનો મોટો પ્યાલો ભેટ મળ્યો હતો. ભાઇ વસંતરાયની ઉમર ૧૮ વર્ષની છે અને તેઓ આ ઉપરાંત ક્રિકેટ, ફુટબૉલ, સ્કિપિંગ તેમજ અન્ય રમતોના શોખીન હોઇને બધી પ્રવૃત્તિમાં ખંતપૂર્વક ભાગ લે છે. —ભૂપતરાય મો. દવે

ક્ષણભર

ઝરાનું જાદુ

ઓસાકા પાસેના જંગલમાં ઘણાં વરસ પર એક બુઢ્ઢો કઠિયારો રહેતો. એનું નામ યોશિહો. દિવસ આખો એ જંગલમાં લાકડાં કાપવા ભટકતો, ને એની બૈરી આખો દિવસ રેંટિયો કાંત કાંત કરતી ત્યારે માંડ એને ગુજરાન પૂરતું મળતું.

ચોમાસાના દિવસોમાં એક વખત એ લાકડાં કાપવા ઊપડ્યો. આખું જંગલ રખડ્યો, પણ ક્યાં યે સરપણ જેવું સૂકું ઝાડ તેની નજરે ન પડ્યું. આગળ ને આગળ એ તો વધતો જ ગયો, ત્યાં એક સુંદર ઝરણું તેની નજરે પડ્યું. યોશિહો થાકી તો ગયો જ હતો, એટલે ત્યાં તેણે થોડોક આરામ લેવાનો વિચાર કર્યો.

ઝરણાને કિનારે આવી તેણે ભાથું છોડ્યું ને ખાવા બેઠો. જમી પરવારી ઘૂંટણિયે પડી તેણે ઝરણામાંથી ખોબેખોબે પાણી પીવા માંડ્યું. ધરાયો ત્યાં સુધી તેણે પાણી પીધું. પણ અરે! આ શું? પાણીમાં તેણે પોતાનું પ્રતિબિંબ જોયું ને એ સફાળો કૂદી ઊઠ્યો! એની કરચલી, એનાં પળિયાં, એના લબડતા હોઠ ક્યાં યે અદૃશ્ય થઇ ગયાં હતાં. પોતાને માથે હાથ મૂક્યો તો ટાલને બદલે ત્યાં તો ગુચ્છાદાર જુલફાં જણાયાં! તેની ચામડી કિશોર જેવી કુમાશભરી બની ગઇ હતી. ધ્રૂજતાં અંગોવાળા કઠિયારાને બદલે યોશિહો તો પૂરો તાકતવાન જવાંમર્દ બની ગયો હતો! કોઇએ જાણે જાદુ જ કરી નાખ્યું!

યોશિહોએ તો ઉલટના માર્યા સીધી ઘર તરફ દોટ જ મૂકી. વર્ષો થઇ ગયાં એના પગોએ એવી ઝડપ જાણી પણ ન હતી. ઘરમાં એને ઓચિંતો ઘુસી આવતો જોઇ એની બૈરી પણ પહેલાં તો બી ગઇ. પણ યોશિહોએ જ્યારે પેલા ઝરાની વાત તેને સંભળાવી ને ખાત્રી આપી ત્યારે જ તેનું કૌતુક શમ્યું.

'ત્યારે હું યે આવી શા માટે રહું?' તેની બુઢ્ઢી સ્ત્રીએ કહ્યું ને એ પણ સીધી જંગલ તરફ દોડી. કઠિયારાએ તેને જવા દીધી. ઝટપટ એણે તો ઝરો શોધી કાઢ્યો ને ઘૂંટણિયે પડી પાણી પીવા માંડી. અહો, કેવું મીઠું, ઠંડું, તાજગીભર્યું એ પાણી હતું?! જાણે અમૃત!

ને જેમજેમ વધુ તાજગી મળતી ગઇ તેમતેમ કઠિયારાની સ્ત્રીએ તો વધુ ને વધુ ઘૂંટ ઉતારવા માંડ્યા.

જાય

નાનાં નાનાં મોટાં થાય,
મોટાં મોટાં ઘરડાં થાય,
ઘરડાં થઇને ચાલ્યાં જાય.

ઝરણાં ઝરણાં નદીઓ થાય,
નદીઓ નદીઓ સાગર થાય,
સાગર થઇને ઊડી જાય.

મોહિનીચન્દ્ર

પોતાની સ્ત્રી કેવીક સુંદર બનીને આવશે એની કલ્પના કરતો કઠિયારો તો તેના આવવાની રાહ જ જોઇ રહ્યો હતો. કલાક ગઇ, બે કલાક ગઇ, પણ એ તો હજુ નજરે ય નહોતી પડતી. યોશિહોને હવે ચિંતા પેઠી. એ કેમ પાછી નહિ વળી હોય? ક્યાં રોકાઇ રહી હશે?

હવે તેનાથી ન રહેવાયું. તેને શોધવા એ જંગલ ભણી ઊપડ્યો. બધે ફરી વળ્યો, ઝરણા પાસે પણ જોયું, પણ તેની સ્ત્રીનો ક્યાંય પત્તો જ ન મળે! નિરાશ મને વિચારમાં ને વિચારમાં એ ઘેર પાછો વળવા જતો હતો ત્યાં તો ઝરણ પાસેના ઘાસમાંથી એક બાળકના રડવાનો અવાજ તેને કાને આવ્યો. ધીમે ધીમે એ અવાજ વધતો ગયો.

અહીં વળી બાળક! આશ્ચર્યમાં ને આશ્ચર્યમાં તે ત્યાં ગયો ને જુએ છે તો આશ્ચર્યથી આભો જ બની ગયો! પોતાની સ્ત્રીનાં કપડાં વચ્ચે જ એ બાળક વીંટળાએલું પડ્યું હતું.

પોતાના ધણી જેવી જુવાન ને ખૂબસુરત બનવા તેની સ્ત્રીએ એટલું તો પાણી પીધું હતું કે જુવાની તો એ ક્યાં યે વટાવી ગઇ, પણ કૌમાર ને બચપણ વટાવી તે ઠેઠ બાલ્યાવસ્થામાં આવી પડી હતી!

દિલગીર ચહેરે એ રડતી બાળકી ને કપડાંનો વીંટલો ઉપાડી યોશિહો ઘેર પાછો વળ્યો. (અંગ્રેજી ઉપરથી)



મધુકરી

લઘુ છો

વિરાટના છો લઘુબિંદુ જેવો
દેખાવમાં હું ક્ષણજીવી જંતુ;
આત્મા વિષે છે પણ એક તંતુ
વિરાટથી યે અધિકાંશ એવો.

ચાંગ-કૈ-શાક

*** જગતના પીડિત દેશોમાં હિંદનું સ્થાન છે તેવું જ ઘણે અંશે ચીનનું પણ છે. ત્રણ ત્રણ બાજુએથી તેને સંભાળતા રહેવું પડે છે: બ્રિટન અને અમેરિકાની સ્વાર્થી ચાણક્યનીતિથી, રશિયાના સામ્યવાદની આગથી અને જાપાનની સામ્રાજ્યવાદી ભૂખથી. અને એ ત્રણ બાજુથી કાયમા બચાવ કરવા પ્રયત્ન કરતા ચીનની આંતરિક પ્રગતિ પણ કાયમી રૂંધાતી જ રહે છે. છતાં એ બધાં સામે ટક્કર ઝીલીને પણ ચીનની રાષ્ટ્રીય સરકારે જે પોતાની પ્રગતિ સાધી છે તે જેવીતેવી ન ગણાય.

ચીનની સરકાર એટલે ચીનનો રાષ્ટ્રીય પક્ષ કુઓમીન્ટાંગ. તેનો નેતા છે જનરલ ચાંગ-કૈ-શાક. એ રીતે ચાંગ-કૈ-શાક ચીનનો સરમુખત્યાર છે. જાપાને ચીનમાં ફેલાવવા માંડેલી અશાંતિ અને બહારની દુનિયાના ગપગોળા વચ્ચે પણ તેનું સરમુખત્યારપણું ટકી રહ્યું છે, ચીનની પ્રજા હજુ તેને વફાદાર છે, તેનું કારણ માત્ર તેનું અદ્‌ભુત વ્યક્તિત્વ અને માતૃભૂમિ ચીન પ્રત્યેનો તેનો પ્રેમ છે. નાનકિનમાં પોતાની સત્તાનું કેન્દ્ર રાખી શાસન ચલાવતી ચાંગ-કૈ-શાકની રાષ્ટ્રીય સરકારની સત્તા યાંગ્ટ્સેની ખીણના પ્રદેશમાં જામેલી છે. વીસ કરોડ ચીનાઓ પર તેનું શાસન ચાલે છે ને એ પ્રદેશમાંના એકલા હુનાન પ્રાંત સિવાય બધા પ્રાંતોના સુબાઓ તેને જવાબદાર છે.

ચીનને આધુનિક દેશોની હરોળમાં ઝળકાવવાની ચાંગને ખૂબ ઉમેદ છે. બ્રિટન જો ચીનમાંનો પોતાનો પગપેસારો બંધ કરી દે, રશિયા કમ્યુનિઝમનો પોતાનો પ્રવાહ ખાળી રાખે અને જાપાન જો પોતાના ટાપુમાં જ શાંત પડ્યું રહે તો ચાંગ તેમ કરી દેખાડે તેમ છે. પણ ચીનને આંતરિક સંગઠન માટે શાંત બેસવા દેવાની તૈયારી એના ત્રણ પીડકોમાંથી એકે દેખાડી શકે એમ માનવું મૂર્ખાઈભરેલું નહિ તો વધુ પડતું તો છે જ.

ચીન બહારની દુનિયામાં ભાગ્યે જ જેને કોઇ ઓળખતું હશે એવા રાજપ્રકરણોના પડદા પાછળ રહેતા એ આજના ચીનના સૂત્રધાર ચાંગ-કૈ-શાકનો જન્મ ૧૮૮૮માં ફેંગુહા ગામમાં થયો હતો. મીઠાનો ઇજારો ધરાવતા તેના વડવાઓની સ્થિતિ સાધારણ હતી. અઢાર વર્ષની વયે તે પીઓટિંગની લશ્કરી શાળામાં જોડાયો. ત્યાંથી જાપાન જઇ ટોકીઓની લશ્કરી ઍકેડેમીમાં તેણે યુદ્ધને લગતી કેળવણી લીધી.

જાપાનમાં જ ચીનના રાષ્ટ્રપિતાનું બિરૂદ પામેલા ડૉ. સુન-યત-સેનનો ચાંગને ભેટો થયો. એ મહાપુરુષના સંસર્ગે તો તેનું જીવન તદ્દન પલટાવી નાખ્યું. રિબાતા, કચડાતા, દબાતા ચીન ખાતર ફના થવાની ચિનગારી તેણે યુવાન ચાંગના હૃદયમાં પેટાવી અને પરિણામે ૧૯૧૧માંના પ્રજાસત્તાક બળવા વખતે જેવો ચાંગ જાપાનથી પાછો ફર્યો કે તેણે બળવાખોરોની ૮૩મી બ્રિગેડના સેનાપતિનું પદ સંભાળી લીધું. તે વખતે લશ્કરી બાબતોમાં અને વ્યૂહરચનામાં તેણે ખૂબ કાબેલિયત દર્શાવેલી ને તેની ટુકડીએ મંચુઓના હાથમાંથી શાંઘાઇ જીતી લેવામાં અગત્યનો ભાગ ભજવેલો. ૧૯૧૨માં ચીનમાં ફરી બળવો ફાટી નીકળ્યો ત્યારે ચાંગ ડૉ. સુન-યત-સેન સાથે જોડાયો ને એ જોડાણથી જ બળવો સફળ બનેલો.

૧૯૨૦માં તે લશ્કરી જીવનથી ફારેગ થયો ને શાંઘાઇમાં હુંડીના દલાલ તરીકે કામ કરવા માંડ્યું. પણ તેમાં બહુ ન ફાવતાં ડૉ. સુન-યત-સેને સ્થાપવા ધારેલી રાષ્ટ્રીય એકતા સફળ



ચાંગ-કૈ-શાક અને તેનાં પત્ની

બનાવવામાં તે સામેલ થયો. કંતાનગમાં ચેન-ચીયુન-માગે જ-ગાવેલો બળવો શમાવી તેણે કિવંગસી અને યુનાનિસના ડૉ. સુનનાં દુશ્મન સૈન્યો પર ચડાઈ કરી જીત મેળવી. કવાંટુંગ પ્રાંતમાંનો વાઈચાઇનો અજીત મનાતો કિલ્લો યે જીતી, ઠેઠ ચાસોચાઉ સુધી દુશ્મનોને તેણે હાંકી કાઢ્યા.

૧૯૨૪માં ડૉ. સુન-યત-સેને કમ્યુનિઝમ શીખવા ચાંગને મૉસ્કો મોકલ્યો. ત્યાં કોઈ કારણોસર તેને ઝગડો જામતાં તે પાછો ચાલ્યો આવ્યો અને ત્યારથી એ સામ્યવાદનો ચીનમાંથી સદંતર નાશ કરવાનું કામ તેણે હાથ ધર્યું છે. ૧૯૨૫માં ડૉ. સુન-યત-સેનનું મૃત્યુ થતાં ચીનનો મુખ્ય લશ્કરી પુરુષ તે જ બન્યો છે. દેશદ્રોહીઓના હાથે છિન્નભિન્ન થતું જતું ચીન એકત્ર કરવાની તેની મુરાદ બર લાવવા માટે તેણે ૧૯૨૬ના જુલાઇમાં અજબ થઇ જવાય એટલી ઝડપથી હુનાન અને હૅંકાઉ પ્રાંતનો કબજો પ્રખ્યાત સેનાપતિ વુ-પે-ફુના હાથમાંથી લઇ લીધો. પોતાની રાજદ્વારી કુનેહનો ઉપયોગ કરી તેણે લોકસમૂહને પણ રાષ્ટ્રવાદી ચીનાઓની તરફેણમાં આણ્યો, અને એ રીતે સેનાપતિઓની સત્તાઓ ઓછી કરી નાખી.

હૅંકાઉ પછી તેણે વૂસંગ, હનયાગ વગેરે શહેરો સર કર્યાં ને ૧૯૨૭માં માર્શલ સુન-ચુઆન-ફૅંગના લશ્કરને હરાવી શાંઘાઇ સર કર્યું. થોડા જ વખત પછી નાનકિન તેણે સર કર્યું ને ત્યાં નાનકિન સરકાર નામે ઓળખાતી કુઓમીન્ટાંગ (ક્રાન્તિકારી) મધ્યસ્થ સરકાર સ્થાપી, રશિયાના ચળવળિયા કમ્યુનિસ્ટ બરોડીન અને તેના સાથીઓને દૂર કર્યા.

૧૯૨૭નો ઉનાળો જાપાનમાં ગાળી તે પાછો આવ્યો ત્યારે નાનકિનની રાષ્ટ્રીય સરકાર પ્રજાને ટેકે બળવત્તર બની હતી. ચાંગે તેનો ઉપયોગ કર્યો ને તરતજ પીપિંગ પર ધસી જઇ મુલ્કમશહુર સેનાપતિ ચાંગ-સો-લીનને હરાવ્યો. સીનાન ખાતે જાપાનીઓ જોડે તે વખતે અથડામણ થઇ હતી, પણ ચાંગની કુનેહ અને મુત્સદ્દીગીરીથી ઝગડો વધુ લંબાયો ન હતો.

એ જ વર્ષના ડિસેંબરમાં તે મૅડમ સુન-યત-સેનની બહેન મે-લિંગ-સુંગ સાથે પરણ્યો. મે-લિંગનો બાપ અમેરિકાથી ખ્રિસ્તી થઇ પાછો ફર્યો હતો અને એ ખ્રિસ્તી કુટુંબના પરિચયે ચાંગે પણ ખ્રિસ્તીધર્મ અંગીકાર કર્યો. શ્રીમતી ચાંગ ચીનનાં ખૂબસુરતમાં ખૂબસુરત અને સૌથી વધુ સંસ્કારી લલના તરીકે જાણીતાં છે. એ દંપતી હમેશાં સાથે જ રહે છેઃ વિમાન, ટ્રેન કે મોટરમાં; રસોડા, બગીચા કે અભ્યાસખંડમાં!

૧૯૩૧ના ડિસેંબરમાં જનરલ ચાંગ-કૈ-શાકે રાષ્ટ્રીય સરકાર, કુઓમીન્ટાંગ સમિતિ અને રાજસભાના પ્રમુખ તરીકેના પોતાના બધા હોદ્દાઓનું રાજીનામું આપ્યું ને પોતાના વતન ફેંગુહાગમાં રહેવા ગયો. પણ તેના નિવૃત્ત થતાંની સાથે જ જાપાને ચીન પર પંજો ઉગામતાં, વાનપ્રસ્થાશ્રમ મૂકી દઇ ચીનના લશ્કરના જનરલીસિમો તરીકે તેને ફરી ચીનનું સૂત્ર સંભાળવું પડ્યું છે. હાલ તો તે ચીનની નાણાંસ્થિતિ સમતોલ રાખવા ને રેલવેવ્યવહાર વધારવા ઉપર ખાસ લક્ષ આપી રહ્યો છે.

ચાંગના વ્યક્તિત્વે ચીનની અભણ અને અફીણી પ્રજામાં ઓછી જાગૃતિ નથી આણી, છતાં બહારની દુનિયા માટે તો તેનું વ્યક્તિત્વ કોઇ રહસ્ય સમું જ લાગે છે. તે શરમાળ અને એકાંતપ્રિય બહુ છે, છતાં જ્યારે તે બોલવા બહાર પડે છે ત્યારે તે શું બોલશે તેની બધા પ્રતીક્ષા કરી રહ્યા હોય છે. તેની ભાષાની તિખાશ લોકો પર ધારી અસર નીપજાવી શકે છે ને એટલે જ તેનાથી દોરાનારો જનસમાજ તેને ગળી યે રહે છે. પણ તેનું કાર્ય, તેના આદર્શો ને તેની રહેણીકરણી પર અફવાઓ ને અટકળોનું એવું તો ધુમ્મસ છવાઈ ગયું છે કે તેમાંથી તેનું સ્વતંત્ર વ્યક્તિત્વ તારવી શકવું મુશ્કેલ છે.

તેની ભાવિ મુરાદ ગમે તે હો, પણ ચીનને માટે તેણે જે કર્યું છે એ તો અવશ્ય પ્રશસ્ય છે. ગઇ કાલના ચીનનો તે સ્વપ્નદ્રષ્ટા હતો ને આજના ચીનનો તે સૂત્રધાર છે. પણ આવતી કાલે એનું સ્થાન કયાં હશે?

જાપાનની ચીનમાં પેશકદમી વધતી જ જાય છે. તેણે મંચુકુઓ ચીનથી નોખું પાડ્યું, જેહોલ સર કર્યું ને હવે શાંઘાઇ પર તેની નજર ઠરી છે. છતાં અત્યાર સુધી ચાંગની તો બધી પ્રવૃત્તિઓ જાપાન કરતાં સામ્યવાદીઓના જોરને દબાવવામાં જ વપરાઈ છે. તે સમજે છે કે હવે જાપાનની સામે થવું અશકય નહિ તો મુશ્કેલ તો છે જ, એટલે જાપાન સામે શાં પગલાં લેવાં તેનો કશો નિર્ણય તે કરી શકતો નથી. એક સામટો સત્યાગ્રહ એ ઉપાડે તો યે એનું અસર-

કારક પરિણામ આવે કે કેમ તેની શંકા જ રહે છે ને એથી તો જાપાન વધુ જલદ પગલાં લેવામાં જરા યે પાછું પડે તેમ નથી.

ત્યારે ચાંગની કારકીર્દિની ઉજ્જ્વલતા માત્ર જાપાન સામેના તેના આત્મનિર્ણય પર અવલંબે છે. જાપાનના કટ્ટા શત્રુ સામ્યવાદી જુવાનિયાઓ પર હાથ ઉગામી તેણે આડકતરી રીતે પોતાનો પક્ષ નબળો પાડી નાખ્યો છે ને એ નબળાઇએ કરીને જાપાનીઝ ધૂંસરી ગળે ભેરવવા કરતાં મૃત્યુ ને વિનાશને બહેતર ગણનાર સામ્યવાદીઓ તેને થોડા જ સમયમાં પદચ્યુત કરી દે એવો સંભવ પણ રહે છે; અને એટલે જ ચાંગની દરેક હીલચાલ બહારની દુનિયા આજે રસપૂર્વક નિહાળે છે.

ઉડ્ડયનનો આંક તોડનાર ઍમી

* * * બે વરસ નિર્વાસિત જેવી રહી આ વરસે ફરી લોકજીભે ચડનાર ઍમીની આ કારકીર્દિ ઉત્તમોત્તમ સાહસખેડુઓને પણ એક પડકાર સમી બને છે.

ફરી એક વાર ઇંગ્લંડ અને સારૂં જગત મીસીસ ઍમી મૉલિસનને વધાવી લે છે. કેપ ઑફ ગુડહોપથી ઇંગ્લંડ સુધીની ઉડ્ડયનની એક વધુ રેકૉર્ડ તેણે તોડી છે; અને હવેથી તે ઇંગ્લંડથી કેપ અને કેપથી ઈંગ્લંડની તેમજ ઇંગ્લંડથી કેપ થઈ ફરી ઇંગ્લંડ પહોંચવાની ૭ દિ. ૨૨¾ ક ની બેવડી સફરની જગત-રેકૉર્ડો ધરાવતી થઇ છે.

ઉડ્ડયનના ઇતિહાસમાં ઍમીની કેપથી વળતી સફર ખાસ સનસનાટીભરી રેકૉર્ડ ઊભી કરે છે ને એટલે જ ક્રૉયડન મુકામે ઇંગ્લંડે કરેલો તેનો સત્કાર પણ એટલો જ ભવ્ય હતો.

ઍમીએ પહેલવહેલાં ૧૯૩૨ના નવેંબરમાં જિમ મૉલિસને સ્થાપેલી કેપના ઉડાણની રેકૉર્ડ તોડી તે વેળા એ ઍમી જૉન્સન હતી. તે પછી એ જગતરેકૉર્ડો તોડતા ઉડ્ડયનના અજોડ ખેડુ


ઍમી મૉલિસન


મૉલિસન સાથે પરણી અને ત્યારબાદ એ મૉલિસન દંપતીએ સાથે ખેડેલી સફરો એટલી જ યશભાગી નીવડી છે.

૧૯૩૩ના જુલાઈમાં તેઓ ઈંગ્લંડથી બ્રિજપોર્ટ (કૅનેડામાં) આટલાંટિક ઓળંગવા ઊપડ્યાં. સફળતાપૂર્વક આટલાંટિક પાર તો કર્યો, પણ બ્રિજપોર્ટ પહોંચતાં જ વિમાન તૂટી પડ્યું..

ફરી ૧૯૩૪ના ઑક્ટોબરની મહાન ઈંગ્લંડ–ઑસ્ટ્રેલિયાની હવાઇ શરતમાં યે એ દંપતી સાથે જ ઊડેલાં. કલાકના ૨૦૦ માઈલની ઝડપે ૨૫૩૦ માઈલ કાપી તેઓ કરાંચી પહોંચ્યાં; પણ ત્યાં ઍન્જિનને ખોટકો નડતાં લાચારીથી તેમને શરત છોડી દેવી પડી.

ત્યાર પછી બે વરસ થવાં ઍમી વિષે કશું સંભળાતું ન હતું. એની પ્રવૃત્તિઓ પણ ઝાઝી બહાર આવતી ન હતી. પણ એ બે વર્ષો પછી તેણે જે સિદ્ધિ મેળવી તેણે એ ઠંડા ગાળાનો બંગ વાળી દીધો. ૧૯૩૪ સુધી પતિ સાથે જ ઉડ્ડયનમાં સામેલ રહેલી ઍમીએ એકલે હાથે આ સાલ રેકૉર્ડ તોડ્યો છે. આટલી સફળતા મેળવ્યા છતાં પોતાના થએલા સ્વાગતનો જવાબ આપતાં ઍમીએ કહેલું, 'મને નિરાશા ફક્ત એટલી જ છે કે હું આગલી રાતે ઇંગ્લંડ ન પહોંચી શકી.'

અને હજુ યે એ મૉલીસન દંપતીની મહત્ત્વાકાંક્ષાઓનો એટલેથી અંત નથી આવતો લંડનથી બ્રિસ્બેન, લૉસ ઍંજે-



ઍમી મૉલીસને રેકૉર્ડ તોડીને કરેલી જગતની છ સફરોના માર્ગ દર્શાવતો નકશો

લિસ, ન્યૂ યૉર્ક ને પાછા લંડન ફરતો જગતપ્રવાસ ખેડવાના તેમને કોડ છે. ઍમીએ એની સંભાવનાનું પૂછતાં જિમ મૉલિસને જવાબ આપેલો: 'ઉત્તરધ્રુવ સિવાય કોઇપણ સાગર પાર કરવો એ તો રમતવાત છે.' જગત સફરની તેમની યોજનાઓ પણ લગભગ સંપૂર્ણ થવા આવી છે.

પણ એથી યે વધુ રસ એમને હજુ બીજી બાબતમાં છે અને તે, જ્યાં પ્રકાશનાં કિરણો હવામાં વેરાઇ ન જતાં સીધાં જ પડે છે એવા આપણા વાતાવરણની બહાર આવેલા, સ્ટ્રેટોસ્ફીઅરના અવકાશસાગરનું ઊંડાણ ખેડવામાં. એકાદ બે વર્ષ પહેલાં જ તેમણે એ નક્કી કરી રાખેલું, પણ એ માટેની વૈજ્ઞાનિક ચોકસાઈ હજુ અસંપૂર્ણ હતી એટલે તેમના પ્રયાસો ખાળી રખાએલા. તાજેતરમાં જ તેની થએલી વિશેષ જ્ઞાન-પ્રાપ્તિએ તેમના પ્રયાસોની શક્યતામાં નવા અંશો પૂર્યા છે ને ક્રૂઝર જેટલી, કલાકે ૧૬૦ માઇલની ઝડપના પોતાના પર્સિવલ ગલ વિમાનમાં અવકાશના એ મહાસાગરમાં ઊપડવા મૉલિસન દંપતી યોજનાઓ ઘડી રહ્યાં છે.

ભવાની તલવાર

*** જેમાં શિવાજી મહારાજને સાક્ષાત્ દેવી ભવાનીનો વાસ દેખાતો, જે એમના જીવનકાર્યની સદોદિત સાથી રહી, રાષ્ટ્રોદ્ધારની એમની હંમેશની પ્રેરણામૂર્તિ તરીકે રહી હતી, એ તલવારનો અહીં રજુ થતો ઇતિહાસ રસિક એટલો જ માહિતીપ્રચૂર જણાશે.

ધર્મ, દેશ અને સ્વતંત્રતા ખાતર ઝઝૂમનાર વીર યોદ્ધાઓમાં શિવાજી મહારાજના નામે હિંદના ઇતિહાસમાં અનોખું સ્થાન સાચવી રાખેલું છે. પરદેશી સંસ્કૃતિઓનાં ગમે તેટલાં આક્રમણો છતાં હિંદુ સંસ્કૃતિ કોઇથી ભૂંસી ભુંસાશે નહિ તેનું ભાન કરાવનાર શિવાજીએ મહારાષ્ટ્રના ડુંગરાઓમાં રહી, મહાભારત અને પુરાણોમાંથી પ્રેરણાપાન કરી, મોટી મુગલ સલ્તનતના પાયા ડગમગાવી પરતંત્રતાની બેડીઓથી જકડાએલા હિંદને આઝાદીનો રસ્તો બતાવ્યો.

એ શિવાજી મહારાજની જીવનલીલાનું સ્મરણ કરાવતો કોઇપણ અવશેષ અત્યારે હોય તો તે એમની ભવાની તલવાર. શિવાજી મહારાજની એ મહામૂલી તલવારનો ઇતિહાસ બહુ રસિક છે.

કોંકણ અને કલ્યાણની ચોતરફનો મુલક કબજે કરી, મહારાષ્ટ્રીય મહારાજ્યની સ્થાપના કર્યા બાદ એક વખતે હરિહરેશ્વરની યાત્રા કરી શિવાજી પાછા ફરતા હતા એ વેળા તેમના સાંભળવામાં આવ્યું કે ગોવાલકર સાવંત નામના સરદાર પાસે ૩૦૦ હૂણ (હૂણ=લગભગ ચાર રૂપિયાની કીમતનો ચાંદીનો સિક્કો)ની કીમતની એક નામચીન મૂલ્યવાન તલવાર છે. આ સાંભળી શિવાજીના સરદારોએ આ તલવાર બળજબરીથી તેની પાસેથી પડાવી લેવાની સૂચના કરી. પણ શિવાજીએ દેવદાનવોના અમૃતમંથનવાળી શાસ્ત્રકથાનો દાખલો આપતાં જણાવ્યું કે 'દેવો અને દાનવો પણ આંતરકલહથી વિનાશને પંથે પડ્યા તો આપણે પામર મનુષ્યોએ ક્ષુદ્ર બાબતો માટે આપસઆપસમાં ઝગડા કરવા સારા નહિ.' શિવાજીના સાથીઓ તો આ જવાબ સાંભળી ડઘાઇ જ ગયા.

આ બાજુ ગોવાલકર સાવંતના કામદારે જોયું કે શિવાજી સાથે મૈત્રી બાંધવામાં જ પોતાના સરદારનો ભાવિ ઉત્કર્ષ હતો. તેણે એ તલવાર શિવાજીને ભેટ આપી દેવાની સાવંતને સલાહ આપી. સાવંતને પણ આ વાત ગમી અને શિવાજી પાસે જઇ એ અમૂલ્ય તલવાર એમને ચરણે ધરી. શિવાજી સાવંત પર ખુશખુશ થઇ ગયા અને બદલામાં એક કીમતી પોશાક તથા ૩૦૦ હૂણ તેમને ભેટ આપ્યા તથા વધારામાં પોતાના સૈન્યમાં એક મોભાદાર પદવી પણ આપી.

આ તલવારની શિવાજીએ પોતાની કુળદેવી ભવાનીના મંદિરમાં પ્રતિષ્ઠા કરી, ભાવપૂર્વક તેની પૂજા કરી અને દેવીના નામ પરથી તલવારનું નામ પણ ભવાની રાખ્યું. શિવાજીને આ તલવારમાં સાક્ષાત્ જગદંબાનો વાસ દેખાયો. આ તલવાર હાથમાં પકડવાથી શિવાજીમાં નવું જોમ પ્રકટતું અને જ્યાં જ્યાં શિવાજીનો પગ પડતો ત્યાં ત્યાં તેમની ફતેહના ડંકા વાગતા. નવરાત્રિના દિવસોમાં શિવાજી મહારાજ કુળદેવી ભવાનીની મૂર્તિને પડખે જ ભવાની તલવારની સ્થાપના કરી દેવીની આશિષ માગતા કે શ્રી ભવાની રાષ્ટ્રોત્થાન કરવા તેમને પ્રેરે અને તેઓ ભવાની તલવાર કેડે બાંધી નવા મુલકો જીતવા દશેરાને દિવસે રવાના થાય.

શિવાજીના સમયનો દેશકાળ જોઇએ તો સંપ, સલાહ અને શાંતિની તો કયાં યે વાત નહિ. ચારે તરફ અંધાધૂંધી અને અરાજકતા હતાં. ધર્મઝનૂની બાદશાહ ઔરંગઝેબે બાપને કેદ કરી, ભાઇઓની કત્લ કરી દિલ્હીની ગાદી પચાવી પાડી હતી હિંદુઓને વટલાવવાની પ્રવૃત્તિ ચાલી ને કાશી મથુરાં અને પ્રયાગનાં હિંદુ મંદિરો તૂટ્યાં, એટલે જોતજોતાંમાં હિંદુ ધર્મના મહાન અક્ષયવૃક્ષનાં મૂળ ઉખેડાઇ જશે એમ સૌને લાગવા માંડ્યું હતું. પણ એ જ વખતે મહારાષ્ટ્રમાં શિવાજીની વીરહાક વાગવા લાગી. નવલોહિયા યુવાનોને મોખરે ઊભા રહી તેણે આખા રાષ્ટ્રમાં ચેતનની ચિનગારી પ્રકટાવી. ધર્માભિમાન અને સ્વદેશાભિમાનની લાગણીથી પ્રેરાઇ એણે મુગલ સલ્તનતને હચમચાવી નાખી, બિજાપુર અને અહમદનગરનાં રાજ્યોને શિકસ્ત આપી અને ભગવો ઝંડો મહારાષ્ટ્રમાં ફરકાવી નષ્ટ થએલા હિંદુ ધર્મને બચાવી લીધો દેશોદ્ધારના એ મહાન કાર્યમાં શિવાજીની ભવાની તલવાર સદોદિત તેમની સાથે રહેલી.

મરાઠા મહારાજ્યનો દૃઢ પાયો નાખી સને ૧૬૮૦માં છત્રપતિ શિવાજી મહારાજ દેવલોક પામ્યા. તેમની પછી યુવરાજ સંભાજી ગાદીએ આવ્યો. સ્વચ્છંદી સંભાજી મુગલોની જાળમાં ફસાયો. સને ૧૬૯૦માં ઔરંગઝેબે તેનો શિરચ્છેદ કર્યો અને ભવાની તલવાર હાથ કરી દિલ્હી મોકલી આપી. ઇ.સ. ૧૭૦૭માં

छत्रपति महाराजा शीवाजी



ભવાની તલવાર

શિવાજીના પૌત્ર શાહુ મહારાજને બાદશાહ પાસેથી તે પાછી મળી. શિવાજીના વીરત્વને યાદ આપતી આ તલવાર સને ૧૮૨૭ સુધી શિવાજીના વંશજો પાસે અમૂલ્ય અવશેષ તરીકે હતી એ વાત નિઃસંશય છે. પણ ત્યાર પછી એ તલવાર ક્યાં અને કોના પાસે ગઇ તે સંબંધી ઘણા વિદ્વાનો વચ્ચે મતભેદ છે.

કેટલાક ઇતિહાસવેત્તાઓ એમ માને છે કે કોલ્હાપુર નરેશની કુળદેવી ભવાનીના મંદિરમાં જે તલવાર છે તે જ શિવાજીની ભવાની તલવાર છે. આ તલવાર જોકે શિવાજીની તલવારને ઘણી રીતે મળતી આવે છે ખરી, પણ તેના પર કોતરાએલા અક્ષરો 'सरकार राजा शाहु छत्रपतिकड' બતાવે છે કે એ શિવાજીની નહિ પણ તેમના પૌત્ર રાજા શાહુની છે.

બીજી વાત એમ ચાલે છે કે કોલ્હાપુર નરેશે એ તલવાર બાદશાહ એડવર્ડને ભેટ આપેલી અને અત્યારે તે લંડનના બ્રિટિશ મ્યૂઝિયમમાં છે. આ સંબંધમાં બ્રિટિશ મ્યૂઝિયમના વ્યવસ્થાપક જણાવે છે કે 'બ્રિટિશ મ્યૂઝિયમમાં અમારી પાસે શિવાજીની અસલ ભવાની તલવાર કે વાઘનખ નથી.'

પૂનાવાળા ખાનબહાદુર બમનજી ડી. પદમજી પાસે જે તલવાર છે તે અસલ ભવાની તલવાર હોવાનું કેટલાક વિદ્વાનો સિદ્ધ કરે છે. સને ૧૯૧૨માં મુંબાઇના મિ. ડી. પી મૂસ નામના શસ્ત્રપરીક્ષકને એક તલવાર સાફ કરવા માટે આપી હતી. સાફ કરતાં ધાર પર કોતરાએલા સોનું ભરેલા અક્ષરો અને બીજાં ચિહ્નો સ્પષ્ટ દેખાયાં. ધાર પર દેવનાગરી લિપિમાં 'छत्रपति महाराजा शिवाजी' એમ કોતરેલું છે. અત્યારની મહારાષ્ટ્રની લિપિથી આ અક્ષરો ઘણી રીતે જુદા પડે છે અને ભાંડારકર ઓરીએન્ટલ રીસર્ચ ઇન્સ્ટીટ્યૂટવાળા ડૉ. એસ. કે. બેલવેલકરે એ અક્ષરો શિવાજીના સમયના હોવાનું સાબિત કર્યું છે.

એ તલવારની ધારની ડાબી તથા જમણી બાજુએ બીજના ચંદ્ર જેવાં બે સુશોભનો કોતરેલાં છે તે એમ બતાવે છે કે શિવાજી મહારાજની આણ પૂર્વ તથા પશ્ચિમના સઘળા દેશોમાં હતી. ધાર પર ચંદ્રની વધઘટ પામતી કળા જેવાં કેટલાંક ગોળ તથા અર્ધગોળ વર્તુળો છે. તે શિવાજીનાં ગુપ્ત ચિહ્નો હોવાનું મનાય છે. શિવાજી મહારાજે રાજા જયસિંહ પર લખેલા એક પત્રમાં આ ચિહ્નો વિષે ઉલ્લેખ છે. એ પત્રમાં શિવાજી લખે છે કે, 'જો આપને આ પત્રની કંઇ અસર ન થાય તો મારી તલવારથી આપના લશ્કરનો સામનો કરવા હું તૈયાર છું. આવતી કાલે જે ઘડીએ સૂર્ય સંધ્યાનાં ઘેરાં વાદળાંઓમાં સંતાઈ આથમી જશે ત્યારે મારી તલવારનો બીજચંદ્ર ઝળહળી ઊઠશે. ઈશ્વર આપનું કલ્યાણ કરો. અસ્તુ.' શિવાજીએ પત્રમાં તલવાર માટે 'બીજચંદ્ર'નું રૂપક બે અર્થમાં યોજેલું હતું. એક તો તલવારની વળાંક લેતી ધાર માટે અને બીજું ધાર પર ચંદ્રાકારે કરેલાં આ સુશોભનો માટે.

આ તલવાર મગરિબ નામના ઊંચા પોલાદની બનાવેલી છે અને તેગની જાતની છે. તેની વચ્ચેના ભાગમાં પહોળા પાનાવાળી ધાર સારી પેઠે વળાંક લે છે. નીચેની અણીથી નવ ઇંચ સુધી આ તલવાર બેધારી છે અને પછી સળંગ એકધારી છે. છેડેથી મૂઠ સુધી માપતાં તેની લંબાઇ બે ફૂટ સાડા ચાર ઇંચ થાય છે અને પહોળાઈ વધારેમાં વધારે ત્રણ ઇંચની છે. મૂઠ પર સોનેરી ફૂલોની સુંદર નકશી કરેલી છે.

આ તલવાર કોઇ એક વ્યક્તિની સંપત્તિ નહિ પણ આખા રાષ્ટ્રમાં શિવાજીના પરાક્રમોનો પડકાર કરતી મહાશક્તિ છે.

—રાયસિંહજી કા. રાઠોડ

વૃક્ષારોપણ પર્વ

* * * ગુજરાત અને મહાગુજરાતમાં ગઇ દેવશયની એકાદશી વૃક્ષારોપણપર્વ તરીકે ઉજવવા, સમાજસેવકો, વ્યાયામમંડળો, સ્કાઉટો, હાઉસિંગ સોસાએટીઓ તેમજ ગ્રામ્યોદ્ધારની બાબતમાં રસ લેનારાઓને વિનતિ કરતાં અમદાવાદ હાઉસિંગ એસોસીએશનના પ્રમુખ શ્રી પ્રીતમરાય વ્રજરાય દેસાઇએ મૂકેલા વિચારો મનનીય છે:

ગુજરાતમાં બળતણની તાણ છે. આપણી મીલો અને કારખાનાં માટે લાખો ટન કોલસો બીજા પ્રાંતો અને પરદેશથી મગાવવો પડે છે એટલું જ નહિ, પણ ઘરમાં બાળવાના કોલસા પણ હવે તો ઠેઠ મારવાડથી આવવા લાગ્યા છે. ગામડાંમાં એ એ તાણ એટલી બધી વધી ગઇ છે કે ખેતરને ઉપયોગી ઢોરના છાણનું ખાતર જમીનમાં જવાને બદલે હવે તો બધું જ છાણાં થાપવામાં જાય છે. ખેતીનો કસ ઘટી જવાનું આ પણ એક અગત્યનું કારણ છે. આના ઇલાજ તરીકે દરેક ગામમાં ઝાડ રોપવાની પ્રવૃત્તિ વ્યવસ્થિત રીતે હાથ ધરવી જોઇએ.

બળતણ અને ખાતરમાં ઉપયોગી થવા ઉપરાંત હવા શુદ્ધ કરવામાં અને વરસાદનું નિયમન કરવામાં ઝાડ અગત્યનો

ભાગ ભજવે છે. ગુજરાતની ઉત્તર સીમા ઉપરનાં ઝાડ કપાઇ ગયાને પરિણામે કચ્છનું રણ દક્ષિણ તરફ આક્રમણ કરતું જાય છે અને ઉત્તર ગુજરાતની જમીન ધીમે ધીમે ઊતરતા કસની થતી જાય છે. ઝાડો કપાઇ જવાથી હિમના ઠંડા પ્રવાહને ફરી વળવું સુગમ પડે છે એ ધ્યાનમાં રાખી એના નિવારણ અર્થે પણ ઝાડ રોપવાનું કામ તાકીદે શરૂ કરવું જોઇએ.

ધર્મશાળા બાંધવાની શક્તિ અને સાધન ઇશ્વરે બધાંને આપ્યાં નથી, પણ દરેક માણસ ઝાડ રોપી પશુપંખી તેમજ માણસને આશરો આપી ધર્મશાળા બાંધવા જેવું જ પુણ્ય-કાર્ય કરી શકે છે.

દરેક સમજુ માણસ વૃક્ષારોપણ પર્વને દિવસે બની શકે તેટલાં ઝાડ રોપશે અને પોતાના પાડોશીઓને એકઠા મળી એ પર્વમાં ભાગ લેવા પ્રેરણા આપશે એવી વિનતિ છે.

—પ્રીતમરાય વ્રજરાય દેસાઇ

એક-બે-ત્રણ

ગયા મહાયુદ્ધની આ વાત છે.

મુસાફરોથી ખીચોખીચ ભરેલી રેલગાડી બર્લિન સ્ટેશનથી ઊપડી ચૂકી. ગાડીમાં બાળકો, સ્ત્રીઓ, વૃદ્ધો બધાં હતાં, પરંતુ કોઇ તંદુરસ્ત દેખાતું નહોતું. એક ડબામાં એક ઘરડી સ્ત્રી પાસે એક ભૂરા વાળવાળો લશ્કરી સિપાઈ બેઠો હતો. બાઇ બિચારી અશક્ત અને બીમાર જણાતી હતી. ચાલતી ગાડીના અવાજમાં મુસાફરોએ સાંભળ્યું કે તે બાઇ રહીરહીને 'એક-બે-ત્રણ', 'એક-બે-ત્રણ' એમ જોરથી ગણી રહી છે!

તે વિચારમગ્ન રહેતી. વચમાં વચમાં ચૂપ પણ થઇ જતી. અને ફરી પાછી બોલતી: 'એક-બે-ત્રણ'!

પાસે જ બે કુમારિકાઓ બેઠી હતી. તેમનાથી ન રહેવાયું ને તેઓ હસી પડી. ડોશીના આવા વિચિત્ર વર્તનની તેઓ અરસપરસ મજાક ઉડાવવા લાગી. એટલામાં એક વૃદ્ધ મુસાફરે તેમને ઠપકો આપ્યો અને ઘડીકભર ડબો આખો શાંત રહ્યો.

ડોશીએ બેશુદ્ધ હાલતમાં ફરી પાછું શરૂ કર્યું:'એક-બે-ત્રણ!' અને પેલી શાંત પડેલી કન્યાઓ ફરી ખડખડાટ હસી ઊઠી.


હવે ભૂરા વાળવાળો પેલો સિપાઇ જરા આગળ આવ્યો ને બોલ્યો 'બહેનો, તમને અજાયબી થશે કે તમે જેને હસી રહ્યાં છો તે મારી જ પત્ની છે. લડાઇમાં હમણાં જ અમારા ત્રણ જુવાન દીકરા ખપી ગયા છે. હું પોતે પણ યુદ્ધમાં જ જઇ રહ્યો છું. પરંતુ ત્યાં ગયા પહેલાં છોકરાની આ માને પાગલખાને પહોંચાડવાની જરૂર છે.'

એકાએક ડબામાં ભયંકર સનસનાટી પ્રસરી ગઇ. હસવું ઊડી ગયું અને દરેક જણને એક જબ્બર આઘાત થયો!

(વિશાલ ભારત)

જંતુનાશક દીવો

ડૉ. હર્મે જંતુઓના નાશ માટે કરેલી આ શોધ અજમાએશથી અસરકારક માલૂમ પડી છે. કૅલિફૉર્નિયાના એક



તળાવ પર એ દીવો ટાંગેલો ને અરધા જ કલાકમાં બે લાખ મચ્છરોનાં એક રતલ વજનનાં મુરદાં તેની નીચે ખડકાઇ ગયાં. એની રચના પણ તદ્દન સાદી છે. તેની વચ્ચે કાચની નળીઓ ગોઠવેલી હોય છે જેમાંથી જંતુઓને આકર્ષતો પ્રકાશ—ખાસ કરીને અલ્ટ્રા વાયોલેટ—ફેંકવામાં આવે છે ને તેની આસપાસ વિદ્યુત્‌નો બહુ આકરો પ્રવાહ વહેડાવતું પીંજરૂં બનાવેલું હોય છે. પ્રકાશથી આકર્ષાઇને જંતુઓ તરત ત્યાં દોડી આવે છે, પણ વિદ્યુન્મય તારોને સ્પર્શતાં જ મુરદાં બની જાય છે.

રોગ વગરનો પ્રદેશ

કોલંબસે અમેરિકા શોધ્યો ત્યાર બાદ સો વર્ષે ઇ. ૧૫૯૪માં ડચ નાખુદા બારંદ બારંઝે તેથી ટૂંકો રસ્તો શોધવા ઉત્તર ધ્રુવ સમુદ્રની સફર ખેડેલી. નોવા ઝેમ્બ્લાના ટાપુઓની પેલી પાર રશિયાની ઉત્તરે તે તેના ખલાસીઓ સહિત બરફમાં અટવાઈ પડ્યો. ત્રણ વર્ષ એવી રીતે રહ્યા છતાં એવો કોઇ દિવસ નહોતો ઊગ્યો જેમાં કોઇએ પોતાની તબીઅતની ફરિયાદ કરી હોય. આ પરથી હમણાં જ એક રશિયન નોવા ઝેમ્બ્લા ત્યાંનાં હવા, પાણી, રજ અને જમીન તપાસવા ગએલો. તેણે જાહેર કર્યું છે કે રોગનાં જંતુઓથી તદ્દન વિમુક્ત કોઇ પ્રદેશ હોય તો નોવા ઝેમ્બ્લા છે.

તેણે મુરબ્બાની એક રકાબી ભરી હવામાં રાખેલી. ઘણા કલાકો બાદ તેને તપાસી પણ એક્કે જંતુ તે પર માલૂમ ન પડ્યો. બીજા પ્રદેશોમાં એ રકાબી જો એમ રાખી હોય તો

એક કલાકમાં તો રોગજંતુઓનાં સંસ્થાન તે પર જામી જાય.

બીજો એથી પણ મોટો એક અખતરો તેણે કરી જોએલો. માંસનો એક કટકો તેણે આઠ માસ સુધી ખુલ્લામાં રાખ્યો હતો છતાં તે પર રોગજંતુની હસ્તી તો તેને પુષ્કળ શોધ્યે પણ ન મળેલી!

નોવા ઝેમ્બ્લા એ મુખ્ય બે ટાપુઓનો બનેલો દ્વીપસમૂહ છે. તેના દક્ષિણ ભાગમાં આશરે સોએક પુરુષો વસે છે જે આ રશિયન વિજ્ઞાનીના કહેવા પ્રમાણે દુનિયાના તંદુરસ્તમાં તંદુરસ્ત લોકો છે.

દેશદેશની ભાષાઓના મૂળાક્ષરોની સંખ્યા

સૅન્ડવિચ ટાપુની ભાષા	૧૨	અરબી ભાષા	૨૮
સેલ્ટિક ,,	૧૭	તુર્કી ,,	૨૮
બર્મીઝ ,,	૧૯	કૉપ્ટિક ,,	૩૨
ઇટાલિયન ,,	૨૧	ફારસી ,,	૩૨
હિબ્રૂ ,,	૨૨	રશિયન ,,	૩૬
સિરિયાક ,,	૨૨	આર્મીનિયન ,,	૩૮
ફૅનિડયન ,,	૨૨	જ્યૉર્જિયન ,,	૩૯
લૅટિન ,,	૨૩	સ્લાવોનિક ,,	૪૦
ગ્રીક ,,	૨૪	સૅનિયન ,,	૪૧
ફ્રેંચ ,,	૨૫	પ્રાચીન મોસ્કોવાઈટ ,,	૪૩
અંગ્રેજી ,,	૨૬	ઝંદ ,,	૪૫
જર્મન ,,	૨૬	સંસ્કૃત ,,	૪૯
ડચ ,,	૨૬	તાતાર ,,	૨૦૨
સ્પૅનિશ ,,	૨૭	આબીસીનિયન ,,	૨૦૮

આ ઉપરાંત ચીનના વતનીઓને કોઇ ચોક્કસ પ્રકારના મૂળાક્ષરો જ નથી, પરંતુ ચિત્રોદ્વારા સમજાવનારા મૂળાક્ષરો લગભગ વીસ હજાર જેટલા છે. એને એક ચિત્રલિપિ (Hieroglyphics) તરીકે પણ ઓળખાવવામાં આવે છે.

જાપાનીઝ ભાષામાં પણ બોતેર પ્રકારના શબ્દોચ્ચાર છે અને તેને સમજાવનારા ૪૮ જેટલા મૂળાક્ષરો છે.

(સંકલિત) —ત્રિભુવન વીરજીભાઇ હેમાણી

અપચાનું એક કારણ

પગારનો વધારો યા તો એવી બીજી ખુશખબરો મળતાં કે એવી જ રીતે બીજી માઠી ખબરો મળતાં કદી તરત જમવા ન બેસી જવું. થાક લાગ્યો હોય યા તો ચિંતાગ્રસ્ત હોતી વખતે પણ જમવા ન બેસવું, કારણ કે એવા બધા આવેશોથી લોહી પેટમાં ઉત્પન્ન થએલા પાચક રસોનો નાશ કરે છે એમ અમેરિકન ડૉ. વૉલ્ટર અલ્વારેઝ જણાવે છે.

પ્યાલા તરીકે ખોપરી

શિકાગોના ફીલ્ડ મ્યૂઝિયમ ઑફ નેચરલ હિસ્ટરીને ડૉ. બર્થોલ્ડ લૉફરે મધ્ય એશિયામાંથી મળેલા કેટલાક નમૂના થોડા વખત પર ભેટ આપેલા. એ નમૂનાઓમાં ખોપરીના બનાવેલા પ્યાલાઓ છે, સાથળનાં લાંબાં હાડકામાંથી બનાવેલી શરણાઇઓ છે, ને ખોપરીના બનેલા કેટલાક તંબૂરાઓ ઉપરાંત હાડકાંની બીજી ઘણી બનાવટો છે.

ત્રાંબા અને પિત્તળની કિનારી જડેલા ખોપરીના પ્યાલા દેવોને હવિષ્ આપવા માટે હોવાનું ડૉ. લૉફર જણાવે છે. ટિબેટમાં હજુ યે દીકરો મરેલા બાપની ખોપરી જાળવી રાખે છે ને તેની સંવત્સરીને દિવસે તેમાં પીણું પીએ છે. કમોતે મરેલાઓનાં પ્રેતોને વિખેરવા તેમનાં સાથળનાં હાડકાંની શરણાઇ બજાવવામાં આવે છે ને તંબૂરાઓ પણ ભુવા લોક એ માટે જ વાપરે છે.

'સરખે માથે સુદામડા'

*** કહેવતોના અર્થ ચર્ચતાં 'કુમાર'ના છેલ્લા પાના પર જણાવેલા અર્થફેર તરફ 'જન્મભૂમિ'ના સાહિત્યવિભાગ 'કલમ અને કિતાબ'માં ધ્યાન ખેંચતાં એના સંપાદક શ્રી ઝવેરચંદ મેઘાણીએ જે લખ્યું છે તે વધારે પ્રમાણભૂત માની આ નીચે ઉતારીએ છીએ:

'સરખે માથે સુદામડા'—'સમે માથે સુદામડા'નો મર્મ જુદો છે. જૂના કાળમાં સુદામડા ગામ પર મિયાણાઓનું પાળ (સૈન્ય) ચડી આવ્યું હતું. ગામના દરબાર ટક્કર ઝીલે તેમ નહોતું. આખી વસતી તે વખતે એકત્રિત બની. ભવિષ્યમાં સુદામડાની જમીન સર્વને માથાદીઠ સરખે ભાગે વહેંચાય, ને સર્વકોઇ પ્રજાજનના અધિકાર એકસરખા રહે તેવો કરાર કરીને આખી વસતી શત્રુઓ સામે ઝૂઝી અને જીતી હતી. ઢેડો સુદ્ધાં લડવામાં શામિલ હતા. સુદામડા 'સમે માથે' વહેંચાયું હતું. 'ટકે શેર ભાજી' વાળી કહેવતને આના સમાન અર્થની કેમ જ ગણાવાય?

પ્લાસ્ટિક યુગ

આજથી લગભગ પચીસ કે ત્રીસ હજાર વર્ષ પહેલાં વાસ્તવિક મનુષ્ય હસ્તીમાં આવ્યો. તેની હસ્તી સાથે જ તેની સંસ્કૃતિનો પણ જન્મ થયો. એ સંસ્કૃતિનું પહેલું પાદચિહ્ન ઈ. પૂ. દસ હજાર વર્ષ પહેલાં શરૂ થયું અને તે પાષાણના ઉપયોગની શોધ. માનવીનો વંશવેલો ત્યારે વિસ્તર્યો હતો અને સૂર્ય તથા નાગ પૂજક લોકો યુરોપ, અમેરિકા ચીન ને ભારતમાં ફેલાયા હતા. એ યુગને પુરાતત્ત્વવેત્તાઓ પાષાણયુગ—flint age કહે છે

બીજું પાદચિહ્ન તે ત્રાંબાનો આવિષ્કાર. મોહેંજો ડેરો સંસ્કૃતિથી લગભગ એક હજાર વર્ષ પહેલાં એટલે ઇ. પૂ. ૪૦૦૦ વર્ષ પર ત્રાંબાની શોધ ગણી શકાય. નવાઇ જેવું તો એ છે કે આજે આટલા વિપુલ પ્રમાણમાં વપરાતું લોખંડ તો ઈ. પૂ. ૧૦૦૦ વર્ષ પર એટલે કે ભગવાન બુદ્ધથી માત્ર સાડા ચારસો વર્ષ પર જ શોધાએલું છે. જો કે તેની હસ્તી અને તેનો ઉપયોગ ઓગણત્રીસ સૈકાઓ થયાં માનવ જીવનમાં ઉત્તરોત્તર વિશિષ્ટ ને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કરતાં ગયાં છે પણ વિકાસના ઇતિહાસમાં તેણે સંસ્કૃતિ ઘડવાનું કામ તો છેલ્લા

દોઢેક સૈકાથી જ શરૂ કર્યું. છેવટે ઓગણીસમી સદીમાં તો તેનો ઉપયોગ એટલો વિસ્તર્યો કે અગાઉનો પહેલો પાષાણ-યુગ, અને બીજો તામ્રયુગ, તેમ ગઇ સદીના અંતભાગ સુધીના કાળને લોહયુગનું નામ અપાએલું છે.

અને હવેના રચાતા યુગને કદાચ 'પ્લાસ્ટિક યુગ'નું જ નામ મળે! પ્લાસ્ટિક એટલે રાસાયણિક મિશ્રણોનું એકીકરણ એ નામ આપવાનું કારણ એ છે કે કારીગર જે રૂપમાં ઇચ્છે એ રૂપમાં તેને મૂર્ત કરી શકે છે. માત્ર છેલ્લાં દસેક વર્ષથી જ તેનો ઉપયોગ ચાલુ થયો છે, પણ બે હજાર કરતાં યે વધારે સાધનો તેમાંથી ઘડી કાઢવામાં આવ્યાં છે. આમાંનો એક તો બનાવટી કાચ છે જે કોરી શકાય છે; અને બીજું બેકેલાઇટ, જેનો ઉપયોગ વીજળીની અસર થવા ન દે એવાં સંરક્ષક સાધનો તરીકે થાય છે. આ પ્લાસ્ટિકને વિવિધ મનોહર રંગોમાં નીપજાવી શકાય છે. ઘરકામનાં સાધનો પણ આજે ધાતુને બદલે પ્લાસ્ટિકનાં જ બનવા માંડયાં છે એટલે સંસ્કૃતિના વિકાસમાં એ પોતાના યુગનું નામ મૂકતું જાય તો નવાઈ નહિ!

'ડચ' શબ્દ પર પ્રતિબંધ

અંગ્રેજી ભાષામાં આજ સુધી પુષ્કળ રીતે પ્રચલિત થએલા 'ડચ ઈસ્ટ ઇન્ડીઝ', 'ડચ ગિયાના' ઈત્યાદિ શબ્દપ્રયોગો ખોટા છે એમ 'ધ હાગ' નામના પત્રમાં જાહેર કરવામાં આવ્યું છે પરિણામે 'ધ નૅશનલ જિયૉગ્રાફિક સોસાએટી' તરફથી પ્રગટેલી એક પત્રિકાદ્વારા સત્તાવાર રીતે હૉલંન્ડની સરકારે એ શબ્દના પ્રયોગને માટે પ્રતિબંધ કરવાનું એક ફરમાન પણ કાઢ્યું છે. તેથી હાલમાં 'ઇસ્ટ ઇન્ડીઝ' ટાપુઓમાં આવેલાં હૉલંન્ડનાં સંસ્થાનો 'નેધરલૅન્ડ ઇન્ડિયા'ના નામથી ઓળખાય છે તથા 'ડચ ગિયાના'નું જાણીતું નામ ફેરવીને તેને 'સુરીનામ' (Surinam)નાં નવા નામથી ઓળખાવવામાં આવે છે.

—ત્રિ. વી. હેમાણી

ઘોંઘાટથી સંરક્ષણ

વિલાયતની એક રૂની મીલના ઘોંઘાટી શાળખાતાના કારીગરોને એક એવી જાતનાં કાનરક્ષણીઆં પહેરાવવામાં આવેલાં કે જેથી શાળખાતાના ઘોંઘાટનો જુસ્સો નરમ પડતો જણાયો અને આ કમી થતા ઘોંઘાટને પરિણામે, ખુલ્લા કાન રાખી ઘોંઘાટી વાતાવરણમાં કામ કરતા કારીગરો કરતાં સાડા સાત ટકા જેટલું વધારે કામ કારીગરો આપતા જણાયા. કામ કરવાની શકિત અને વેગ ઘોંઘાટથી ઘટે છે એનું આ સરસ ઉદાહરણ છે.

વિકસતું વિજ્ઞાન

નાની સરખી ભૂલ પણ કેવાં મહત્ત્વનાં પરિણામો લાવે છે! અમેરિકાની એક પ્રયોગશાળામાં કેટલાક કેમિસ્ટો રસાયણોના એક મિશ્રણમાંથી રંગ બનાવી રહ્યા હતા. ઘણી મહેનત બાદ જ્યારે રંગનો એક જ ટકો મળી શકશે એમ લાગ્યું ત્યારે પટાવાળાને એ મિશ્રણ હલાવવાનું સોંપી તેઓ ચાલ્યા ગયા. બીજે દિવસે આવીને જુએ છે તો મિશ્રણ નવાણું ટકા રંગ આપે એવું લાગ્યું! ફરી એ જ જાતનું મિશ્રણ બનાવી તેમણે ખૂબ હલાવ હલાવ કર્યું, પણ રંગ એક ટકાથી વધુ મળી શકે એમ ન લાગ્યું. છેવટ પટાવાળાને ખૂબ પૂછપરછ કરતાં તેણે જણાવી દીધું કે મનાઇ હોવા છતાં તેણે પ્રયોગશાળામાં સીગારેટ પીધેલી ને બેદરકારીથી થોડી રાખ એ મિશ્રણમાં પડી ગએલી. સાબિતી માટે નવા મિશ્રણમાં તેમણે સીગારેટની રાખ નાખી જોઇ ને તરત જ નવાણું ટકા રંગ મિશ્રણ પર તરી આવ્યો! પટાવાળાની એ નજીવી ભૂલે કેટલો ફાયદો કરી આપ્યો ગણાય? અલબત્ત, સીગારેટની રાખ જ હવે એ મિશ્રણમાં નથી વપરાતી, પણ તેમાં જણાએલો ક્ષાર જ ઉપયોગમાં લેવામાં આવે છે.

અવાજમાં પણ ગરમી હોય છે એ તમે જાણો છો? મોટો ઘાટો કાઢીને એક ઇંડું પકવવાનો દાખલો તો થોડા જ વખત પર બહાર આવેલો. એક વિજ્ઞાની કહે છે કે ફૂટબૉલ રમતી ટીમના ગોકીરામાં બધી મળી એટલી ગરમી હોય છે કે એક કપ ચા ઉકાળી શકાય!

એકાદ ઝડપી વાહનમાં બેસીને આપણે ધારી લઇએ છીએ કે આપણે અતિ ત્વરાથી ગતિ કરી રહ્યા છીએ. પણ આપણા ઘરમાં જ બેઠાં કે સૂતાં આપણે કલ્પનામાં પણ ન આવે એટલી ગતિએ મુસાફરી કરી રહ્યા છીએ: એક સેકન્ડના સાડા અઢાર માઇલ!

બેશક, એ મુસાફરીનું વાહન તો આપણી પૃથ્વી જ છે. આપણને બેમાલૂમ જતાં આપણે બધાં પૃથ્વી સહિત સૂર્યની આસપાસ એક મિનિટના ૧૧૦૦ માઇલ લેખે મુસાફરી કરીએ છીએ. એ રીતે વર્ષ ભરની આપણી મુસાફરીનો સરવાળો અઠ્ઠાવન કરોડ ને ચાળીસ લાખ માઇલ થાય!

કોલસામાંથી નીપજતો ગૅસ બળતણ તરીકે એટલો તો ફાયદાકારક માલૂમ પડ્યો છે કે ઇટલીની સરકારે ૧૯૩૭ના અંત સુધીમાં મુસાફરીનાં સઘળાં વાહનોમાં એનો ફરજિયાત વપરાશ કરી દેવાનું ફરમાન બહાર પાડયું છે.

વૈજ્ઞાનિકોએ આજ સુધીમાં દરેક પ્રત્યક્ષ વસ્તુનાં માપ, વજન વગેરેની ગણત્રી કરીને દુનિયાને છક કરી દીધી છે. તારાઓનું એકબીજા વચ્ચેનું અને પૃથ્વીથી થતું અંતર કરોડો માઇલોનું માપીને વૈજ્ઞાનિકોએ સામાન્ય બુદ્ધિ થીજી જાય એવા આંકડાઓ રજુ કર્યા છે. પરંતુ તાજેતરમાં જર્મન હવા-માનના (બૅરોમૅટ્રિક) વૈજ્ઞાનિકોએ વાદળાંનું વજન શોધી કાઢ્યું છે, તેથી સૌથી વધુ આશ્ચર્ય ફેલાયું છે! બૅવેરિયામાં રોજનો જે વરસાદ પડે છે તે માપી તેનું વજન કરીને વૈજ્ઞાનિકોએ આખી પૃથ્વી ઉપર દેખાતાં વાદળાંનું વજન નક્કી કર્યું છે અને તે વજન એકસઠ કરોડને આડત્રીસ લાખ રતલ જેટલું એટલે કે આશરે ૨,૭૪,૦૧૮ ટન જેટલું નક્કી થયું છે!

અથાણું

વકીલ: તમો બનાવવાળી જગ્યાથી કેટલે દૂર હતા?

સાક્ષી: બરાબર ચાર વાર, બે ફૂટ ને ચાર ઇંચ.

વકીલ: હેં? એવું ચોક્કસ તમે કેમ કહી શકો?

સાક્ષી: કારણ હું જાણતો જ હતો કે કોઇ મૂર્ખ મને એ સવાલ કરવાનો જ, એટલે તરતજ માપ લઈ લીધું હતું.

∽

વિનુ: બાપા, બાપા!

બાપા: કેમ, વિનુ?

વિનુ: હું તમારાં બાને દાદીમા કહું છું તો પછી તમે મારાં બાને દાદીમા કેમ નથી કહેતા?

∽

ભવિષ્યવેત્તા: તમારી પાસેનો જ કોઇ શખ્સ તમારાથી નિરાશ થશે એવું જણાય છે.

ઘરાકઃ ઓહો, તદ્દન સાચું કહી નાખ્યું. હું પૈસા લાવવા જ ભૂલી ગયો છું!

∽

એક અમેરિકન ઑસ્ટ્રેલિયામાં ફરવા નીકળ્યો. બળદોનું ટોળું ત્યાંથી પસાર થતાં તેણે પાસેના શખ્સને પૂછ્યું, 'આ કયાં જનાવર છે?'

'કેમ? બળદો સ્તો.' જવાબ મળ્યો.

'અમેરિકામાં તો એથી ત્રણગણા મોટા થાય છે!'

ઑસ્ટ્રેલિયન તો તેની સામે જ જોઇ રહ્યો. ત્યાં વળી ઘેટાંનું ટોળું પસાર થતાં પેલાએ પૂછ્યું, 'અને આ જનાવરો?'

'એ ઘેટાંઓ છે.' ઑસ્ટ્રેલિયને કહ્યું.

'હં! હું તો સસલાં ધારતો હતો!'

ઑસ્ટ્રેલિયન હવે પામી ગયો કે તે મહાશય કેટલામાં છે. ત્યાં તો કાંગારૂઓનું ટોળું પસાર થવા લાગ્યું.

'આ વળી શું?' અમેરિકને પૂછ્યું.

'કેમ! એ તો તીડો!! તમારે ત્યાં એ કેવડાં થાય છે?'

અમેરિકને જવાબ ન આપતાં ચાલતી જ પકડી.

તાજા સમાચાર!

દખ્ખણના એક ન્યાયાધીશે એક ગુનેગારને એટલા માટે ફાંસીની સજા કરી છે કે તેને જિંદગીભર એ સજા યાદ રહે!

∽

અમેરિકામાં વધતી જતી આત્મહત્યાઓ સામે ઇલાજ સૂચવતાં કૉંગ્રેસનો એક સભ્ય કહે છે કે, એ આપઘાત કરનારાને કાયદેસર ફાંસીની ભારેમાં ભારે સજા થવી જોઇએ.

∽

ઇંદોરનો એક મારવાડી મરતાં મરતાં, નાહક બળતી રહેલી એક મીણબત્તીને ફૂંક મારી ઓલવતો ગયો છે.

∽

એક મદ્રાસીએ પોતાની ફાંસીની સજા એક દિવસ મોકૂફ રખાવી છે, કારણ તેને સખ્ત સળેખમ થયું છે.

નવાં પુસ્તકો

કાળાપાણીને પેલેપાર (બ્રહ્મદેશના પ્રવાસપત્રો): લેખક–રામનારાયણ નાગરદાસ પાઠક, પ્રકાશક ઈશ્વરલાલ મો. દવે, અંજલિગ્રંથમાળા ડેન્સોહૉલ કરાચી, ૦–૪–૦; **ઉત્તર હિંદુસ્થાની સંગીતની સંક્ષિપ્ત ઐતિહાસિક સમાલોચના:** વ્યાખ્યાતા–પંડિત વિષ્ણુ નારાયણ ભાતખંડે, પ્રકાશક–ગૂજરાત સાહિત્ય સભા અમદાવાદ,૦–૧૦–૦; **શ્રીશુકરંભા આખ્યાન** અથવા **બ્રહ્મચર્ય વિજયઃ** રચનાર પ્રકાશક–રાવસાહેબ પુરુષોત્તમ જોગીભાઇ ભટ્ટ, નાયબદિવાન ખંભાત, ૦–૧૨–૦; **ગૂજરાતી સાહિત્ય પ્રવેશઃ** સંપાદક–ચન્દ્રવદન ચુનીલાલ શાહ, પ્રકાશક–કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ, સુરત, ૦–૧૦–૦; **ગીતા જ્ઞાનકોષ ૧–૨–૩:** સંગ્રાહક–ચંદુલાલ બહેચરદાસ પટેલ બી. એ., ગોંડલ; **હીરક યુગનું નવસારી:** પ્રકાશક દીનશાહ ર. ફ દાબુ, નવસારી; **ધૂપદાનીઃ** લેખક–વિનોદ ભટ્ટ પ્રકાશક–ઈશ્વરલાલ મો. દવે, અંજલિ ગ્રંથમાળા ડેન્સો હૉલ કરાચી, ૧–૦–૦; **મિજાજે ખુશ, આનંદનો દિવ્ય ખજાનો, નિર્દોષ મધુરાં હાસ્યો!** લેખક–હસો બાપલા, પ્રકાશક–ડહાપણ ઑફિસ જામનગર, દરેકની ૦–૧–૦; **ગુજરાતનો બુઝાતો દીપકઃ** લેખક–નર્મદાશંકર વ. દ્વિવેદી, પ્રકાશક–ગુજરાતી પ્રિન્ટિંગ પ્રેસ, એલ્ફિન્સ્ટન સર્કલ કોટ મુંબઇ, ૩–૦–૦; **વગ–ચકોથી બચો:** લેખક–કેશવરામ કા. શાસ્ત્રી, પ્રકાશક–પુષ્ટિસિદ્ધાંત પ્રચાર સમિતિ વીલેપારલે મુંબઇ, ૦–૧–૬; **અકસ્માત સમયે પ્રાથમિક મદદઃ** પ્રકાશક–શ્રી કાઠિયાવાડ વ્યાયામ પ્રચારક મંડળ ભાવનગર, ૦–૪–૦; અમદાવાદ **ગુજરાત સાહિત્ય સભાનો ૧૯૩૫–૩૬ નો વાર્ષિક અહેવાલ:** પ્રકાશક–ગૂજરાત સાહિત્ય સભા અમદાવાદ; **ફોરમ** (દેશનેતાઓ): લેખક–શારદાપ્રસાદ વર્મા, પ્રકાશક–યુગાન્તર કાર્યાલય ગોપીપરું સુરત, ૦–૨–૬; **શિક્ષણ-સંસ્થાઓ** (વિભાગ પહેલો): સંપાદક અને પ્રકાશક–દયાશંકર ભાઇશંકર શુકલ,૧–૦–૦; **માંગરોળ બાલમંદિરનું નિવેદન:** પ્રકાશક–મણિબેન કાપડિયા–બાલમંદિર અમરવિલાસ માંગરોળ; **માંગરોળ વિદ્યાર્થીમંડળનું કાર્યદર્શન:** પ્રકાશક–વીરસુત ત્રિભુવન મહેતા, વિદ્યાર્થીમંડળ માંગરોળ; **શ્રીકૃષ્ણ મંજરી** (માળા બીજી): લેખક–પ્રકાશક–સૌ. ઇન્દુમતિ હ. દેસાઇજી, દેસાઇજીની વાડી ભરૂચ, ૧–૪–૦; **માનસવિજ્ઞાનનો દૃષ્ટિકોણ:** લેખક–ચંદ્રભાઈ કા. ભટ્ટ, પ્રકાશક–કાન્તિકાકા, 'ચાલો પલટીએ' કાર્યાલય એલિસબ્રિજ અમદાવાદ, ૧–૪–૦; **રશિયન નારી**: લેખક–ચંદ્રભાઇ કા. ભટ્ટ, પ્રકાશક–ઉપર પ્રમાણે, ૦–૧૦–૦; **ગુજરાતી હિંદુ સ્ત્રીમંડળ, મુંબઇ:** સને ૧૯૩૩ થી ૧૯૩૫ સુધીનો રિપોર્ટ; **ઝાંસીની રાણી:** લેખક–પંડિત શ્રીરામ શર્મા બી. એ, પ્રકાશક–સૈનિક પુસ્તક ભંડાર આગરા, ૦–૨–૦; **દેશદીવાન:** લેખક–ગુણવંતરાય આચાર્ય, પ્રકાશક–પ્રજાબંધુ પ્રિન્ટીંગ વર્કર્સ ખાડિયા અમદાવાદ.

ક્લેમન્ટ ચૌદમાને પોપની ગાદી મળી ત્યારે પોતાને મળવા આવેલા દેશવિદેશના રાજામહારાજા ઝૂકીને સલામ કરતા તેમને તે પણ એમ નમન કરતો. એ જોઇ એના બક્ષીએ કહ્યું કે 'આપે એ લોકોને વળતી સલામ કરવાની હોય નહિ.' એ સાંભળી પોપે કહ્યું 'સમજ્યો; માફ કરજો. પોપની ગાદીએ બેઠાં મને બહુ વખત નથી થયો એટલે હું હજી સારી રીતભાત ભૂલી ગયો નથી.'

ગણિત ગમ્મતઃ ચાર પાંચડાની રમત

$૫(\frac{૫}{૫}+\frac{૫}{૫}) = ૧૦$

$\frac{૫}{૫}+૫+૫ = ૧૧$

$(૫×૫×૫)-૫=૧૨$

$(૫×૫×૫)+૫=૧૩$

અનેકાર્થી શબ્દઃ નંદ=વાણિયો; દેડકો; ધૃષ્ટ, પક્કો માણસ; સંગીતનો એક અલંકાર; આનંદ; કૃષ્ણને ઉછેરનાર ગોકુલનો એક મુખી; મગધનો એક પ્રાચીન રાજવંશ

સ્વિટ્ઝર્લૅંડમાં બે ઝાડ વાવે તેને જ એક ઝાડ કાપવાની રજા છે.



એથીઓપિયા (આબીસીનિયા) સર કરીને ઇટાલીએ તેના શહેનશાહ તરીકે પોતાના રાજા વિક્ટર ઇમૅન્યુઅલની છાપવાળી કાઢેલી ટપાલની ટિકિટ.


ડુંગળીના કાંદા પર ઊકળતું પાણી રેડી, એ ઠરે એટલે જ્યાં માખીઓનો ભય હોય ત્યાં લગાડવાથી એક પણ માખી બેસતી નથી.

માણસ સિવાય વધુમાં વધુ અક્કલ ધરાવતાં નીચેનાં દશ પ્રાણીઓ ન્યૂયૉર્ક ઝૂઑલૉજિકલ ગાર્ડન્સના ડિરેક્ટરે જણાવ્યાં છેઃ શિમ્પાન્ઝી વાંદરો, ઉરાંગ-ઉટાંગ, હાથી, ગોરિલા, કૂતરો, બીવર, ઘોડો, દરિયાઇ ઘોડો, રીંછ અને બિલાડી.

દૂરબીન જર્મનીમાં ૧૫૯૦માં શોધાયું.



પ્રાગૈતિહાસિક કાળમાં આપણી પૃથ્વી પર વસતાં અનેક મહાકાય પ્રાણીઓમાંના પાંત્રીસ ટનની કાયા ધરાવતાં આ સ્ટેગૉસૉરસ પ્રાણીને બે મગજ હતાં. એક તેના માથામાં ને બીજું પૂછડીમાં. દ્વિધા છતાં એ નાનામાં નાનું મગજ હતું—પાંચ ઔંસનું.



૭૮૨૫ અક્ષર લખેલો કાર્ડ-લખનાર: રામદાસ જેઠાભાઇ વાલજી ઉદેશી જામખંભાળિયા